અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 24 જુલાઈ 2026 શુક્રવાર
વિક્રમ સંવત 2082, અષાઢ સુદ -11

વર્ષ : 18
અંક : 25

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ


કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  ઈરાન યુદ્ધ વચ્ચે અમેરિકાનો સાઉદી સાથે પરમાણુ કરાર: ઈઝરાયલના વિરોધ છતાં ટ્રમ્પની મંજૂરી, નિષ્ણાતોએ....

4  લોકોને દિલ્હીમાં સંસદ સત્ર કરતા આંદોલનકારીઓમાં વધારે રસ

6  ભારતીય ટીમને મોટો ઝટકો, ડોપ ટેસ્ટમાં ફેલ થયો આ ખેલાડી, કોમનવેલ્થ ગેમ્સમાંથી બહાર

7  સોનું ₹274 વધીને ₹1.46 લાખ પર પહોંચ્યું: 4 દિવસમાં સોનું ₹4,398 મોંઘું થયું, ચાંદી ₹360 વધીને ₹2.26 લાખ પર પહોંચી


### આંદોલન સિવાય બીજા વિષયને લઈને પણ સરકાર ચર્ચા માટે તૈયાર

# સરકાર વિદ્યાર્થીઓ સાથે વાતચીત માટે તૈયાર છે : જિતેન્દ્ર સિંહ

### અમે વિદ્યાર્થીઓને કહેવા ઈચ્છીએ છીએ કે તમે ગમે ત્યારે ચર્ચા કરવા ઈચ્છો તમારી સુવિધાનુસાર અમે ચર્ચા કરવા તૈયાર છીએ : કેન્દ્રીય મંત્રી

નવી દિલ્હી, તા.23

નીટ પેપર લીક મુદ્દા પર રોડથી લઈને સંસદ સુધી રાજનીતિ ગરમાઈ ગઈ છે. જંતર-મંતર પર સીજેપી શિક્ષણ મંત્રીના રાજીનામાની માગ કરી રહી છે. આ વચ્ચે કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે કહ્યુ કે વિદ્યાર્થીઓ જ્યાં ઈચ્છશે સરકાર વાતચીત માટે તૈયાર છે. તેમણે કહ્યું કે વાતચીતથી જ સમસ્યાનું સમાધાન થશે.



જિતેન્દ્ર સિંહે કહ્યુ- સરકાર તરફથી આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓને અપીલ કરુ છું. સરકાર તરફથી અમે ચર્ચા માટે તૈયાર છીએ. સરકારના દરવાજા ખુલ્લા છે. અમે વિદ્યાર્થીઓને કહેવા ઈચ્છીએ છીએ કે તમે ગમે ત્યારે ચર્ચા કરવા ઈચ્છો તમારી સુવિધાનુસાર અમે ચર્ચા કરવા તૈયાર છીએ. આંદોલન સિવાય બીજા વિષયને લઈને પણ સરકાર ચર્ચા માટે તૈયાર રહેશે.

તેમણે કહ્યું- વિદ્યાર્થીઓ ચર્ચા માટે જેટલો સમય માંગશે અમે આપવા માટે તૈયાર છીએ. ચર્ચામાં દેશના સ્વાસ્થ્ય મંત્રી જેપી નડ્ડા અને તેમની સાથે હું રહીશ. ધીમે-ધીમે અમે ચર્ચા કરી સમાધાન તરફ વધી શકીએ અને સમાધાનથી નવો રસ્તો નક્કી થઈ શકે છે. જ્યાં તમે કહો... જેપી નડ્ડાના આવાસ પર કહો કે તેમની ઓફિસમાં તો ત્યાં ચર્ચા થઈ શકે છે. અમારા માટે આ પ્રતિષ્ઠાનો સવાલ નથી. વિદ્યાર્થીઓ અને તેમના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરવા માટે સરકાર તરફથી ચાર વખત પ્રસ્તાવ આપવામાં આવ્યો છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું- પ્રધાનમંત્રી મોદી આ મામલાને લઈને ખુદ સંવેદનશીલ છે. તેમણે સવારે પોતાના નિવેદનમાં કહ્યું કે તેઓ સૌથી વધુ પ્રાથમિકતા યુવાઓના હિતને આપે છે. તેનાથી પ્રેરિત થઈને તેમણે નિર્ણય કર્યો કે જેટલા પેપરલીકના દોષી હશે તેનો કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવી સજા આપવામાં આવશે.

હું ફરી વિનમ્રતા સાથે અપીલ કરું છું કે આવો બેસો ચર્ચા કરો અને આ મુદ્દા પર ઈમાનદારીથી એક માર્ગ શોધો.

આ પહેલા કોકરોચ જનતા પાર્ટીએ સ્પષ્ટ કહ્યું હતું કે અમે સરકારની સામે પોતાની માગ રાખી છે. જો તેમણે વાત કરવી છે તો તેમણે ખુદ જંતર-મંતર પર આવવું પડશે. સીજેપીના પ્રતિનિધિમંડળે કેન્દ્રીય મંત્રીના આવાસ પર વાતચીત કરવાનો ઈનકાર કર્યો. જેપી નડ્ડાએ કહ્યુ- સીજેપી પ્રદર્શનકારીઓ સાથે સરકાર દરેક સમયે વાતચીત માટે તૈયાર છે, પરંતુ વાતચીત અમારા આવાસ પર કે મંત્રાલયમાં થઈ શકે છે. બાકી જગ્યા પર વાતચીતનું મહત્વ રહેતું નથી. કાલથી અત્યાર સુધી ચાર વખત વાતચીત માટે આમંત્રણ આપવામાં આવ્યું છે, પરંતુ તેમના તરફથી જવાબ આવ્યો નથી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સંવેદનશીલતાનો ઉલ્લેખ કરતાં કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, પીએમ યુવાનોના હિતોને હંમેશા પ્રાધાન્ય આપે છે. સવારે પોતાના સંબોધનમાં પણ પ્રધાનમંત્રીએ આ જ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. સરકારે નિર્ણય લીધો છે કે પેપર લીકના કેસોને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવામાં આવશે જેથી જલદી અને નિર્ણાયક કાર્યવાહી થઈ શકે.

### સરકારની ઓફર પર કોકરોચ જનતા પાર્ટીનો જવાબ

# વાત કરવી હોય તો જંતર-મંતર આવો

**■ CJPના નેતા આશુતોષ રાંકાએ સ્પષ્ટ કર્યું છે કે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી. નડ્ડાના ઘર કે મંત્રાલયમાં કોઈ બેઠક નહીં થાય**

નવી દિલ્હી, તા.23

NWWT પેપર લીક મુદ્દે વિરોધ કરી રહેલી કોકરોચ જનતા પાર્ટી (CJP) અને કેન્દ્ર સરકાર વચ્ચે વાતચીતને લઈને મડાગાંઠ યથાવત છે. એક તરફ સરકાર આ વિવાદનો ઉકેલ લાવવા ચર્ચા માટે અપીલ કરી રહી છે, તો બીજી તરફ CJPએ પોતાની શરતો મૂકીને શુક્રવારે દેશવ્યાપી પ્રદર્શનની જાહેરાત કરી છે.



CJPના નેતા આશુતોષ રાંકાએ સ્પષ્ટ કર્યું છે કે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી. નડ્ડાના ઘર કે મંત્રાલયમાં કોઈ બેઠક નહીં થાય. તેમણે ટ્વિટર (X) પર લખ્યું કે, કોઈ મીટિંગ નડ્ડાજીના ઘરે નહીં થાય. બેઠક કાં તો જંતર-મંતર પર અથવા કોઈ તટસ્થ સ્થળે યોજવી પડશે. આ વખતે માત્ર ઔપચારિક વાતો કે હવાબાજી નહીં ચાલે. તેમણે ઉમેર્યું કે સરકારે CJPની માંગણીઓ પર ઠોસ વાતચીત કરવી પડશે અને માંગો પૂરી કરવા માટે ચોક્કસ સમયમર્યાદા આપવી પડશે. આ પહેલાં કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે સરકારે CJP સાથે ચર્ચા કરવા માટે ૪ ઔપચારિક પ્રસ્તાવો મોકલ્યા છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે તેઓ યુવાનો સાથે વાતચીત કરવા માટે હંમેશા તૈયાર છે. મંત્રીના જણાવ્યા મુજબ, વાતચીત જે.પી. નડ્ડાના કાર્યાલય કે નિવાસસ્થાને થઈ શકે છે અને સરકાર આ મુદ્દે સ્થળને લઈને કોઈ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી રહી નથી.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે. પી. નડ્ડાએ પણ ચર્ચા માટે તત્પરતા દર્શાવતા કહ્યું કે, હા, અમે તૈયાર છીએ. અમારા નિવાસસ્થાને કે અધિકૃત કાર્યાલયે આવો. જોકે, બંને પક્ષો પોતપોતાના વલણ પર અડગ હોવાથી વાતચીતનો મામલો ગૂંચવાયેલો રહ્યો છે.

# પેપર લીક મામલે રાજકારણ ગરમાયું: 26 જુલાઈએ મુંબઈમાં રસ્તા પર ઊતરશે ઠાકરે બંધુઓ......

મુંબઈ, તા.23

મહારાષ્ટ્રમાં વિદ્યાર્થી આંદોલન વચ્ચે શિવસેના યુબીટીના વડા ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(MNS)ના વડા રાજ ઠાકરેએ 26 જુલાઈએ મુંબઈમાં સંયુક્ત મોરચો કાઢવાની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે, આ મોરચો વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓનો રોષ સરકાર સુધી પહોંચાડવા માટે યોજવામાં આવશે.



મુંબઈમાં યોજાયેલી સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, સરકાર વિદ્યાર્થીઓ સાથે ક્રૂરતાપૂર્વક વર્તી રહી છે, પરંતુ હવે વિદ્યાર્થીઓ કોઈનાથી ડરવાના નથી. બીજી તરફ રાજ ઠાકરેએ જણાવ્યું કે વિદ્યાર્થીઓનું આંદોલન હવે મોટું સ્વરૂપ લઈ ચૂક્યું છે, જેના કારણે સરકાર બેકફૂટ પર આવી ગઈ છે અને તે માંગણીઓને અવગણના કરી શકે નહીં.

રાજ ઠાકરેએ ચેતવણી આપતાં કહ્યું કે 'અમારા શાંતિપૂર્ણ પ્રદર્શનમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરનારાઓને બક્ષવામાં નહીં આવે.' બંને નેતાઓએ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને મોટી સંખ્યામાં આ મોરચામાં જોડાવા અપીલ કરી છે.

માર્ચ 2026માં NEET પેપર લીક થવાને કારણે રદ થયા હતા. ત્યારબાદ 20 જૂનથી જંતર-મંતર પર CJPનું આંદોલન શરૂ થયું હતું, જેમાં 28 જૂનથી સોનમ વાંગચુક પણ જોડાયા હતા. CJPએ 20 જુલાઈએ 'સંસદ ચલો માર્ચ'નું નેતૃત્વ કર્યું હતું, તે દરમિયાન પોલીસે વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કર્યો હતો.

બીજી તરફ, ગુરુવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આશ્વાસન આપ્યું હતું કે, પેપર લીકના તમામ કેસોમાં દોષિતોને વહેલી તકે કડક સજા થાય તે માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરવામાં આવશે.

### વડાપ્રધાન મોદીની જાહેરાત બાદ પણ વિપક્ષ મક્કમ

# ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સિવાય કંઇ ચલાવી નહીં લેવાય

### રાહુલ ગાંધીએ PM પર શિક્ષણ વ્યવસ્થા બરબાદ કરવાનો આરોપ લગાવ્યો : પ્રિયંકા ગાંધીએ લાઠીચાર્જની નિંદા કરી

નવી દિલ્હી, તા.23

દેશભરમાં પેપર લીક, શિક્ષણ વ્યવસ્થામાં ભ્રષ્ટાચાર અને રોજગારીના મુદ્દે રોડથી લઈને સંસદ સુધી સંગ્રામ છેડાઈ ગયો છે. આ તમામ વિરોધ પ્રદર્શનો વચ્ચે પીએમ મોદીએ પેપર લીકમાં સંકળાયેલા દોષિતોને વહેલામાં વહેલી તકે કડકમાં કડક સજા અપાવવાનું વચન આપ્યું છે. સોશિયલ મીડિયા પર માહિતી આપતાં પીએમ મોદીએ જણાવ્યું હતું કે યુવાનોના ભવિષ્ય સાથે રમત રમનારા કોઈ પણ વ્યક્તિને બક્ષવામાં આવશે નહીં અને આવા કેસોના ઝડપી નિકાલ માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટ્સની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, પીએમ મોદીના આ નિર્ણય બાદ પણ પ્રદર્શનકારીઓ અને વિરોધ પક્ષો પોતાની માગણીઓ પર અડગ રહ્યા છે.



વિદ્યાર્થી આંદોલનની આગેવાની કરી રહેલી કોકરોચ જનતા પાર્ટી(CJP) અને તેના સંસ્થાપક અભિજિત દીપકેએ આ નિર્ણય બાદ પણ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ દોહરાવી છે.

બીજી તરફ, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પીએમ મોદી પર સીધો હુમલો કરતાં આરોપ લગાવ્યો હતો કે દેશની શિક્ષણ વ્યવસ્થાને બરબાદ કરવા અને યુવાનોના ભવિષ્યને નુકસાન પહોંચાડવા માટે પીએમ પોતે જવાબદાર છે. તેમણે શિક્ષણ મંત્રીને પદ પરથી હટાવવા, પીએમ વિદ્યાર્થીઓની માફી માંગે અને હિંસા કરનારાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માગણીઓ ફરી રજૂ કરી હતી. આ સાથે જ કોંગ્રેસ નેતા જયરામ રમેશે પીએમ પર સંસદમાં ચર્ચાથી ભાગવાનો આરોપ લગાવ્યો હતો.

સમાજવાદી પાર્ટીના સાંસદ રામગોપાલ યાદવે સવાલ ઉઠાવ્યો હતો કે ભાજપના શાસનમાં કેટલા પેપર લીક થયા અને કેટલા લોકો સામે કાર્યવાહી થઈ? તેમણે નિર્દોષ વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરનારાઓ સામે પણ વિરોધ નોંધાવ્યો હતો. આ સિવાય કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ જણાવ્યું હતું કે દેશના હજારો વિદ્યાર્થીઓ દિલ્હીના જંતર-મંતર અને ઈન્ડિયા ગેટ પર વિરોધ કરી રહ્યા છે અને તેમનો સિસ્ટમ પરથી ભરોસો ઊઠી ગયો છે.

જો સરકાર ખરેખર વિદ્યાર્થીઓની ચિંતા કરતી હોય તો તેમના પર લાઠીચાર્જ અને ટીયર ગેસ શા માટે છોડવામાં આવ્યા? સરકારે આ ડર છોડીને વિદ્યાર્થીઓ સાથે વાત કરવી જોઈએ અને તેના પ્રથમ પગલા રૂપે શિક્ષણ મંત્રીનું રાજીનામું લેવું જોઈએ.




# ગુજરાતની ITIમાં મેગા અપગ્રેડેશન: 177 પ્રોજેક્ટ્સનું કામ પ્રગતિમાં, 114 નવા પ્રોજેક્ટ્સ શરૂ થશે, તરસાલીમાં નવો વર્કશોપ અને ખેડબ્રહ્મામાં હોસ્ટેલ બનશે

**ગાંધીનગર, તા.23**

ગુજરાતની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITI)ને આધુનિક અને રોજગારલક્ષી બનાવવા રાજ્ય સરકારે મેગા અપગ્રેડેશન હાથ ધર્યું છે. રાજ્યભરમાં ITIની નવી ઈમારતો, વર્કશોપના બાંધકામ તેમજ રિપેરિંગ-રિનોવેશન સહિત કુલ 177 માળખાકીય પ્રોજેક્ટ્સ હાલ પ્રગતિ હેઠળ છે. જ્યારે વર્ષ 2026-27માં વધુ 114 નવા પ્રોજેક્ટ્સ શરૂ કરવાની રાજ્ય સરકારની યોજના છે. બદલાતી ઔદ્યોગિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને યુવાનોને 'ન્યુ એજ' સ્કિલ્સની તાલીમ આપવા માટે પણ રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે.



ગાંધીનગર ખાતે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠક બાદ કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, હાલ ચાલી રહેલા 177 પ્રોજેક્ટ્સમાંથી 128 પ્રોજેક્ટ્સ સક્રિય અમલીકરણના તબક્કામાં છે, જ્યારે 48 પ્રોજેક્ટ્સ પ્રિ-એક્ઝિક્યુશન પ્રક્રિયામાં છે. આગામી વર્ષના આયોજનમાં અમરેલી ITIમાં મલ્ટીસ્ટોરી બિલ્ડિંગ, તરસાલીમાં નવા વર્કશોપ અને ખેડબ્રહ્મા ITIમાં હોસ્ટેલ જેવા મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મંત્રી બાવળિયાએ તમામ માળખાકીય પ્રોજેક્ટ્સ ગુણવત્તા જાળવીને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા અધિકારીઓને સૂચના આપી હતી. આ સાથે જ અંતરિયાળ વિસ્તારોમાં રહેતા શ્રમિકો સુધી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ સમયસર પહોંચે તે માટે પણ ભાર મૂક્યો હતો. બાંધકામ સાઈટ અને કારખાનાઓમાં કામ કરતા શ્રમિકોની સલામતી અને સ્વાસ્થ્ય અંગે વિશેષ ધ્યાન આપવા પણ સૂચના આપવામાં આવી હતી.

રાજ્ય મંત્રી કાંતિલાલ અમૃતિયાએ જણાવ્યું હતું કે, ITIમાં દિવ્યાંગ તાલીમાર્થીઓ માટે રેમ્પ, ટેક્ટાઈલ ફ્લોરિંગ, બ્રેઈલ માર્કિંગ અને દિવ્યાંગમૈત્રી શૌચાલય જેવી સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. આ ઉપરાંત મુસાફરી ભથ્થું, આધુનિક ફાયર સેફ્ટી, ડિજિટાઈઝેશન અને રોજગારવાંચ્છુઓ માટે અનુબંધમ પોર્ટલ જેવી સુવિધાઓ દ્વારા વિદ્યાર્થીઓને વધુ સક્ષમ બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

આ બેઠકમાં રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગુજરાત સ્કિલ ડેવલોપમેન્ટ મિશન, કૌશલ્ય-ધ સ્કિલ યુનિવર્સિટી, શ્રમ આયુક્ત કચેરી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન તથા ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડની વિવિધ યોજનાઓની ભૌતિક અને નાણાકીય પ્રગતિની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

વિભાગના સચિવ લોચન સહેરાએ વહીવટી પ્રક્રિયાઓને વધુ ઝડપી, ટેકનોલોજી આધારિત અને પરિણામલક્ષી બનાવવા માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે સંયુક્ત સચિવ તેજસ સોનીએ નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન, નમો કૌશલ્ય લક્ષ્મી યોજના, તાલીમ સહાય, રોજગાર ભરતીમેળા સહિતના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પો અંગે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

# દક્ષિણ ગુજરાતમાં મેઘતાંડવ વચ્ચે CM એક્શન મોડમાં: થોડી વારમાં SEOC પહોંચશે, રેડ એલર્ટવાળા જિલ્લાઓની કરશે સમીક્ષા

**ગાંધીનગર, તા.23**

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ અને રેડ એલર્ટની સ્થિતિને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એક્શન મોડમાં આવી ગયા છે. મુખ્યમંત્રી થોડી જ વારમાં ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) ખાતે પહોંચશે અને પોતાની અધ્યક્ષતામાં દક્ષિણ ગુજરાતમાં વરસાદની સ્થિતિ તથા તંત્રની તૈયારીઓની ઉચ્ચસ્તરીય સમીક્ષા કરશે.



ભારે વરસાદથી પ્રભાવિત સુરત, વલસાડ અને નવસારી સહિતના વિસ્તારોની સ્થિતિ અંગે મુખ્યમંત્રી અધિકારીઓ પાસેથી વિગતવાર માહિતી મેળવશે. આ દરમિયાન ભારે વરસાદથી પ્રભાવિત જિલ્લાઓના કલેક્ટરો સાથે પણ મુખ્યમંત્રી સીધી વાતચીત કરી શકે છે અને જમીની સ્થિતિની જાણકારી મેળવશે.

મુખ્યમંત્રીએ વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને નાયબ મુખ્યમંત્રી તેમજ મંત્રી નરેશ પટેલને અસરગ્રસ્ત ત્રણેય જિલ્લાઓમાં પહોંચીને સ્થિતિની સમીક્ષા કરવા સૂચના આપી છે. સ્થાનિક વહીવટી તંત્ર સાથે સંકલન કરીને રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરવા પણ તેમને જવાબદારી સોંપવામાં આવી છે.

સરકાર દ્વારા મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન કમિશનર રેમ્યા મોહન અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ કમિશનર આલોક પાંડેને પણ અસરગ્રસ્ત વિસ્તારોમાં જવા આદેશ આપવામાં આવ્યો છે. બંને અધિકારીઓ સ્થાનિક તંત્ર સાથે સંકલન કરીને સ્થિતિનું નિરીક્ષણ કરશે.

જે જિલ્લાઓમાં હવામાન વિભાગ દ્વારા રેડ એલર્ટ આપવામાં આવ્યું છે, તે તમામ જિલ્લાઓના પ્રભારી સચિવોને તાત્કાલિક પોતાના જિલ્લામાં પહોંચવા આદેશ કરાયો છે. પ્રભારી સચિવો જિલ્લા તંત્ર સાથે સંકલન કરીને વરસાદની સ્થિતિ, નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ તેમજ રાહત-બચાવ કામગીરીની સમીક્ષા કરશે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને પગલે રાજ્ય સરકાર દ્વારા વહીવટી તંત્રને સંપૂર્ણ એલર્ટ પર રાખવામાં આવ્યું છે અને મુખ્યમંત્રી પોતે સમગ્ર સ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

## દિલ્હીના જંતર-મંતરના આંદોલનની ગુજરાતમાં એન્ટ્રી: 25મીએ ગાંધીનગરમાં યુવાનોને એકઠા થવા AAPનું આહ્વાન

### NEET પેપર લીક મુદ્દે સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલનની જાહેરાત

**ગાંધીનગર, તા.23**

દિલ્હીના જંતર-મંતર ખાતે NEET પેપર લીક મામલે ચાલી રહેલા વિદ્યાર્થીઓના આંદોલનના સમર્થનમાં હવે ગુજરાતમાં પણ વિરોધના શંખનાદ વાગ્યા છે. આમ આદમી પાર્ટી (AAP) દ્વારા દેશભરના વિદ્યાર્થીઓના ભવિષ્યની સુરક્ષા અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે આગામી 25 જુલાઈએ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે વિશાળ આંદોલનની જાહેરાત કરવામાં આવી છે.



AAP નેતા પ્રવિણ રામે ગુજરાતના યુવાનો અને વિદ્યાર્થીઓને વિરોધ પ્રદર્શિત કરવા ખાસ હાકલ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, 'દિલ્હીના જંતર-મંતર ખાતે ચાલતા વિદ્યાર્થી આંદોલનની આગ હવે ગુજરાત સુધી પહોંચી છે. રાજ્યના તમામ યુવાનો આજે પોતાની કોલેજોમાં કાળી પટ્ટી બાંધીને વિરોધ નોંધાવે અને ૨૫ જુલાઈએ મોટી સંખ્યામાં ગાંધીનગર પહોંચે.' AAP ગુજરાત મહિલા મોરચાના પ્રમુખ પાયલ સાકરિયાએ દિલ્હીમાં વિદ્યાર્થીઓ પર થયેલા પોલીસ એક્શન અંગે ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, દિલ્હીમાં છેલ્લા ત્રણ દિવસથી શાંતિપૂર્ણ આંદોલન કરી રહેલા નિર્દોષ વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરવામાં આવ્યો છે અને બહેનો-દીકરીઓ સાથે ગેરવર્તણૂક કરવામાં આવી છે. NEET પેપર લીક કૌભાંડથી કરોડો યુવાનોનું ભવિષ્ય અંધકારમય બન્યું છે, જેથી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ત્વરિત રાજીનામું આપવું જોઈએ. જ્યારે દેશનો યુવા પોતાના ભવિષ્ય માટે અવાજ ઉઠાવી રહ્યો હોય ત્યારે દમન કરવાને બદલે સરકારે તેમની માંગણીઓ સાંભળવી જોઈએ. પાયલ સાકરિયાએ વધુમાં ઉમેર્યું હતું કે, 25 જુલાઈએ સવારે 10 વાગ્યે ગાંધીનગર સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે એક વિશાળ વિરોધ પ્રદર્શન યોજાશે.

## ખાડીપૂર સંકટ, મગોબમાં 5 ફૂટ પાણી ભરાતા બોટ મૂકાઈ

### મીઠી ખાડીમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો, 2,244 લોકોનું સ્થળાંતર, કાપડ માર્કેટ બંધ, મેગા ટ્રાફિક ડાયવર્ઝન

**સુરત, તા.23**

સુરત શહેર અને ઉપરવાસના વિસ્તારોમાં રાતથી જ સતત વરસી રહેલા આકાશી આફતના કારણે સમગ્ર શહેરમાં જળબંબાકારની ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. સુરતમાં માત્ર 4 કલાકના ટૂંકા ગાળામાં જ 4 ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાતા નીચાણવાળા તમામ વિસ્તારો જળમગ્ન બન્યા છે. આ મેઘતાંડવના કારણે સુરતનો મગોબ વિસ્તાર સૌથી વધુ આફતગ્રસ્ત બન્યો છે, જ્યાં માર્ગો પર આશરે ચારથી પાંચ ફૂટ જેટલાં પૂરના પાણી ફરી વળ્યાં છે. વરસાદી પાણીનો ઝડપી નિકાલ ન થતાં અને નજીકની ખાડીઓના બેક વોટર મારવાના કારણે મગોબમાં ચારેય તરફ જળબંબાકારની સ્થિતિ છે, જેનાથી સ્થાનિક જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે અને લોકો ઘરોમાં કેદ થવા મજબૂર બન્યા છે.



ઉપરવાસમાંથી આવેલા સતત પાણીના જથ્થા અને સ્થાનિક મુશળધાર વરસાદના લીધે સુરત શહેરની મુખ્ય બે ખાડીઓ ઓવરફ્લો થઈ ગઈ છે, જ્યારે બાકીની ત્રણ ખાડીઓ ભયજનક સપાટીની અત્યંત નજીક વહી રહી છે. વિગતવાર આંકડા જોઈએ તો, ભેદવાડ ખાડીની ભયજનક સપાટી 7.20 મીટર છે, જેની સામે હાલ તે 7.50 મીટરે વહી રહી છે. આ જ રીતે સીમાડા ખાડીની ભયજનક સપાટી 4.50 મીટર છે, જે હાલ 4.70 મીટરની જોખમી સપાટી વટાવી ચૂકી છે. ચાલુ સિઝનમાં ગત સાતમી જુલાઈ બાદ ફરી એક વાર શહેરમાં ખાડી પૂરની આફત આવી પહોંચી છે. ખાડીઓ ઓવરફ્લો થતાં જ આજુબાજુની તમામ સોસાયટીઓ અને સંપર્ક માર્ગો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. શહેરમાં ખાડીપૂરના કારણે સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોની યાદી સતત લાંબી થઈ રહી છે.

દિવ્ય ભાસ્કરના ગ્રાઉન્ડ રિપોર્ટ મુજબ પર્વત પાટિયા, પર્વત ગામ, ભીમરાડ-અલ્થાણ ખાડી નજીકનો વિસ્તાર, મગોબ, સારોલી, પુણા કુંભારીયા, કાંગારુ સર્કલ તેમજ મીઠી ખાડી વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ ગયા છે. આ તમામ વિસ્તારોના મુખ્ય માર્ગો તેમજ અંતરિયાળ ગલીઓમાં કમર સુધીના પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર તો ઠપ થયો જ છે, સાથે જ ઘરો અને દુકાનોમાં પણ પાણી ઘૂસી જતાં કરોડો રૂપિયાના માલસામાનને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિક રહીશો પીવાના પાણી અને ખાદ્ય સામગ્રી માટે ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

સ્થિતિની ગંભીરતાને જોતાં જ્યારે દિવ્ય ભાસ્કરની વિશેષ ટીમ મગોબ વિસ્તારમાં ગ્રાઉન્ડ ઝીરો કવરેજ માટે પહોંચી, ત્યારે ત્યાં અત્યંત વિકટ દ્રશ્યો જોવા મળ્યા હતા. મગોબમાં આવેલા સ્થાનિક પેટ્રોલ પંપ તેમજ કાપડ માર્કેટના મુખ્ય દરવાજા સુધી ત્રણથી ચાર ફૂટ જેટલાં પાણી ભરાયેલા જોવા મળ્યા હતા, જેના લીધે તમામ વેપાર-રોજગાર ઠપ થઈ ગયા હતા. પરિસ્થિતિ વણસતાં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે મગોબમાં રેસ્ક્યુ બોટ તેનાત કરી દેવામાં આવી છે. જો પાણીનું સ્તર વધુ વધે અથવા કોઈ નાગરિકને તબીબી કટોકટી સર્જાય, તો આ બોટ દ્વારા તુરંત સ્થળાંતર અને રાહત કામગીરી હાથ ધરી શકાય તે માટે ફાયરના જવાનો ખડેપગે તૈનાત છે.

ખાડી ઓવરફ્લો થવાને કારણે સુરતનું ઐતિહાસિક પર્વત ગામ સંપર્કવિહોણું બનીને જાણે કે એક ટાપુ કે બેટમાં ફેરવાઈ ગયું હતું. ગામ તરફ જતાં તમામ મુખ્ય માર્ગો પર ઘૂંટણથી લઈ કમર સુધીના પૂરના પાણી વહી રહ્યા હતા. આ પરિસ્થિતિના કારણે સ્થાનિક રહીશો અને નોકરી-ધંધાર્થે નીકળેલા વાહનચાલકો ભારે આફતમાં મુકાયા હતા. રસ્તાઓ પર ભરાયેલા પાણીના ઊંડાણમાં અનેક દ્વિચક્રી અને ચારચક્રી વાહનો બંધ પડી ગયા હતા.

## ધો.-1માં પ્રવેશ માટે હવે બાળવાટિકાનું પ્રમાણપત્ર ફરજિયાત નહીં: પ્રાથમિક શિક્ષણ નિયામકની તમામ સ્કૂલોને સૂચના

**ગાંધીનગર, તા.23**

ધોરણ-1માં પ્રવેશ મેળવવા માટે બાળકોએ બાળવાટિકા (પ્રી-સ્કૂલિંગ) પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર રજૂ કરવું ફરજિયાત રહેશે નહીં. પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા રાજ્યની તમામ સરકારી, અનુદાનિત તેમજ ખાનગી (સ્વનિર્ભર) પ્રાથમિક શાળાઓને આ અંગે સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા 20 જુલાઈ, 2026ના રોજ કરવામાં આવેલા પરિપત્રમાં મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-2009 (RTE Act)ની કલમ-14 અને ગુજરાત મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો-2012નો સંદર્ભ આપવામાં આવ્યો છે.



પરિપત્રમાં સ્પષ્ટ જણાવાયું છે કે, RTE Actની કલમ-14 મુજબ પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ માટે બાળકની ઉંમરના પુરાવા તરીકે જન્મ-મરણ અને લગ્ન નોંધણી અધિનિયમ, 1886ની જોગવાઈઓ હેઠળ આપવામાં આવેલા જન્મ પ્રમાણપત્ર અથવા નિયત કરવામાં આવતા અન્ય દસ્તાવેજના આધારે ઉંમર નક્કી કરવામાં આવશે.

શાળામાં પ્રવેશ માટે બાળકની ઉંમરની સાબિતી ઉપલબ્ધ ન હોય તો પણ બાળકને પ્રવેશ આપવાનો ઈનકાર કરી શકાશે નહીં. એટલે કે, માત્ર ઉંમરના પુરાવા કે બાળવાટિકા પૂર્ણ કર્યાના પ્રમાણપત્રના અભાવે ધોરણ-1માં પ્રવેશ અટકાવી શકાશે નહીં.

પત્રમાં વધુમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે, ધોરણ-1માં પ્રવેશ માટે બાળકનું બાળવાટિકા (પ્રી-સ્કૂલિંગ) પૂર્ણ કર્યાનું સર્ટિફિકેટ કે પ્રમાણપત્ર ફરજિયાત નથી. જો કોઈ ખાનગી કે સરકારી, અનુદાનિત શાળા બાળવાટિકા સર્ટિફિકેટના અભાવે બાળકને ધોરણ-1માં પ્રવેશ આપવાનો ઈનકાર કરશે, તો તે RTE Actની કલમ-14નો ભંગ ગણાશે અને સંબંધિત શાળા સામે નિયમોનુસાર કડક કાર્યવાહી કરવામાં આવશે.

# 119 તાલુકામાં સૌથી વધુ ખેરગામમાં 16 ઇંચ: નવસારીમાં પૂરની વિકટ સ્થિતિ, રેસ્ક્યૂ માટે 4 હેલિકોપ્ટર તૈયાર, વલસાડમાં 24 વર્ષનો રેકોર્ડ ધ્વસ્ત







**અમદાવાદ, તા.23**

119 તાલુકામાં સૌથી વધુ નવસારીના ખેરગામમાં 16 ઈંચ વરસાદ ખાબક્યો છે. તો 43 તાલુકામાં 3 ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. ભારે વરસાદથી નવસારીની પૂર્ણા નદી ગાંડીતૂર બનતા શહેરનો 30 ટકા વિસ્તાર પાણીમાં ગરકાવ થયો છે. કાવેરી નદીના કાંઠે 11 ગામમાંથી આશરે 200 લોકોને રેસ્ક્યૂ કરીને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. વાંસદામાં બાઈક તણાતાં 2ના મોત થયાં છે.

હાલ દક્ષિણ ગુજરાતમાં NDRF અને SDRFની ટીમો તૈનાત છે. સુરત જિલ્લામાં 3 NDRF અને 5 SDRF, જ્યારે વલસાડ જિલ્લામાં 3 NDRF અને 1 SDRF ટીમ કાર્યરત છે. અત્યાર સુધીમાં વલસાડમાં આશરે 1200 લોકોનું રેસ્ક્યૂ, જ્યારે સુરત શહેરમાં 1500 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ઉમરગામમાં છેલ્લા 24 કલાલમાં 36 ઈંચથી વધુ વરસાદથી લોકોને છત પર રહેવાની ફરજ પડી છે.

23 અને 24 જુલાઈએ રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે, જેમાં આજે 11 જિલ્લામાં અત્યંત ભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જારી કરાયું છે. તો અમદાવાદ-ગાંધીનગર સહિત આઠ જિલ્લામાં ભારેથી અતિભારેની આગાહી સાથે ઓરેન્જ એલર્ટ અપાયું છે. તો ગીર સોમનાથ સહિત સાત જિલ્લામાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ અપાયું છે.

ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી વચ્ચે વિદ્યાર્થીઓની સુરક્ષા અને સલામતીને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા અમદાવાદ, ગાંધીનગર, સુરત, વલસાડ, મહીસાગર અને નવસારી એમ 6 જિલ્લાઓમાં આવતીકાલે એટલે કે 24 જુલાઈના રોજ તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. આ નિર્ણય મુજબ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી આંગણવાડીઓ, પ્રાથમિક-માધ્યમિક શાળાઓ, કોલેજો તેમજ અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે બંધ રહેશે.

દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદ અને હવામાન વિભાગના રેડ એલર્ટને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે SEOC ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજી રાહત-બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખી મંત્રી નરેશ પટેલ, કમિશનર રેમ્યા મોહન, ડિઝાસ્ટર કમિશનર આલોક પાંડે સહિત પ્રભારી સચિવોને ગ્રાઉન્ડ ઝીરો પર ઉતારી દેવામાં આવ્યા છે. બીજી તરફ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરી સ્થિતિની માહિતી મેળવી હતી અને કેન્દ્ર સરકાર તરફથી તમામ મદદની ખાતરી આપી છે.

સુરત શહેરમાં માત્ર એક જ મહિનાના ટૂંકા ગાળામાં 50 ઈંચ જેટલો આફતરૂપ વરસાદ નોંધાયો છે. શહેરમાં અત્યાર સુધીમાં કુલ 1248 મિમી જેટલો ભારે વરસાદ વરસી ચૂક્યો છે. સાર્વત્રિક ભારે વરસાદ અને ખાડીઓ ઓવરફ્લો થવાના કારણે જળબંબાકારની ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. સારોલી, સણિયા હેમદ અને વેલંજા જેવા નીચાણવાળા વિસ્તારોમાં 10થી 15 ફૂટ તેમજ મીઠી ખાડી નજીકના વિસ્તારોમાં 7 ફૂટ સુધી પાણી ભરાઈ જતાં ઘરો અને દુકાનો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. આ આકાશી આફતમાં સારોલી પોલીસ સ્ટેશન, સોસાયટીઓ, સણિયા હેમદનું ખોડિયાર માતાનું મંદિર અને કુંભારિયાનું પૌરાણિક કુંભેશ્વર મહાદેવ મંદિર સંપૂર્ણપણે જળમગ્ન બન્યાં છે. વાહનવ્યવહાર ઠપ્પ થતાં લોકો ઘરોમાં કેદ થઈ ગયા છે, જ્યારે વહીવટી તંત્ર અને ફાયર વિભાગ દ્વારા 24x7 રેસ્ક્યૂ હાથ ધરી બોટ દ્વારા વેલંજામાંથી 80 લોકો ઉપરાંત લિંબાયત, વરાછા, ઉધના અને પાંડેસરામાંથી અનેક લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

ભેદવાડ ખાડી છેલ્લા 26 કલાકથી સતત ઓવરફ્લો થઈ રહી છે, જેના કારણે આસપાસના વિસ્તારોમાં ચિંતાનો માહોલ છે. વરાછા ઝોનની સીમાડા ખાડી ભયજનક સપાટી વટાવી ચૂકી છે, જ્યારે ભેદવાડ અને મીઠી ખાડી પણ ભયજનક સપાટીની અત્યંત નજીક પહોંચતાં સ્થિતિ ગંભીર બની છે.

નવસારી જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદના કારણે કાવેરી, અંબિકા અને પૂર્ણા નદીઓ ભયજનક સપાટી વટાવી જતાં સર્વત્ર પૂરની ગંભીર પરિસ્થિતિ નિર્માણ પામી છે. પૂરના પાણીમાં ફસાયેલા 3000 જેટલા લોકોને તાબડતોબ રેસ્ક્યૂ કરીને શેલ્ટર હોમ્સમાં શિફ્ટ કરવામાં આવ્યા છે. બીજી તરફ, વાંસદાના ગંગપુર ખાતે બેરિકેટેડ રોડ ક્રોસ કરવાનો પ્રયાસ કરતાં પાણીના તેજ વહેણમાં બાઈક તણાતાં બે યુવાનોના મોત નીપજ્યા છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખી જિલ્લા કલેક્ટર મનીષ ગુરુવાણી, નાણામંત્રી કનુભાઈ દેસાઈ અને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કંટ્રોલરૂમ પહોંચી રાહત-બચાવ કામગીરીનું સીધું મોનિટરિંગ કર્યું છે.

વરસાદ અને નદી-ડેમની સ્થિતિ: બપોરે 2 વાગ્યા સુધીમાં ખેરગામમાં સૌથી વધુ 11 ઈંચ અને વાંસદામાં 6.5 ઈંચ વરસાદ નોંધાયો છે. પૂર્ણા (27 ફીટ), અંબિકા (41.65 ફીટ) અને કાવેરી (33 ફીટ) નદીઓ રૌદ્ર સ્વરૂપમાં વહી રહી છે, જ્યારે જૂજ અને કેલિયા ડેમ સંપૂર્ણ ઓવરફ્લો થયા છે.

વાહનવ્યવહાર ઠપ્પ: પૂરના કારણે પંચાયત અને સ્ટેટ હાઈવે મળીને અંદાજે 1,100 જેટલા રસ્તાઓ બંધ કરી દેવાયા છે.

રેસ્ક્યૂ કામગીરી: રાહત અને બચાવ કાર્ય માટે SDRFની 2 અને NDRFની 1 મળીને કુલ 3 ટીમો તૈનાત કરાઈ છે, જ્યારે કટોકટીના સંજોગોમાં જરૂર પડ્યે એરલિફ્ટ કરવા માટે SEOC સાથે આગોતરું આયોજન કરી લેવાયું છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ઈરાનનો મિડલ-ઈસ્ટમાં અમેરિકી બેઝ પર હુમલો: દાવો- જોર્ડનમાં THAAD ડિફેન્સ સિસ્ટમ તબાહ, કુવૈતમાં ડ્રોન ઠેકાણાને નિશાન બનાવ્યા

**વોશિંગ્ટન, તા.23**

ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ મિડલ-ઈસ્ટમાં અમેરિકી સૈન્ય ઠેકાણાઓ પર જવાબી હુમલા કર્યા છે. સેનાએ જોર્ડન અને કુવૈતમાં યુએસ બેઝ પર ડ્રોન અને મિસાઈલથી હુમલા કર્યા છે. IRGC એ દાવો કર્યો કે જોર્ડનમાં તૈનાત અમેરિકી THAAD (ટર્મિનલ હાઈ એલ્ટિટ્યુડ એરિયા ડિફેન્સ) એર ડિફેન્સ સિસ્ટમને તબાહ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત કુવૈતમાં અમેરિકી MQ-9 રીપર ડ્રોનના ઓપરેશન બેઝ પર પણ હુમલો કરવામાં આવ્યો. ઈરાનનું કહેવું છે કે આ કાર્યવાહી તાજેતરના અમેરિકી હુમલાઓના જવાબમાં કરવામાં આવી છે.

આ પહેલાં અમેરિકાએ બુધવારે રાત્રે ઈરાનમાં ઈરાક બોર્ડર પર સ્થિત શલમચેહ બોર્ડર ક્રોસિંગ પર હવાઈ હુમલો કર્યો. ખુઝેસ્તાન પ્રાંતના ડેપ્યુટી ગવર્નરે જણાવ્યું કે આ હુમલામાં બે લોકોનાં મોત થયા છે. ટ્રમ્પની ઈરાનમાં બોમ્બમારાની ધમકી: ટ્રમ્પે કહ્યું કે જો ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાં કોઈ જહાજ પર હુમલો કરે છે, તો અમેરિકા જવાબમાં ઈરાનના પુલો અને વીજળી ઘરો પર બોમ્બમારો કરશે. તેમાં તેહરાનની અંદર આવેલા ઠેકાણાં પણ સામેલ હશે.

હુતી વિદ્રોહીઓની ધમકી- સાઉદી પોર્ટથી દૂર રહે જહાજ: યમનના ઈરાન સાથે જોડાયેલા હુતી વિદ્રોહીઓએ શિપિંગ કંપનીઓને સાઉદી અરબના બંદરોથી દૂર રહેવાની ધમકી આપી છે. તેમણે કહ્યું કે જો નહીં મનાય તો હુમલો થશે. યુદ્ધમાં અત્યાર સુધીમાં 18 અમેરિકી સૈનિકોનાં મોત: અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ અનુસાર, વર્તમાન સંઘર્ષમાં અત્યાર સુધીમાં 18 અમેરિકી સૈનિકો માર્યા ગયા છે, જ્યારે અનેક સૈનિકો ઘાયલ થયા છે. અમેરિકાએ યુદ્ધમાં 3.6 લાખ કરોડ ખર્ચ્યા: અમેરિકી સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે જણાવ્યું કે ઈરાન સાથેના યુદ્ધ પર અત્યાર સુધીમાં 37.5 અબજ ડોલર (લગભગ 3.6 લાખ કરોડ) ખર્ચ થઈ ચૂક્યા છે. ક્રૂડ ઓઈલ 92 ડોલરને પાર: અમેરિકા-ઈરાન તણાવ વધવા વચ્ચે બ્રેન્ટ ક્રૂડની કિંમત 92.01 ડોલર પ્રતિ બેરલને પાર પહોંચી ગઈ, જ્યારે WTI ક્રૂડ 85.16 ડોલર પ્રતિ બેરલ પર કારોબાર કરી રહ્યું છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે સાઉદી ઓઈલ ટેન્કરો પર હુતી વિદ્રોહીઓના હુમલાની સખત નિંદા કરી છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન સાઉદી નેતૃત્વ સાથે સંપૂર્ણ મજબૂતી અને દ્રઢતાથી ઊભું છે. અમેરિકા-ઈરાન સંઘર્ષને કારણે 20 જુલાઈ સુધીમાં ભારતીય એરલાઈન્સને લગભગ 26,000 આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવી પડી. આ ઉપરાંત, ઘણી ફ્લાઈટ્સના રૂટ બદલવામાં આવ્યા અને તેમાં વિલંબ પણ થયો.

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી મુરલીધર મોહોલે ગુરુવારે લોકસભામાં લેખિત જવાબમાં જણાવ્યું હતું કે આ સંકટને કારણે એરલાઈન્સને ભારે નુકસાન થઈ રહ્યું છે. જોકે, તેઓ કામગીરી ચાલુ રાખવા અને નુકસાન ઘટાડવા માટે જરૂરી પગલાં લઈ રહી છે.

તેમણે કહ્યું કે ફેબ્રુઆરીના અંતમાં શરૂ થયેલા અમેરિકા-ઈરાન સંઘર્ષની ઉડ્ડયન ક્ષેત્ર પર ઊંડી અસર પડી છે. પહેલેથી જ ઈંધણના વધતા ભાવ અને પશ્ચિમ એશિયામાં હવાઈ ક્ષેત્ર પરના પ્રતિબંધોને કારણે એરલાઈન્સ મુશ્કેલીઓનો સામનો કરી રહી હતી. સાઉદી અરેબિયાએ બુધવારે અમેરિકા સાથે એક મહત્વપૂર્ણ પરમાણુ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ અંતર્ગત અમેરિકા, સાઉદી અરેબિયાને નાગરિક (વીજળી



બનાવવા માટે) પરમાણુ ટેકનોલોજી આપશે. આ કરાર એવા સમયે થયો છે જ્યારે સમગ્ર મધ્ય પૂર્વમાં યુદ્ધ અને તણાવનું વાતાવરણ છે.

આ કરારને સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનની મોટી રાજદ્વારી સફળતા માનવામાં આવી રહી છે. તેઓ છેલ્લા પાંચ વર્ષથી પણ વધુ સમયથી આ કરાર ઈચ્છતા હતા.

રિપોર્ટ્સ અનુસાર, ઈઝરાયલ સહિત અમેરિકાના ઘણા અધિકારીઓ અને ન્યુક્લિયર નિષ્ણાતો તેનો વિરોધ કરી રહ્યા હતા. તેમનું કહેવું હતું કે જો સાઉદી અરેબિયાને યુરેનિયમ સંવર્ધનની ટેકનોલોજી મળી ગઈ, તો ભવિષ્યમાં તે પરમાણુ હથિયારો બનાવવાની દિશામાં પણ આગળ વધી શકે છે. તેનાથી સમગ્ર મધ્ય પૂર્વમાં પરમાણુ હથિયારોની નવી સ્પર્ધા શરૂ થવાનો ખતરો ઊભો થઈ શકે છે. સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન પહેલા પણ ઘણી વખત કહી ચૂક્યા છે કે જો ઈરાન પરમાણુ હથિયારો બનાવે છે, તો સાઉદી અરેબિયા પણ પરમાણુ હથિયારો મેળવવાની દિશામાં પગલાં ભરશે.

જોર્ડનની સેનાએ કહ્યું છે કે તેની એર ડિફેન્સ સિસ્ટમે છેલ્લા 24 કલાકમાં ઈરાનની 4 મિસાઈલ અને 6 ડ્રોન તોડી પાડ્યા છે. સરકારી ન્યૂઝ એજન્સી પેટ્રા અનુસાર, સેનાના એક અધિકારીએ કહ્યું કે આ કાર્યવાહીમાં કોઈ જાનહાનિ થઈ નથી અને કોઈ નુકસાન પણ થયું નથી. અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ કહ્યું કે ઈરાન સમજૂતી કરવા માટે આજીજી કરી રહ્યું છે. ફિલિપાઈન્સની રાજધાની મનીલામાં આસિયાન સંમેલન દરમિયાન રુબિયોએ આગળ કહ્યું કે ઈરાન જ્યારે પણ કોઈ સમજૂતી કરે છે, તો તેને તોડી નાખે છે અથવા પછી તેની શરતો બદલી નાખે છે.

ઈરાકના વડાપ્રધાન અલી ફાલેહ અલ-ઝૈદી સત્તાવાર મુલાકાતે બગદાદથી ઈરાનની રાજધાની તેહરાન જવા રવાના થયા છે. આ મુલાકાતમાં બંને દેશો વચ્ચે ઊર્જા સહયોગ અને પ્રાદેશિક સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થવાની અપેક્ષા છે. ઈરાકી સરકારના પ્રવક્તા હૈદર અલ-અબુદીએ જણાવ્યું હતું કે તેહરાનમાં યોજાનારી બેઠકના એજન્ડામાં કુદરતી ગેસ સહયોગ અને પ્રાદેશિક ઘટનાક્રમ મુખ્ય વિષયો હશે. બ્રિગેડિયર જનરલ અકરામિનિયાએ કહ્યું છે કે જો અમેરિકા ઈરાનના દક્ષિણી વિસ્તારોના માળખાકીય સુવિધાઓ અને દરિયાકાંઠાના વિસ્તારો પર હુમલા ચાલુ રાખશે તો ઈરાન નવી સૈન્ય રણનીતિઓ અને નવા ઓપરેશનલ પ્લાન લાગુ કરશે. તેમણે આરોપ લગાવ્યો કે અમેરિકાએ બંને પક્ષો વચ્ચે થયેલા કરાર (MoU)નું ઉલ્લંઘન કર્યું છે.

અકરામિનિયાએ એમ પણ કહ્યું કે ઈરાની સશસ્ત્ર દળો અમેરિકી આક્રમક કાર્યવાહીના જવાબમાં હુમલા કરી રહ્યા છે. તેમના મતે, 'જ્યાં સુધી અમેરિકા આપણા દેશના માળખાકીય સુવિધાઓ અને દરિયાકાંઠાના વિસ્તારો પર હુમલા કરતું રહેશે, ત્યાં સુધી અમારી જવાબી કાર્યવાહી પણ ચાલુ રહેશે.' ઈરાને સંભવિત જમીની હુમલા અંગે કડક ચેતવણી આપી છે. ઈરાની સેનાના બ્રિગેડિયર જનરલ અકરામિનિયાએ કહ્યું કે જો દુશ્મન જમીન માર્ગે હુમલો કરશે તો તેને ભારે નુકસાન અને વધુ સૈનિકોની જાનહાનિ ભોગવવી પડશે. ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ દાવો કર્યો છે કે તેણે જોર્ડનમાં અમેરિકી સૈન્ય ઠેકાણાઓ પર અનેક હુમલા કર્યા છે. IRGC અનુસાર, આ હુમલાઓમાં અમેરિકી THAAD મિસાઈલ ડિફેન્સ સિસ્ટમના રડારને સચોટ હુમલાઓ દ્વારા નષ્ટ કરી દેવામાં આવ્યું. ઈરાની સેનાએ એવો પણ દાવો કર્યો કે હુમલામાં પેટ્રિયટ એર ડિફેન્સ સિસ્ટમ, C-RAM રડારને પણ નિશાન બનાવીને નષ્ટ કરવામાં આવ્યું. આ ઉપરાંત અમેરિકી સૈન્ય અડ્ડાના ઈંધણ ટેન્કોમાં આગ લગાડી દેવામાં આવી. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સૈન્ય સંઘર્ષને રોકવા માટે કતાર, પાકિસ્તાન અને ઈજિપ્તે 10 દિવસના યુદ્ધવિરામ (સીઝફાયર)નો પ્રસ્તાવ મૂક્યો છે. આ પહેલનો હેતુ સંઘર્ષને સમગ્ર પશ્ચિમ એશિયામાં ફેલાતો અટકાવવાનો અને બંને દેશો વચ્ચે વાતચીતનો માર્ગ ખોલવાનો છે. દોહાથી મળેલી માહિતી મુજબ, છેલ્લા 12 દિવસથી ખાડી ક્ષેત્ર સતત તણાવમાં છે.

ઈરાન યુદ્ધથી ઈરાકને 45 અબજ ડોલર સુધીનું નુકસાન થયું છે. ઈરાકના વડાપ્રધાનના નાણાકીય સલાહકાર મુઝહર સાલેહે જણાવ્યું કે ફેબ્રુઆરી 2026 થી જૂન 2026 ની વચ્ચે દેશને 40 થી 45 અબજ ડોલરની આવકનું નુકસાન થયું છે. તેમણે કહ્યું કે જો હોર્મુઝ બંધ રહેશે તો આ નુકસાન વધીને 50 અબજ ડોલર સુધી પહોંચી શકે છે. સાલેહના મતે, યુદ્ધ અને હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાને કારણે ઈરાકની ઓઈલ નિકાસમાં લગભગ 90% નો ઘટાડો થયો છે. યુદ્ધ પહેલા ઈરાક દરરોજ લગભગ 40 લાખ બેરલ ઓઈલનું ઉત્પાદન કરતું હતું, જેમાંથી 35 લાખ બેરલ દરરોજ નિકાસ થતા હતા. મોટાભાગનું ઓઈલ હોર્મુઝ સ્ટ્રેટના માર્ગે વૈશ્વિક બજાર સુધી પહોંચતું હતું. ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ કુવૈતના લોકોને સંબોધિત કરતા કહ્યું કે તેમની પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વનું ઉલ્લંઘન અમેરિકા કરી રહ્યું છે, ઈરાન નહીં. IRGC એ પોતાના નિવેદનમાં કહ્યું કે તેના હુમલા ફક્ત તે અમેરિકી સૈન્ય ઠેકાણાઓ પર છે, જ્યાં અમેરિકી સેનાની હાજરી છે. સંગઠનનો દાવો છે કે આ ઠેકાણાઓ પર અમેરિકાનું નિયંત્રણ છે અને ત્યાં અમેરિકી સૈનિકો સાથે અન્ય દેશોના લોકોની પણ કુવૈતના નિયંત્રણ વિના અવરજવર થાય છે.

# ઈરાન યુદ્ધ વચ્ચે અમેરિકાનો સાઉદી સાથે પરમાણુ કરાર: ઈઝરાયલના વિરોધ છતાં ટ્રમ્પની મંજૂરી, નિષ્ણાતોએ કહ્યું- પરમાણુ હથિયારોનો ખતરો વધશે

**વોશિંગ્ટન, તા.23**

સાઉદી અરેબિયાએ બુધવારે અમેરિકા સાથે એક મહત્વપૂર્ણ પરમાણુ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ અંતર્ગત અમેરિકા, સાઉદી અરેબિયાને વીજળી બનાવવા માટે પરમાણુ ટેકનોલોજી આપશે. આ કરાર એવા સમયે થયો છે, જ્યારે સમગ્ર મધ્ય પૂર્વમાં યુદ્ધ અને તણાવનો માહોલ છે.

આ કરારને સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનની મોટી રાજદ્વારી સફળતા માનવામાં આવી રહી છે. તેઓ છેલ્લા પાંચ વર્ષથી પણ વધુ સમયથી આ કરાર ઈચ્છી રહ્યા હતા.

રિપોર્ટ્સ અનુસાર, ઈઝરાયલ સહિત અમેરિકાના ઘણા અધિકારીઓ અને ન્યુક્લિયર નિષ્ણાતો તેનો વિરોધ કરી રહ્યા હતા. તેમનું કહેવું હતું કે જો સાઉદી અરેબિયાને યુરેનિયમ સંવર્ધનની ટેકનોલોજી મળી જશે, તો ભવિષ્યમાં તે પરમાણુ હથિયારો બનાવવાની દિશામાં પણ આગળ વધી શકે છે. તેનાથી સમગ્ર મધ્ય પૂર્વમાં પરમાણુ હથિયારોની નવી સ્પર્ધા શરૂ થવાનો ખતરો ઊભો થઈ શકે છે.

સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન પહેલા પણ ઘણી વખત કહી ચૂક્યા છે કે જો ઈરાન પરમાણુ હથિયારો બનાવી લે છે, તો સાઉદી અરેબિયા પણ પરમાણુ હથિયારો મેળવવાની દિશામાં પગલાં ભરશે.

અમેરિકા અત્યાર સુધીમાં 26 દેશો સાથે આવા કરાર કરી ચૂક્યું છે. ભારત સાથે અમેરિકાએ 2008માં પરમાણુ કરાર કર્યા હતા.

અમેરિકા બિન-પરમાણુ દેશો સાથે કરાર કરતી વખતે શરત રાખે છે કે તે દેશો યુરેનિયમ સંવર્ધન પોતે નહીં કરે, પરંતુ આ કરારમાં આ શરત નથી.

સાઉદી અરેબિયામાં યુરેનિયમના ભંડાર મોજુદ છે. જો તેને યુરેનિયમ સંવર્ધનની પરવાનગી મળે છે, તો તે આગળ પરમાણુ ઈંધણ તૈયાર કરી શકશે.

સાઉદી અરેબિયાનો હેતુ 2030 સુધીમાં તેની વીજળીનો મોટો હિસ્સો પરમાણુ ઊર્જાથી ઉત્પન્ન કરવાનો છે, જેથી ઓઈલ પર નિર્ભરતા ઓછી થાય.

આ કરારની શરૂઆત જો બાઈડનના રાષ્ટ્રપતિ પદ દરમિયાન થઈ હતી. ત્યારે અમેરિકા ઈચ્છતું હતું કે પરમાણુ કરારના બદલામાં સાઉદી અરેબિયા, ઈઝરાયલને ઔપચારિક માન્યતા આપે અને બંને દેશો રાજદ્વારી સંબંધો સ્થાપિત કરે.

આ પ્રસ્તાવ હેઠળ અમેરિકા, સાઉદી અરેબિયાને સુરક્ષાની ગેરંટી, આધુનિક હથિયારો અને નાગરિક પરમાણુ કાર્યક્રમમાં સહયોગ આપવા તૈયાર હતું. બદલામાં સાઉદી અરેબિયા પાસેથી અપેક્ષા હતી કે તે ઈઝરાયલ સાથે



દૂતાવાસ ખોલશે, રાજદૂતની નિમણૂક કરશે અને અધિકૃત સંબંધો શરૂ કરશે.

જોકે, 7 ઓક્ટોબર 2023ના રોજ હમાસ દ્વારા ઈઝરાયલ પર થયેલા હુમલા અને ત્યારબાદ ગાઝામાં શરૂ થયેલા યુદ્ધને કારણે આ યોજના નિષ્ફળ ગઈ. સાઉદી અરેબિયા કહેવા લાગ્યું કે જ્યાં સુધી એક અલગ પેલેસ્ટાઈન રાષ્ટ્ર નહીં બને ત્યાં સુધી તેઓ ઈઝરાયલને માન્યતા નહીં આપે. પાછળથી ટ્રમ્પે રણનીતિ બદલી અને ઈઝરાયેલ સાથેના સંબંધોને આ કરારથી અલગ કરી દીધા.

પરમાણુ પાવર પ્લાન્ટ (ન્યુક્લિયર રિએક્ટર) બનવામાં 10 વર્ષ કે તેથી વધુ સમય લાગી શકે છે. આથી આ કરાર પછી સાઉદી અરેબિયા લાંબા સમય સુધી અમેરિકાની પરમાણુ ટેકનોલોજી અને મદદ પર નિર્ભર રહેશે. આનાથી બંને દેશો વચ્ચે સુરક્ષા, વેપાર અને પરસ્પર સંબંધો પહેલા કરતા વધુ મજબૂત થવાની અપેક્ષા છે.

કોલંબિયા યુનિવર્સિટીના સેન્ટર ઓન ગ્લોબલ એનર્જી પોલિસીના નિષ્ણાત કેરેન યંગના મતે, સાઉદી અરેબિયા માત્ર આજ માટે જ નહીં, પરંતુ ભવિષ્યને ધ્યાનમાં રાખીને આ પગલું ભરી રહ્યું છે. તેમનું કહેવું છે કે આ કરાર માત્ર પરમાણુ વીજળી બનાવવા પૂરતો મર્યાદિત નથી. તેનાથી સાઉદી અરેબિયાની રાજકીય તાકાત વધશે અને મિડલ ઈસ્ટમાં તેનો પ્રભાવ પણ પહેલાં કરતા વધુ મજબૂત થશે.

અમેરિકન કંપનીઓને સાઉદી અરેબિયામાં પરમાણુ વીજળી પ્લાન્ટ બનાવવાના અબજો ડોલરના કોન્ટ્રાક્ટ મળી શકે છે.

અમેરિકાને સાઉદી અરેબિયાના પરમાણુ કાર્યક્રમ પર નજીકથી નજર રાખવાની તક મળશે, જેનાથી તેને હથિયારોના પ્રસાર અંગેની તેની ચિંતાઓ પર નિયંત્રણ રાખવામાં મદદ મળી શકે છે.

જો અમેરિકા સાથે આ કરાર કોઈ કારણસર ન થઈ શકે, તો સાઉદી અરેબિયા પાસે અન્ય વિકલ્પો પણ છે. સાઉદીએ ઘણી વખત ચેતવણી આપી હતી કે જો અમેરિકા તેને તેમાં મદદ નહીં કરે તો તેઓ ચીન, રશિયા, ફ્રાન્સ અથવા દક્ષિણ કોરિયા જેવા અન્ય દેશો પાસેથી પરમાણુ ટેકનોલોજી મેળવી લેશે.

ચીનની સરકારી કંપની ચાઈના નેશનલ ન્યુક્લિયર કોર્પોરેશન (CNNC) પહેલાથી જ ન્યુક્લિયર પ્લાન્ટ બનાવવામાં રસ દાખવી ચૂકી છે.

રશિયાની સરકારી પરમાણુ કંપની રોસાટોમ પણ સાઉદી અરેબિયા સાથે પ્રારંભિક કરારો કરી ચૂકી છે. આ ઉપરાંત, દક્ષિણ કોરિયા અને ફ્રાન્સ પણ સંભવિત ભાગીદારો માનવામાં આવે છે.

અમેરિકી સંસદ (કોંગ્રેસ) માં ડેમોક્રેટિક પાર્ટીના ઘણા સાંસદો આ કરારનો વિરોધ કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે તેનાથી માત્ર મધ્ય પૂર્વમાં પરમાણુ હથિયારોની સ્પર્ધાને પ્રોત્સાહન મળશે એટલું જ નહીં, પરંતુ ઈરાન માટે પણ તેના પરમાણુ કાર્યક્રમ પર રોક લગાવવાની શક્યતા ઓછી કરી દેશે.

જોકે, આ વિરોધો છતાં સંસદ માટે આ કરારને રોકવો સરળ નહીં હોય. આવનારા દિવસોમાં આ કરારને મંજૂરી માટે સંસદમાં રજૂ કરવામાં આવશે. પરંતુ જો સંસદ તેને રોકવા માંગે છે, તો તેને આ સંબંધમાં સંયુક્ત પ્રસ્તાવ (જોઈન્ટ રિઝોલ્યુશન) પસાર કરવો પડશે.

જો રાષ્ટ્રપતિ તે પ્રસ્તાવ પર વીટો લગાવે છે, તો સંસદને તે વીટોને ઉલટાવવા માટે બંને ગૃહોમાં બે-તૃતીયાંશ બહુમતી મેળવવી પડશે. આ જ કારણ છે કે રાજકીય વિરોધ છતાં આ કરાર લાગુ થવાની શક્યતા વધુ માનવામાં આવી રહી છે.

## કેનેડામાં પંજાબી યુવતીની ધરપકડ

# એપાર્ટમેન્ટ ભાડે આપવાની ખોટી જાહેરાત કરતી, ઓનલાઈન બુકિંગ કરાવી એડવાન્સ રૂપિયા પડાવતી

**જલંધર, તા.23**

પંજાબી મૂળની 27 વર્ષીય યુવતીએ કેનેડામાં ભાડાના નામે 17 લોકો પાસેથી 41 લાખ રૂપિયા (60 હજાર ડોલર)ની છેતરપિંડી કરી. યુવતીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અલગ-અલગ લોકેશન પર મકાનો બતાવ્યા હતા. દરેક મકાનનું ભાડું લગભગ 1700 ડોલર જણાવવામાં આવ્યું હતું.

લોકોએ સોશિયલ મીડિયા પર જ મકાનો જોઈને યુવતી સાથે વાત કરી. તેણે લોકોને લલચાવીને પેમેન્ટ લઈ લીધું. જ્યારે લોકો આપેલા સરનામા પર પોતાનો સામાન લઈને પહોંચ્યા ત્યારે તેમને ઝટકો લાગ્યો.

છેતરપિંડીની જાણ થતાં પીલ રિજનલ પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો. પોલીસે કેસ નોંધી યુવતીની ધરપકડ કરી લીધી. ધરપકડ કરાયેલી યુવતીની ઓળખ સવરીત કૌર તરીકે થઈ છે.

તે કેનેડિયન નાગરિક છે અને બ્રેમ્પટનમાં જ રહે છે. પોલીસે યુવતીનો ફોટો જાહેર કરીને લખ્યું છે કે લોકો તેને જોઈ લે અને આ ઠગથી સાવધાન રહે.

નકલી જાહેરાતો બનાવી સોશિયલ મીડિયા પર અપલોડ કરી: પોલીસના જણાવ્યા અનુસાર, આ આખી છેતરપિંડી મે 2025 થી ફેબ્રુઆરી 2026 ની વચ્ચે કરવામાં



આવી હતી. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને અન્ય સોશિયલ પ્લેટફોર્મ્સ પર બ્રેમ્પટનમાં બેઝમેન્ટ અને એપાર્ટમેન્ટ ભાડે આપવાના હોવાની નકલી જાહેરાતો મૂકવામાં આવી હતી.

ભાડા કરાર કરીને એડવાન્સ પેમેન્ટ લીધું: આ જાહેરાતોને સાચી માનીને ઘણા લોકો સવરીત કૌરના સંપર્કમાં આવ્યા. તેઓએ આરોપી સાથે ભાડા કરાર પર હસ્તાક્ષર કર્યા અને પહેલા અને છેલ્લા મહિનાના ભાડા તરીકે એડવાન્સ પૈસા ઓનલાઈન ટ્રાન્સફર કર્યા.

લોકો સામાન લઈને પહોંચ્યા ત્યારે થયો ખુલાસો: પીલ પોલીસ અનુસાર, એડવાન્સ ભાડું આપ્યા પછી પીડિત લોકો પોતાનો સામાન લઈને નવા ઘરમાં શિફ્ટ થવા પહોંચ્યા. તેમાંથી ઘણા લોકો પોતાનું જૂનું મકાન પહેલાથી જ ખાલી કરી ચૂક્યા હતા. પરંતુ જ્યારે તેઓ જણાવેલ સરનામે પહોંચ્યા, ત્યારે જાણવા મળ્યું કે ત્યાં પહેલાથી જ બીજા લોકો રહી રહ્યા હતા. જે મકાનનું ભાડું તેમણે આપ્યું હતું, તે ભાડે આપવાનું જ નહોતું.

તપાસ કરતા 17 લોકો સાથે છેતરપિંડી સામે આવી: પીલ પોલીસે જણાવ્યું કે તપાસ દરમિયાન આવા 17 અલગ-અલગ કેસોનો ખુલાસો થયો. આ તમામ કેસોમાં પીડિતોને કુલ 60 હજાર ડોલરથી વધુનો ચૂનો લગાવવામાં આવ્યો. આશ્ચર્યની વાત એ રહી કે કોઈ પણ પીડિતને ન તો જણાવાયેલું આપેલું ઘર મળ્યું અને ન તો તેમની રકમ પાછી આપવામાં આવી.

તપાસ પૂરી થયા બાદ અને છેતરપિંડીની પુષ્ટિ થયા બાદ, 13 જુલાઈએ પોલીસે સવરીત કૌરની ધરપકડ કરી. તેને જામીન સુનાવણી માટે ઑન્ટેરિયો કોર્ટ ઑફ જસ્ટિસની કસ્ટડીમાં રાખવામાં આવી છે. પીલ રિજનલ પોલીસે સામાન્ય જનતા, ઈમિગ્રન્ટ્સ અને નવા ભાડૂતોને ચેતવણી આપી છે કે સોશિયલ મીડિયા પર ભાડાની મિલકત શોધતી વખતે વધુ સાવચેતી રાખે.

પોલીસે સલાહ આપી છે કે પૈસા ટ્રાન્સફર કરતા પહેલા પ્રોપર્ટીને રૂબરૂ જઈને જુઓ. સંપૂર્ણ તપાસ કર્યા વિના કોઈપણ પ્રકારની એડવાન્સ પેમેન્ટ ન મોકલો. યુવતીની ધરપકડની માહિતી પોલીસે 22 જુલાઈએ મીડિયા સાથે શેર કરી.

# શિક્ષણમંત્રીના રાજીનામાની માંગ સાથે બિહારમાં ઉગ્ર આંદોલન: વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ અને ટિયર ગેસ છોડાયો, SP ઈજાગ્રસ્ત

**પટના, તા.23**

બિહારના દરભંગા જિલ્લામાં આવેલા લહેરિયાસરાય પોલીસ સ્ટેશન વિસ્તારના લોહિયા ચોક પર ગુરુવારે અચાનક પરિસ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ હતી, જ્યારે કેન્દ્રીય શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓનું આંદોલન અચાનક હિંસક સ્વરૂપ ધારણ કરી ગયું હતું. પ્રદર્શન દરમિયાન ભીડમાંથી અચાનક પોલીસ ટુકડી પર ભારે પથરાવ શરૂ કરવામાં આવતાં સમગ્ર વિસ્તારમાં ભાગદોડ અને અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. આ અચાનક થયેલા હુમલામાં સ્થળ પર હાજર સિટી SP અશોક કુમાર તેમજ ૧ પોલીસ કોન્સ્ટેબલ ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

સ્થળ પર પરિસ્થિતિ વધુ વણસતી જોઈને પોલીસે પહેલાં પ્રદર્શનકારીઓને શાંત પાડી વિખેરવા માટે સામાન્ય લાઠીચાર્જ કરવો પડ્યો હતો. આમ છતાં, આક્રોશિત ભીડ પાછળ હટવાના મૂડમાં ન હોવાથી અને ઉપદ્રવ



સતત વધતો રહેતાં સ્થિતિ સંપૂર્ણપણે કાબૂમાં લેવાના હેતુથી પોલીસે આખરે ૭ રાઉન્ડ ટીયર ગેસના શેલ છોડવાની ફરજ પડી હતી. આ હિંસક ઘટના બન્યાના બે કલાકથી પણ વધુ સમય વીતી ગયા પછી પણ સમગ્ર વિસ્તારમાં ભારે તણાવપૂર્ણ વાતાવરણ બનેલું છે અને સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પોલીસ કે સ્થાનિક પ્રશાસનને કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા વિના જ ૨,૦૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓ દરભંગા શહેરના કરપૂરી ચોક ખાતે એકાએક મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. ત્યાંથી એક વિશાળ સરઘસના રૂપમાં નીકળીને આ વિદ્યાર્થીઓ કલેક્ટર કચેરી રોડ પર પહોંચ્યા હતા અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી તાત્કાલિક રાજીનામું આપે તેવી માંગ સાથે જોરદાર સૂત્રોચ્ચાર અને પ્રદર્શન કરવા લાગ્યા હતા. પ્રશાસનને શંકા છે કે આ શાંતિપૂર્ણ આંદોલન દરમિયાન ભીડમાં ભળી ગયેલા કેટલાક અસામાજિક તત્વોએ વાતાવરણ બગાડવાના અને હિંસા ભડકાવવાના ઈરાદાથી પોલીસ પર અચાનક પથરાવ કરવાનું શરૂ કર્યું હતું.

આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જાણ થતાં જ કલેક્ટર કૌશલ કુમાર અને SSP જગુનાથ રેડ્ડી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. હાલમાં સ્થિતિને સંપૂર્ણ સામાન્ય બનાવવા અને કાયદો-વ્યવસ્થા જાળવી રાખવા માટે સમગ્ર શહેરમાં દંગા નિયંત્રણ પોલીસના જવાનો અને આસપાસના અનેક પોલીસ સ્ટેશનોની વધારાની પોલીસ ટુકડીઓ તૈનાત કરી દેવામાં આવી છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે પથરાવ કરનારા અને વિરોધના નામે હિંસા ફેલાવનારા તમામ અસામાજિક તત્વોની ઓળખ કરવા માટે આસપાસના સીસીટીવી (CCTV) ફૂટેજ અને મોબાઈલ વીડિયોનું બારીકાઈથી ચેકિંગ કરવામાં આવી રહ્યું છે અને ટૂંક સમયમાં જ તેમની સામે સખત કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

# લશ્કરના 2 આતંકવાદીઓના ઘર IED લગાવીને તોડી પાડ્યા: જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં હેડ કોન્સ્ટેબલની હત્યામાં સામેલ હતા

**શ્રીનગર, તા.23**

જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં પ્રશાસને ગુરુવારે લશ્કર-એ-તૈયબા (LeT)ના બે આતંકવાદીઓના ઘરોને IED લગાવીને ધ્વસ્ત કરી દીધા. આ કાર્યવાહી લાલ ચોકમાં પોલીસ દળના હેડ કોન્સ્ટેબલ આશિક હુસૈન કુરેશીની હત્યાના એક દિવસ પછી કરવામાં આવી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, જે આતંકવાદીઓના મકાનો તોડી પાડવામાં આવ્યા તેમાં બિજબહેડાના ગુરી ગામના રહેવાસી આદિલ ઠોકર અને હસનપોરાના રહેવાસી હારુન ગનાઈનો સમાવેશ થાય છે.

મંગળવારે બપોરે લગભગ સાડા 12 વાગ્યે કોન્સ્ટેબલ કુરેશીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ હુમલામાં આ બંને આતંકવાદીઓ પણ સામેલ હતા. દક્ષિણ કાશ્મીરના અનંતનાગ સ્થિત લાલ ચોક પર આતંકવાદીઓએ આ કાયરતાપૂર્ણ ઘટનાને અંજામ આપ્યો હતો. ભારતીય રિઝર્વ પોલીસ અને SOG (SOG) સાથે



સંકળાયેલા હેડ કોન્સ્ટેબલ આશિક હુસૈન કુરેશી અમરનાથ યાત્રાની ડ્યુટી પર તૈનાત હતા. જે સમયે આ હુમલો થયો, તે સમયે ખરાબ હવામાનને કારણે અમરનાથ યાત્રા અસ્થાયી રૂપે રોકવામાં આવી હતી.

બપોરે લગભગ 12:30 વાગ્યે આતંકવાદીઓએ તેમને ખૂબ નજીકથી નિશાન બનાવ્યા અને તેમના પર અંધાધૂંધ ગોળીબાર કર્યો. સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહી કરી, ત્યારબાદ બંને તરફથી ગોળીબાર થયો. હુમલા બાદ આતંકવાદીઓ ભાગી ગયા.

આ દરમિયાન હેડ કોન્સ્ટેબલ આશિક હુસૈન કુરેશી ઘાયલ થયા. તેમને તરત જ સરકારી મેડિકલ કોલેજ (GMC) હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા. શહીદ જવાન આશિક હુસૈનના પરિવારમાં પત્ની અને ત્રણ બાળકો છે. લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલા આતંકવાદી સંગઠન ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF)એ હુમલાની જવાબદારી સ્વીકારી છે. બંને 2018થી સક્રિય હોવાનું જણાવાયું છે. સુરક્ષા એજન્સીઓ અનુસાર, આદિલ ઠોકર લશ્કર-એ-તૈયબા (LeT) સાથે સંકળાયેલો છે, જ્યારે વર્તમાન ગુપ્ત માહિતી મુજબ હારુન ગનાઈ હિઝબુલ મુજાહિદ્દીન (HM) સાથે સંકળાયેલો છે. જોકે, અન્ય એક અધિકારીના નિવેદનમાં બંનેને LeTના આતંકવાદી ગણાવવામાં આવ્યા છે. આદિલ ઠોકર 2018માં પંજાબના અટારી-વાઘા બોર્ડરના રસ્તે પાકિસ્તાન ગયો હતો. ત્યાં તેણે આતંકવાદી શિબિરોમાં તાલીમ લીધી અને ગયા વર્ષે કોઈ સમયે ફરી જમ્મુ-કાશ્મીરમાં ઘૂસણખોરી કરીને પાછો ફર્યો. હુમલા બાદ સુરક્ષા દળો અને જમ્મુ-કાશ્મીર પોલીસે સમગ્ર કાશ્મીર ઘાટીમાં મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કર્યું. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે 2,000થી વધુ ઓવર ગ્રાઉન્ડ વર્કર્સ (OGW) ને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે.

અધિકારીઓના મતે, આ કાર્યવાહી આતંકવાદીઓ અને તેમના સમર્થન તંત્ર વિરુદ્ધ ચાલી રહેલા અભિયાનનો એક ભાગ છે. તે જ સમયે, અનંતનાગ સહિત ઘણા વિસ્તારોમાં સર્ચ ઓપરેશન પણ તેજ કરવામાં આવ્યા છે. પોલીસ અને સુરક્ષા દળો તે તમામ તત્વોની ઓળખ કરી રહ્યા છે, જે આતંકવાદીઓને રહેઠાણ, આર્થિક મદદ, પરિવહન અને સંચાર જેવી સુવિધાઓ પૂરી પાડે છે.

જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં નિયંત્રણ રેખા (LoC) પર 17 જુલાઈની રાત્રે શંકાસ્પદ ગતિવિધિ જોઈને ભારતીય સેનાએ ગોળીબાર કર્યો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, તારકુંડી ફોરવર્ડ વિસ્તારમાં રાત્રે લગભગ 10 વાગ્યે સૈનિકોએ કેટલાક શંકાસ્પદ લોકોની ગતિવિધિ જોઈ, જેના પછી ગોળીબાર કરવામાં આવ્યો.

અધિકારીઓએ જણાવ્યું કે લગભગ દોઢ કલાક સુધી બંને તરફથી અટકી-અટકીને ગોળીબાર થયો. હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી. સેનાનું માનવું છે કે શંકાસ્પદ આતંકવાદીઓ ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા હતા. જોકે, કોઈ ધરપકડ થઈ નથી. સુરક્ષા દળોએ શોપિયાંમાં અથડામણ દરમિયાન લશ્કર-એ-તૈયબાના ટોચના કમાન્ડર ઝાકિર અહેમદ ગનીને ઠાર માર્યો. તે પહેલગામ આતંકવાદી હુમલા પછી જાહેર કરાયેલા 14 મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓની યાદીમાં સામેલ હતો.

## તંત્રી લેખ

# ચોમાસા સત્રમાં બંધારણ સુધારણા બીલ રજૂ નહી થાય?

સંસદના ચોમાસા સત્ર પહેલા બંધારણનું ૧૩૦મું સુધારણા બીલ રજુ થઈ શકશે કે નહીં એ બાબતે શંકા છે. અગાઉ આ બીલ પસાર નહીં થતા સંયુક્ત સંસદીય સમીતી (જેપીસી) પાસે મોકલવામાં આવ્યું હતું. સમીતીએ અંતિમ રીપોર્ટનો સ્વીકાર કરવાનો હતો, પરંતુ જેપીસીના સભ્યો વચ્ચે સહમતી થઈ શકી નહોતી અને એટલે અંતિમ રીપોર્ટ સ્વીકારવાનો નિર્ણય ટાળી દેવામાં આવ્યો હતો. જેપીસીના ચેરમેન અને ભાજપના સાંસદ અપરાજીતા સારંગીના કહેવા પ્રમાણે બીલ બાબતે વધુ ચર્ચાની જરૂર હોવાથી આગળ પણ ચર્ચા ચાલુ રહેશે. અધિકારીઓ તરફથી બીલ સાથે જોડાયેલા તમામ સવાલો અને એનાથી શું ફેર પડશે એ બાબતે જેપીસીના તમામ સભ્યોને જાણકારી આપવામાં આવી હતી. જોકે ત્યાર પછી રીપોર્ટનો સ્વીકાર કરવાની વાત આવી ત્યારે સભ્યો સહમત થયા નહોતા. ૨૦૨૩માં કાકા શરદ પવાર અને ભત્રીજા અજીત પવાર અલગ થઈ ગયા હતા. એટલે કે એનસીપીના બે ભાગ પડી ગયા હતા અને ચૂંટણી કમિશને અજીત પવારની એનસીપીને સાચી એનસીપી ગણી ચૂંટણી ચિન્હ એનસીપી (અજીત પવાર)ને આપ્યું હતું. હવે છેલ્લા કેટલાક વખતથી એનસીપી (શરદ પવાર) એનડીએ સાથે જોડાવાની ચર્ચા થઈ રહી છે. જોકે આ બાબતે ભાજપની પૂર્વ શરત એ છે કે પહેલા એનસીપી (શરદ પવાર)નો વિલય એનસીપી (અજીત પવાર)માં થાય. હમણા જે એનસીપી (શરદ પવાર) છે એ જ હાલતમાં એનડીએ સાથે જોડાવવું અશક્ય છે. બીજી તરફ એનસીપી (અજીત પવાર)ની પણ કેટલીક શરતો છે. એનસીપી (અજીત પવાર)ના સિનિયર નેતાઓ માને છે કે કેન્દ્રમાં પ્રધાનમંડળનું વિસ્તરણ થાય તો રાજ્યસભાના સાંસદ પાર્થ પવારને કેન્દ્રીય મંત્રી મંડળમાં સામેલ કરવામાં આવે. આ બાબતે મંડાગાઠ ઉભી થઈ શકે એમ છે. આજથી ચાલુ થનારા ચોમાસા સત્રમાં ઘણા અગત્યના બીલો રજૂ થવાના છે. જોકે વંદે માતરમ બીલને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સૌથી પહેલા રાજ્યસભામાં રજુ કરશે. રાષ્ટ્રીય ગીત વંદે માતરમનું અપમાન કરવું કે ગીતમાં દખલ કરવાની કોશિષ કરવી સજાપાત્ર બનાવવામાં આવશે. જો કોઈ વંદે માતરમનું અપમાન કરે છે તો હવે એની સામે કાયદાકીય કાર્યવાહી થઈ શકશે. જે રીતે રાષ્ટ્રગીત જન ગણ મનને માન આપવામાં આવે છે એ જ રીતે વંદે માતરમને પણ માન આપવું જરૂરી બનશે. વંદે માતરમ ગીત બાબતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ બંને ખૂબ સંવેદનશીલ છે. આ બીલ પસાર કરાવવા માટે ભાજપના નેતાઓ ડીએમકે સાથે પણ સંપર્કમાં છે. ડીએમકે સિવાય પણ બીજા વિરોધપક્ષોના નેતાઓને મનાવવામાં આવી રહ્યા છે. પંજાબ કોંગ્રેસના સિનિયર નેતા અને સાંસદ મનિષ તિવારી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે એમની ચંડીગઢ રેલી દરમિયાન સ્ટેજ પર જોવા મળ્યા હતા. છેલ્લા કેટલાક સમયથી મનિષ તિવારી કોંગ્રેસના નેતાઓના નિર્ણયો સામે અવાજ ઉઠાવી રહ્યા છે. કોંગ્રેસ હાઈકમાન્ડ એમનાથી નારાજ હોવાનું પણ કહેવાય છે. જોકે શશી થરૂરની જેમ મનિષ તિવારીએ પણ મનમાં કંઈક નક્કી કરી રાખ્યું છે. એમણે સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, 'વિકાસના મુદ્દાઓ હંમેશા રાજકારણથી ઉપર રહેવા જોઈએ. આ જ કારણે હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સરકારી કાર્યક્રમોમાં ઉપસ્થિત રહું છું. મે રાજકીય કાર્યકર્તા તરીકે છેલ્લા ૪૫ વર્ષોમાં રાજકારણને વ્યવસ્થીત રીતે તૂટતા જોયું છે. આજનું રાજકારણ ઝડપથી ઝેરીલું થઈ રહ્યું છે. જેમાં રાજકીય વિરોધીને જાની દુશ્મન માનવામાં આવે છે.' મુંબઈના ૨૬/૧૧ આતંકવાદી હુમલા પછી સુરક્ષા માટે મુંબઈની કોલાબા સ્થિત તાજ મહાલ પેલેસ હોટલએ આજુબાજુના રસ્તા અને ફૂટપાથનો ઉપયોગ કર્યો હતો. ૨૬/૧૧ના આતંકવાદી હુમલા વખતે તાજ મહાલ હોટલમાં સેંકડોની હત્યા થઈ હતી અને સમગ્ર હોટલને નુકસાન થયું હતું. સ્વાભાવીક છે કે ત્યાર પછી હોટલની સુરક્ષા માટે સુરક્ષા એજન્સીઓએ કેટલાક કડક પગલા લીધા હતા. હવે મુંબઈની કોર્પોરેશને ૧૮ વર્ષ પછી સાર્વજનીક જગ્યાનો ઉપયોગ કરવા માટે હોટલ પાસે ૨૭.૧૨ કરોડ રૂપિયા માંગ્યા છે. તેમને પહેલા આપવામાં આવેલી છૂટ પાછી લઈ લેવામાં આવી છે.

**દિલ્હીમાં આજથી સંસદ સત્ર ચાલુ થયું. સામાન્ય રીતે સંસદ સત્રનો પહેલો દિવસ હોય છે ત્યારે સમગ્ર મીડિયા તેમજ રાજકીય નીરિક્ષકોની નજર સંસદભવન તરફ હોય છે. જોકે આજે કોકરોચ જનતા પાર્ટીએ સંસદભવન સુધી કુચનું આયોજન કર્યું હતું. વહેલી સવારથી જ જંતર મંતર ખાતે મોટી સંખ્યામાં યુવાનો ભેગા થયા હતા. દિલ્હી સિવાય દેશના બીજા ભાગોમાંથી પણ કેટલાક યુવાનો જંતર મંતર ખાતે આવ્યા હતા. કોકરોચ જનતા પાર્ટીના સંસ્થાપક અભિષેક દિપકેએ ૨૪ કલાકમાં જ પોતાના ઉપવાસ છોડી દીધા હતા**

# લોકોને દિલ્હીમાં સંસદ સત્ર કરતા આંદોલનકારીઓમાં વધારે રસ

## દેખાવકારો સંસદભવન સુધી જવા મક્કમ હોવાથી પોલીસે એમને અટકાવવા લાઠીચાર્જ અને ટીયરગેસનો ઉપયોગ કર્યો હતો



દિલ્હીમાં આજથી સંસદ સત્ર ચાલુ થયું. સામાન્ય રીતે સંસદ સત્રનો પહેલો દિવસ હોય છે ત્યારે સમગ્ર મીડિયા તેમજ રાજકીય નીરિક્ષકોની નજર સંસદભવન તરફ હોય છે. જોકે આજે કોકરોચ જનતા પાર્ટીએ સંસદભવન સુધી કુચનું આયોજન કર્યું હતું. વહેલી સવારથી જ જંતર મંતર ખાતે મોટી સંખ્યામાં યુવાનો ભેગા થયા હતા. દિલ્હી સિવાય દેશના બીજા ભાગોમાંથી પણ કેટલાક યુવાનો જંતર મંતર ખાતે આવ્યા હતા. કોકરોચ જનતા પાર્ટીના સંસ્થાપક અભિષેક દિપકેએ ૨૪ કલાકમાં જ પોતાના ઉપવાસ છોડી દીધા હતા. એમણે આમ આદમી પાર્ટીના મનીષ સિસોદિયાના હાથે પારણા કર્યા હતા. દેખાવકારો સંસદભવન સુધી જવા મક્કમ હોવાથી પોલીસે એમને અટકાવવા લાઠીચાર્જ અને ટીયરગેસનો ઉપયોગ કર્યો હતો. જોકે પોલીસને મળેલી સૂચના પ્રમાણે પોલીસે સંયમ જાળવ્યો હતો. બપોરે ૪ વાગ્યા પછી ધીમે ધીમે દેખાવકારો વિખેરાયા હતા અને જંતર મંતર પરના આંદોલન સ્થળને પણ સેનીટાઈઝ કરવામાં આવ્યું હતું.

અંદરની માહિતી પ્રમાણે સરકારને ચોક્કસ જાણકારી નહોતી કે, સંસદભવન સુધી થનાર કોકરોચ જનતા પાર્ટીની માર્ચમાં કેટલા લોકો ભેગા થશે. વહેલી સવારે જેમ જેમ પ્રદર્શનકારીઓની સંખ્યા વધવા માંડી તેમ તેમ સરકારની ચિંતા પણ વધતી ગઈ. વધુ બળ પ્રયોગ કરીને સરકાર બદનામ થવા માંગતી નહોતી. આંદોલનકારીઓની માર્ચને કવર કરવા માટે આંતરરાષ્ટ્રીય મીડિયા પણ સ્થળ પર હાજર હતું. જો પોલીસ વધુ બળપ્રયોગ કરે તો સરકારની નાલેશી થાય. હોમ સેક્રેટરી, આઈબીના ચીફ તેમજ દિલ્હીના પોલીસ કમિશનરની મીટીંગ સતત ચાલુ રહી હતી. આઈબીના કેટલાક અધિકારીઓ પ્રદર્શનકારીઓ સાથે જોડાઈ ગયા હતા કે જેથી અંદાજ મળી શકે કે એમનું આયોજન શું છે. જોકે થોડા સમય પછી સીજેપીના સંસ્થાપક અભિષેક દિપકે એકાએક ગુમ થઈ ગયા હતા અને કોઈ નેતા ન હોવાથી પ્રદર્શનકારીઓને ખબર પડતી નહોતી કે હવે આગળ વધવુ કે સ્થળ પર જ ધરણા કરવા.

કોકરોચ જનતા પાર્ટીના આંદોલનકારીઓ જંતર મંતર ખાતે ધરણા કરી રહ્યા હતા ત્યારે શબાના આઝમી અને પ્રકાશ રાજ જેવા ફિલ્મસ્ટારો ત્યાં એમને ટેકો આપવા પહોંચ્યા હતા. પ્રકાશ રાજ તો પહેલેથી જ મોદી અને ભાજપ સરકારનો સતત વિરોધ કરતા રહ્યા છે. સોશ્યલ મીડિયા પર ત્યાર પછી તમીલનાડુના મુખ્યમંત્રી થલાપતિ વિજયનો એક વીડિયો વાયરલ થયો હતો. વીડિયોમાં એવું જણાતું હતું કે થલાપતિ વિજય પણ આંદોલનકારીઓને મળવા માટે જંતર મંતર પહોંચ્યા છે. જોકે સત્તાધિશોએ ત્યાર પછી ખુલાસો કર્યો હતો કે વિજય જંતર મંતર ખાતે આવ્યા નહોતા. જોકે વાયરલ થયેલો વીડિયો સાચો હતો, પરંતુ વિજય અગાઉ બીજા કોઈ સ્થળે દેખાવકારોને મળવા ગયા હતા ત્યારનો એ વીડિયો હતો. કોઈ રાજ્યના મુખ્યમંત્રી મુલાકાત લેવાના હોય તો પ્રોટોકોલ પ્રમાણે પોલીસ પાસે એની માહિતી પહોંચી જતી હોય છે. પોલીસે એ વાતને રદિયો આપ્યો હતો કે વિજય જંતર મંતર ખાતે આવ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભલે હમેશા ટેક્નોલોજીની વાત કરતા હોય, પરંતુ એમનો પક્ષ સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરવામાં હંમેશા પાછળ રહ્યો છે. કોકરોચ જનતા પાર્ટીના આંદોલનકારીઓ સંસદભવન પર કૂચ કરીને જવાના હતા ત્યારે સવારથી જ સોશ્યલ મીડિયા પર સતત સમાચારો ચમકી રહ્યા હતા. સીજેપીના ટોચના નેતાઓ દર પાંચ મીનીટે એક્સ, ઈન્ટાગ્રામ, ફેસબુક અને વોટ્સએપ પર વિવિધ માહિતી આપતા હતા. તેઓ લખાણ અને વીડિયો દ્વારા સરકારની આકરી ટીકા પણ કરતા હતા અને સતત નરેન્દ્ર મોદી અને ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી કરતા રહેતા હતા. સરકાર તરફી મીડિયાની પણ ધોલાઈ કરવામાં આવતી હતી. બીજી તરફ સરકાર કે ભાજપ તરફથી ખૂબ જ નબળો પ્રતિસાદ સોશ્યલ મીડિયા પર જોવા મળ્યો હતો. ભાજપ ડઘાઈ ગયો હોય એમ લાગતું હતું.

આંતરરાષ્ટ્રીય રાજકીય નીરિક્ષકોમાં આજકાલ એક ગરમાગરમ ચર્ચા ચાલી રહી છે. 'યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી' (યુએનજીએ)માં ભાગ લેવા માટે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુ સપ્ટેમ્બર મહિનામાં અમેરિકા આવી રહ્યા છે. ન્યુયોર્ક શહેરના મેયર જોહરાન મમદાની નેતન્યાહુ સામે કાયદાકીય પગલા લેવા વિચારી રહ્યા છે. એમણે એક નિવેદનમાં કહ્યું હતું કે, 'મારૂ માનવું છે કે, નેતન્યાહુને 'ઈન્ટરનેશનલ ક્રિમીનલ કોર્ટ' (આઈસીસી)માં ઉભા કરવા જોઈએ. તેઓ વોર ક્રિમીનલ છે. એમની સામે આઈસીસી દ્વારા આરોપ મૂકવામાં આવ્યા છે.' આઈસીસીએ નેતન્યાહુ અને ઈઝરાયલના ભૂતપૂર્વ રક્ષા મંત્રી યોવ ગૈલેન્ટ સામે ધરપકડનું વોરન્ટ બહાર પાડયું છે. આ નેતાઓ સામે ગાઝા યુદ્ધ વખતે નિર્દોષોની હત્યા કરવાનો આરોપ છે.

ત્રિપુરાના ડીજીપી અનુરાગ ધનખડે અગરતલા પોલીસની ઓફિસમાં આત્મહત્યા કરી લીધી છે. ૧૯૯૪ બેચના આઈપીએસ અધિકારીને તરત જ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ડોક્ટરોએ એમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના પછી મુખ્યમંત્રી માણેક શાહ અને મુખ્ય સચીવ જે કે સિંહા તરત હોસ્પિટલ પહોંચ્યા હતા. ત્રિપુરાના ડીજી બનતા પહેલા ધનખડેએ ત્રિપુરામાં ડીજીપી (ઈન્ટેલીજન્સ) તરીકે કામ કર્યું હતું. ત્રણ દશકોથી વધુ લાંબી કારકીર્દી દરમિયાન તેઓ રાજ્ય પોલીસના ઘણા અગત્યના હોદ્દાઓ ઉપર રહ્યા હતા. તેઓ સીબીઆઇ અને બીએસએફમાં પણ ડેપ્યુટેશન પર ગયા હતા. ત્રિપુરાના પોલીસ ફોર્સમાં એમની આત્મહત્યા સંદર્ભે જાતભાતની વાતો થઈ રહી છે. ખાસ કરીને એમની કારકીર્દી બેદાગ રહી હોવાથી આત્મહત્યાના કારણો વિશેની ચર્ચાએ જોર પકડયું છે.

દિલ્હી હુલ્લડોના આરોપી શરજીલ ઈમામને દિલ્હીની કડકડડુમા કોર્ટે ઝાટકો આપ્યો છે. શરજીલ ઈમામએ પીએચડીની થીસીસ પુરી કરવા માટે પેન ડ્રાઈવમાં અભ્યાસ કરવાની માંગણી કરી હતી. કોર્ટે સ્પષ્ટ કહ્યું હતું કે, પેન ડ્રાઈવમાં સેવ થતી માહિતી ફક્ત જેલ અધિક્ષક જ નીયંત્રીત કરી શકે. આવી માહિતી પર નજર રાખવાનું કામ પણ જેલ નીરિક્ષકની સત્તામાં છે. કોર્ટે આ મામલો જેલ અધિક્ષકની વિવેક બુદ્ધિ પર છોડી દીધો છે. હવે જેલ અધિક્ષક જ શરજીલ ઈમામની આ માંગણી પર વિચાર કરીને નિર્ણય લેશે. શરજીલ ઈમામ છ વર્ષ કરતા વધુ સમયથી જેલમાં છે. શરજીલ ઈમામ સામે ઘણા ગંભીર આરોપો છે. સરકારને પણ શરજીલ ઈમામ સામે વાંધો હોવાથી જેલ અધિક્ષક એને પેન ડ્રાઈવનો ઉપયોગ કરવાની પરવાનગી આપે એવી શક્યતા ઓછી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભલે હમેશા ટેક્નોલોજીની વાત કરતા હોય, પરંતુ એમનો પક્ષ સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરવામાં હંમેશા પાછળ રહ્યો છે. કોકરોચ જનતા પાર્ટીના આંદોલનકારીઓ સંસદભવન પર કૂચ કરીને જવાના હતા ત્યારે સવારથી જ સોશ્યલ મીડિયા પર સતત સમાચારો ચમકી રહ્યા હતા. સીજેપીના ટોચના નેતાઓ દર પાંચ મીનીટે એક્સ, ઈન્ટાગ્રામ, ફેસબુક અને વોટ્સએપ પર વિવિધ માહિતી આપતા હતા. તેઓ લખાણ અને વીડિયો દ્વારા સરકારની આકરી ટીકા પણ કરતા હતા અને સતત નરેન્દ્ર મોદી અને ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી કરતા રહેતા હતા. સરકાર તરફી મીડિયાની પણ ધોલાઈ કરવામાં આવતી હતી. બીજી તરફ સરકાર કે ભાજપ તરફથી ખૂબ જ નબળો પ્રતિસાદ સોશ્યલ મીડિયા પર જોવા મળ્યો હતો. ભાજપ ડઘાઈ ગયો હોય એમ લાગતું હતું. આંતરરાષ્ટ્રીય રાજકીય નીરિક્ષકોમાં આજકાલ એક ગરમાગરમ ચર્ચા ચાલી રહી છે. 'યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી' (યુએનજીએ)માં ભાગ લેવા માટે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુ સપ્ટેમ્બર મહિનામાં અમેરિકા આવી રહ્યા છે. ન્યુયોર્ક શહેરના મેયર જોહરાન મમદાની નેતન્યાહુ સામે કાયદાકીય પગલા લેવા વિચારી રહ્યા છે. એમણે એક નિવેદનમાં કહ્યું હતું કે, 'મારૂ માનવું છે કે, નેતન્યાહુને 'ઈન્ટરનેશનલ ક્રિમીનલ કોર્ટ' (આઈસીસી)માં ઉભા કરવા જોઈએ. તેઓ વોર ક્રિમીનલ છે. એમની સામે આઈસીસી દ્વારા આરોપ મૂકવામાં આવ્યા છે.' આઈસીસીએ નેતન્યાહુ અને ઈઝરાયલના ભૂતપૂર્વ રક્ષા મંત્રી યોવ ગૈલેન્ટ સામે ધરપકડનું વોરન્ટ બહાર પાડયું છે. આ નેતાઓ સામે ગાઝા યુદ્ધ વખતે નિર્દોષોની હત્યા કરવાનો આરોપ છે.

# વિઘ્નમાં વરદાન અને દુઃખમાં દીક્ષા જ્યારે પરમ કૃપા લૌકિક સુખ છીનવી લે છે

## સાચું સુખ સ્વર્ગમાં નહીં,પ્રભુના ચરણમાં છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

જીવનમાં આપણે સૌ એક જ પ્રાર્થના કરીએ છીએ 'હે પ્રભુ,મને સુખ આપો.' પણ શાસ્ત્રો અને સંતો એક અજીબ વાત કહે છે. જેના પર ઈશ્વરની સૌથી વધારે કૃપા હોય છે, તેને ઈશ્વર લૌકિક સુખ સૌથી ઓછું આપે છે. સાંભળીને પહેલાં આઘાત લાગે, પછી ધીરે ધીરે સમજાય કે આ કૃપા નથી, આ તો સૌથી મોટી કૃપા છે.કારણ બહુ સ્પષ્ટ છે.લૌકિક સુખ મળે એટલે જીવ ઈશ્વરથી વિમુખ થાય છે. સુખની ગરમીમાં આપણે ભગવાનને ભૂલી જઈએ છીએ, અને દુઃખની ઠંડીમાં જ એને યાદ કરીએ છીએ.તેથી જ ભગવાન કેટલાક જીવોને સંસારના આનંદથી દૂર રાખે છે, જેથી તેઓ સંસારમાં ન અટવાય અને અલૌકિક આનંદસુધી પહોંચી શકે.

ભગવતમાં આવે છે કે ભગવાન બે રીતે કૃપા કરે છે.જેના પર સાધારણ કૃપા હોય તેને ભગવાન ધન, માન, પ્રતિષ્ઠા, આરોગ્ય આપે છે. તેનું ઘર ભરેલું રહે, કામ સફળ થાય. દુનિયા કહે'ભગવાન તેના પર મહેરબાન છે

પણ જેના પર અસાધારણ કૃપા હોય તેના માટે ભગવાન લૌકિક સુખના દરવાજા બંધ કરી દે છે. તેનો વ્યવસાય અટકે, સંબંધોમાં તકલીફ આવે, યોજનાઓ નિષ્ફળ જાય. બહારથી જોનારને લાગે કે ભગવાન રૂઠ્યા છે. પણ અંદરથી એ જ ભગવાનનો સૌથી મોટો પ્રેમ છે. કારણ કે ભગવાન જાણે છે કે જો આ જીવને સુખ મળશે તો તે સેવા- સ્મરણ છોડી દેશે.તેથી વિઘ્ન મોકલીને તેને પોતાની તરફ ખેંચે છે.

શ્રીકૃષ્ણનું સેવાસ્મરણ પણ જો આપણે લૌકિક સુખ માટે કરીએ તો તે સોદો બની જાય છે. 'તું મને આ આપ, હું તારી પૂજા કરું.' ભક્તિ પછી વ્યવહાર બની જાય. પણ સાચી ભક્તિ તો નિષ્કામ છે. વિઘ્ન આવે ત્યારે સમજવાનું કે પ્રભુ મને કંઈક મોટું આપવા જઈ રહ્યા છે. વિઘ્ન એ ના નથી,તે એક મોટા હાની તૈયારી છે.

આ વાત સૌથી તેજસ્વી રીતે વૃત્રાસુરના પ્રસંગમાં દેખાય છે. વૃત્રાસુર દૈત્ય હતો,પણ તેનું જ્ઞાન અને વૈરાગ્ય ઋષિઓને પણ શરમાવે એવું હતું. ઈન્દ્ર સાથે યુદ્ધ પહેલાં તે સ્પષ્ટ કહે છે:'ઈન્દ્ર,તારી જીત નક્કી છે.તને સ્વર્ગનું રાજ્ય મળશે. પણ હું તો મારા ઠાકોરજીના ધામમાં જઈશ, જ્યાંથી પતન નથી. તારું સ્વર્ગમાંથી પતન થશે,મારું નહીં.'

અહીં વૃત્રાસુરે જગતના સૌથી મોટા સવાલનો જવાબ આપી દીધો. સુખ ક્યાં છે?સ્વર્ગમાં નહીં, ઈશ્વરના ચરણમાં.પછી તે જે સ્તુતિ કરે છે તે વૈષ્ણવ સાહિત્યનું રત્ન છે. મહાત્માઓ આજે પણ તેના ત્રીજા શ્લોકનું રટણ કરે છે. 'હે હરિ, હું તમારા ચરણકમળનો અનન્ય દાસાનુદાસ છું. મારું મન તમારા મંગલ ગુણોનું સ્મરણ કરે, મારી વાણી તમારું ગાન કરે, મારું શરીર તમારી સેવામાં લાગ્યું રહે.'ધ્યાન આપો,તે કહે છે 'દાસ'નહીં, 'દાસાનુદાસ'. હું ભગવાનનો સીધો સેવક બનવા લાયક પણ નથી. હું તો ભગવાનના ભક્તોનો સેવક બનવા માંગુ છું. કેટલી નમ્રતા!અને પછી તે એક પછી એક બધું જ નકારી દે છે.'હે પ્રભુ,મને સ્વર્ગ નથી જોઈતું, બ્રહ્મલોકનું સામ્રાજ્ય નથી જોઈતું, રસાતળનું આધિપત્ય નથી જોઈતું, યોગની સિદ્ધિ નથી જોઈતી, અરે જન્મ-મરણમાંથી મુક્તિ પણ નથી જોઈતી. મારે તો બસ તમે જોઈએ.'

પાંખ વગરના પક્ષીનું બચ્ચું જેમ માતાની રાહ જુએ, ભૂખ્યું વાછરડું જેમ ગાયની રાહ જુએ, વિયોગી પત્ની જેમ પતિની રાહ જુએ, એવી અધીરાઈથી મારું મન તમને મળવા તરફડે છે.તે આગળ કહે છે, 'પ્રભુ, મને ગમે તે યોનિમાં જન્મ આપો, પણ જ્યાં જન્મ આપો ત્યાં તમારા પુણ્યશ્લોક ભક્તોનું સાંનિધ્ય આપજો.અને જે લોકો માયામાં ફસાઈને શરીર,ઘર,સ્ત્રી-પુત્રમાં આસક્ત છે, એમની સાથે ક્યારેય મારો સંબંધ ન થાય.'આ છે સાચી શરણાગતિ.ભક્તિ વૈરાગ્ય વગર દૃઢ થતી નથી.જ્યાં સુધી ભોગનીઈચ્છા છે ત્યાં સુધી ભક્તિ કાચી છે. વૃત્રાસુરે બતાવ્યું કે સાચો ભક્ત માગતો નથી, તે સમર્પણ કરે છે. તે એક-એક ઈન્દ્રિય પ્રભુને સોંપે છે. કાનથી કથા,જીભથી કીર્તન, મનથી સ્મરણ,શરીરથી સેવા.આ સંસારમાં લોકો મુખ્યત્વે ચાર વસ્તુઓની અપેક્ષા રાખે છે. કામસુખ શરીર અને ભોગનું સુખ. આ દેહાસક્તિ વધારે છે. દામસુખ ધનનું સુખ. આ ધનની ભૂખ જગાડે છે. ક્યારેય પૂરી થતી નથી.

*નામસુખ યશ,કીર્તિ, પ્રતિષ્ઠાનું સુખ.આ અહંકારને પોષે છે.

*રામસુખ આધ્યાત્મનું સુખ, મુક્તિની ઈચ્છા.પહેલાં ત્રણ તો સીધા બંધન છે. ચોથું સારું લાગે, પણ તે પણ જો 'હું મુક્ત થઈજાઉં' એ અહંકાર સાથે હોય તો તે પણ બંધન જ છે.વૃત્રાસુરે ચોથાનો પણ ત્યાગ કર્યો. કારણ કે જ્યાં'હું'રહ્યો ત્યાંભગવાન પૂરા નથી આવી શકતા સાચી વાત તો એ છે કે 'મને કોઈ વ્યક્તિ કે પરિસ્થિતિ દુઃખી બનાવી શકતી નથી. હું મારી પોતાની મસ્તીનો માણીગર છું'એવો શ્રધ્ધા નિતરતો આંતરિક રણકાર જ માણસને સુખી બનાવી શકે. બહારનું સુખ આવે-જાય, પણ અંદરનો આનંદ અચળ રહે તો જ જીવન શાંત બને.

જીવન એક યાત્રા છે. 'કભી સુખ હૈ,કભી દુઃખ હૈ,ઈસીકા નામ જીવન હૈ.' સુખ આવે તો ઉછળવું નહીં, દુઃખ આવે તો તૂટવું નહીં. બંને પ્રસન્નતાથી આવકારનાર જ ખરેખર આનંદમાં રહી શકે.

ગીતામાં જેને સ્થિતપ્રજ્ઞ કહ્યો છે તેને દુઃખ સ્પર્શી શકતું નથી. કારણ કે તે જાણે છે કે આ બધું આવ-જા છે. જગતમાં તડકો છે તો છાંયડો પણ છે. આંધી છે તો વરસાદની ઝડીઓ પણ છે. દુઃખને તપસ્યાનો મોકો માનવો જોઈએ.દુઃખ આપણને અંદર તરફ વાળે છે,અહંકાર ઘસે છે, પ્રભુની યાદ અપાવે છે. અને સુખને આત્મ દર્શનનો અરીસો માનવું જોઈએ. સુખમાં પણ જો આપણે ભૂલી ન જઈએ અને કૃતજ્ઞ રહીએ, તો સુખ પણ સાધના બની જાય.

સૌથી મોટી સાધના બીજા બે શબ્દોમાં છે: સુખ વહેંચવાનું ઔદાર્ય અને બીજાના દુઃખમાં સહભાગી બનવાની તત્પરતા. જ્યાં આ બે છે ત્યાં જીવન ખરેખર સાર્થક બને છે.

આખી વાતનો સાર એક જ છે. ભગવાન ક્યારેય કોઈનું અહિત નથી ઈચ્છતા. જ્યારે તે સુખ નથી આપતા ત્યારે પણ તે કૃપા જ કરી રહ્યા હોય છે. જ્યારે દરવાજા બંધ કરે છે ત્યારે પણ તે આપણને મોટા મહેલમાં લઈ જવા માંગતા હોય છે.

વૃત્રાસુર આપણને શીખવે છે કે માગવું નહીં, બનવું. દાસાનુદાસ બનવું. મન, વાણી, શરીર ત્રણેને પ્રભુને અર્પણ કરવા. અને સૌથી મોટી પ્રાર્થના એ છે કે 'પ્રભુ, મને તમારા ભક્તોનો સંગ આપો.'

જો આજે તમારા જીવનમાં કોઈ વિઘ્ન છે, કોઈ ઈચ્છા પૂરી નથી થતી, તો ગભરાશો નહીં. કદાચ એ જ નિશાની છે કે તમારા પર અસાધારણ કૃપા થવાની છે. ભગવાન તમને લૌકિકથી અલૌકિક તરફ લઈ જવા માંગે છે.અંતે યાદ રાખો, સાચું સુખ બહારની કોઈ વસ્તુમાં નથી. તે અંદરની સ્થિતિમાં છે.

# દેવશયની એકાદશી અને ચાતુર્માસ પ્રારંભ એટલે ક્ષીરસાગરમાં ભગવાનનાં આરામનું ફરમાન!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આવતી કાલે તા 25/7 એ અષાઢ સુદ અગિયારસ, એટલે કે દેવ શયની એકાદશી છે, જેને પદ્મા એકાદશી પણ કહેવામાં આવે છે. શયન કે પોઢવુ એટલે કે સૂઈ જવું ! સામાન્ય રીતે આંખો દિવસ શ્રમ કરીને માનવીની ઈન્દ્રિયોને આરામની જરૂર પડે! અને એને ચોવીસ કલાક માંથી એકંદરે આઠ કલાક નિંદ્રાની જરૂર પડે છે! જેમ હવા પાણી અને આહાર એ માનવીની પ્રાથમિક જરૂરિયાત છે, એવી જ રીતે નિંદ્રા પણ જરૂરી છે. તો શું માનવી જેમ ભગવાનને પણ આરામની જરૂર પડે, કે પછી એની પાછળ કોઈ પૌરાણિક મહાત્મ્ય જોડાયેલ છે? આ એકાદશીની પૌરાણિક કથા શું છે? પુરાણોમાં સૌથી ઉત્તમ વ્રત તરીકે એકાદશીને ગણવામાં આવ્યું છે! અને સીધાસાદા આ વ્રતનું ફળ 'વૈકુંઠના વાસી' એટલે કે જીવ ઈશ્વર ચરણે નિત્ય નિવાસ કરે છે! અષાઢની આ અગિયારસથી ચાતુર્માસનો પ્રારંભ થશે, અને એક માન્યતા અનુસાર ભગવાન વિષ્ણુ ક્ષીર સાગરમાં આરામ ફરમાવે છે! અથવા તો યોગ નિંદ્રામાં રહે છે, અને સમગ્ર સૃષ્ટિનું સંચાલન અન્ય દેવોને સોંપી જાય છે, અને તેથી આ સમય ગાળો ભક્તિ માટે શ્રેષ્ઠ ગણાય છે, જેમાં તપ, જપ, દાન અને સ્વાધ્યાય કરવાનું ફળ હજારો ગણું વધી જાય છે. તેમજ સર્વ દેવોની આરાધના કરવાનું પુણ્ય એકસાથે મળે છે. આ સમય પાપોનો નાશ કરનાર, સુખ-સમૃદ્ધિ આપનાર અને મોક્ષ પ્રદાન કરનાર માનવામાં આવે છે. પૌરાણિક કથા મુજબ ભગવાન શ્રી કૃષ્ણે યુધિષ્ઠિરને દેવશયની એકાદશીનું મહાત્મ્ય સમજાવતા કથા વર્ણવી હતી કે, સૂર્યવંશમાં માંધાતા નામનો એક પ્રતાપી રાજા હતો. તે પોતાની પ્રજાનું સંતાનની જેમ પાલન કરતો હતો. એકવાર તેના રાજ્યમાં સતત ત્રણ વર્ષ સુધી વરસાદ પડ્યો નહીં, જેથી ભયંકર દુષ્કાળ પડ્યો. પ્રજા ભૂખમરાથી પીડાવા લાગી અને દુઃખી થવા લાગી. રાજાએ આ સમસ્યાના નિવારણ માટે ઘણા યજ્ઞ અને દાન-પુણ્ય કર્યા, પણ વરસાદ ન આવ્યો.આખરે મુશ્કેલીમાં મુકાયેલા રાજા અંગિરા ઋષિના આશ્રમે પહોંચ્યા. ઋષિએ રાજાને આ દુષ્કાળમાંથી મુક્તિ મેળવવા માટે અષાઢ શુક્લ પક્ષની એકાદશી એટલે કે દેવશયની એકાદશીનું વિધિપૂર્વક વ્રત કરવાનું સૂચન કર્યું. ઋષિના આદેશ અનુસાર રાજાએ રાજ્યનાં તમામ લોકો સાથે આ એકાદશીનું વ્રત કર્યું. વ્રતના પ્રભાવથી ભગવાન વિષ્ણુ પ્રસન્ન થયા અને રાજ્યમાં પુષ્કળ વરસાદ વરસ્યો. ધરતી ફરી લીલીછમ બની અને પ્રજા ફરીથી સુખી થઈ. ચાતુર્માસની શરૂઆત આ એકાદશીથી દેવપોઢી જાય છે, તેથી તમામ શુભ કાર્યો જેમ કે લગ્ન, ગૃહપ્રવેશ ચાર મહિના માટે બંધ રહે છે. બીજી એક કથા મુજબ બલિરાજા અત્યંત દાનવીર, સત્યનિષ્ઠ અને ભગવાનના પરમ ભક્ત હતા.ભગવાન વિષ્ણુએ વામન અવતાર ધારણ કરીને બલિ પાસે ત્રણ પગલાં જેટલી જમીન માંગી. બે પગલાંમાં ભગવાને સમગ્ર પૃથ્વી અને સ્વર્ગ માપી લીધા. ત્રીજું પગલું મૂકવા માટે જગ્યા ન હોવાથી બલિએ પોતાનું મસ્તક અર્પણ કર્યું.

ભગવાન તેની ભક્તિ, સત્યનિષ્ઠા અને સમર્પણથી પ્રસન્ન થયાં, અને તેમને સુતલ લોકનું રાજ્ય આપ્યું. ત્યાર બાદ બલિએ ભગવાન પાસે એક વરદાન માંગ્યું કે:'હે પ્રભુ! તમે સદાય મારા નજીક રહો.'ભગવાને આ વચન સ્વીકાર્યું અને તેથી એવી માન્યતા છે કે આષાઢ શુક્લ એકાદશી એટલે કે દેવશયની એકાદશીથી કાર્તિક શુક્લ એકાદશી એટલે કે દેવઉઠી એકાદશી સુધીના ચાતુર્માસ દરમિયાન ભગવાન વિષ્ણુ બલીરાજાના દ્વારે રહે છે.

હજી પણ એક નાનકડી કથા છે કે જેમાં યોગ નિંદ્રા વિષ્ણુની પરમ ભક્ત હતી, અને તે ભગવાન વિષ્ણુનાં ચરણોમાં નિત્ય નિવાસ કરવા માંગતી હતી, અને એટલે એને કઠોર તપસ્યા કરી. પહેલાંના કાળમાં આ રીતે ઈશ્વરની તપસ્યા કરી તેને પ્રસન્ન કરવામાં આવતાં, અને ભક્ત તેનાં દ્વારા વરદાન પ્રાપ્ત કરતાં. ભગવાન વિષ્ણુ પણ યોગ નિંદ્રાની તપશ્ચર્યાથી પ્રસન્ન થયાં, અને તેને વરદાન માંગવા કહ્યું, યોગ નિંદ્રાએ ઈશ્વર સાથે નિત્ય નિવાસની ઈચ્છા વ્યક્ત કરી. સ્વયં ભગવાન વિષ્ણુની ઉત્પત્તિ લક્ષ્મીજીથી છે, અને પાછું આંખી સૃષ્ટિના પાલનપોષણની જવાબદારી પણ તેમનાં ભાગે છે, એટલે યોગ નિંદ્રામાં લીન કંઈ રીતે રહી શકે, પણ પછી ભગવાને એને ચાતુર્માસ સમયે પોતાની આંખમાં રહેવાની છૂટ આપી અને એટલે અત્યારે ભગવાન વિષ્ણુ શૈષ શૈયા પર આરામ કરવા ચાલ્યા જાય છે.

આ બધી તો શાસ્ત્રોક્ત વાતો છે, પણ ભગવાનનાં શયન વિશે વિચારતાં પણ અજીબ લાગે કે, ક્ષીર સાગરમાં અને એ પણ શેષનાગની શૈયા પર આરામ કંઈ રીતે ? એક તો બ્રહ્માંડમાં તરતો ગ્રહ પૃથ્વી, અને એ પૃથ્વી પણ પાછી શેષ નારાયણની ફણા પર ટકેલી, એટલે કેટલું સ્પંદન! એમાં આરામ ક્યાંથી? પણ આ વાત તો ભગવાનને જે બહાર શોધે છે કે જુવે છે એની છે. આપણે તો અંતર આત્મામાં જ ભગવાન અનુભવવાનો છે, અને એ ભગવાન ક્યાંય જતો નથી. ભક્તનાં અંતરમાં હરઘડી બદલાતાં ભાવનાનાં સમુદ્રમાં તે હિલોળા લેતો હોય છે. આપણે ત્યાં લક્ષ્મણને શેષનાગનાં અવતાર કહેવાયા છે, અને લક્ષ્મણ જેવી જાગૃતિ કોઈની નથી, એટલે જાગૃતિરૂપી શેષનાગ હોય ત્યાં જ ભગવાન એકધારુ ચાતુર્માસ સુધી રહે છે, એવું કંઈક વિચારી શકાય. પણ આ જાગૃતિ આવે ક્યાંથી? સદગુરુ કૃપા હી કેવલમ! હા કેવળ અને કેવળ સદગુરુ સાધકને જાગૃતિનું મૂલ્ય સમજાવી શકે, જાગૃતિ ન રાખવાનાં પરિણામથી આગાહ કરી શકે, અને એ કંઈ એટલું અઘરું પણ નથી! એ આચરણ કરીને શીખવી શકે. ઋતુ પણ રંગ બદલતી હોય,અને એ મુજબ ભાવ બદલતા હોય, ત્યારે આ બધું સંસારી તરીકે વિચારતા અશક્ય લાગે, અને આપણે સંન્યાસી તો થઈ શકવાનાં નથી! તો પછી એવું શું કરવું! પ્રાકૃતિક રીતે બદલાતી ઋતુ તો હજી બેલેન્સ થાય. પરંતુ વહેવારો અને સંબંધોને કારણે સુખ દુઃખરૂપી જે ઋતુ આવે છે, એમાં બેલેન્સ કરવું અઘરું પડે છે. બદલાતાં આ મનોભાવને સ્થિર કરવાં માટેનો એકમાત્ર ઉપાય છે, સારુ ખરાબ અહીં કોઈ પોતાની ઈચ્છાથી વર્તી શકતું નથી, બધું જ ઈશ્વર આધીન છે. જીવ અને એમાં પણ સંસારી એટલે ક્યારેક કોઈનાં વ્યવહારથી દુઃખી થઈ જવાય ત્યારે, સદગુરુ ચરણે જવાબ માંગતા,' ના સુખ! ના દુખ! કોઈથી હો, એવા ઊંચા વચનો સદગુરુએ ભાખ્યાં. સંબંધોનાં વ્યવહારમાં મનદુઃખ થાય ત્યારે, આવું વિચારીને જતું કરી શકાય, માફ કરી શકાય! અને એ રીતે મનોભાવ સ્થિર રાખી શકાય. પણ આ બધું પળપળની જાગૃતિ હોય તો જ શક્ય બને.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ઇન્વેસ્ટોપિયા ગ્લોબલ અમદાવાદનો ઉદ્ઘાટન સમારંભ યોજાયો

## ઉદ્ઘાટન સમારંભમાં મુખ્ય સચિવ એમ. કે. દાસ તથા સીઆઈઆઈના પ્રેસિડેન્ટ આર. મુકુંદન સહિતના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિ

**અમદાવાદ, તા.23**

ઈન્વેસ્ટોપિયા ગ્લોબલ અમદાવાદના ઉદ્ઘાટન સમારંભને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત અને UAE વચ્ચેના સંબંધો નવી ઊંચાઈએ પહોંચ્યા છે. વડાપ્રધાનના નેતૃત્વમાં ભારતની 'વિશ્વમિત્ર' તરીકેની ઈમેજને વધુ ઉજાગર કરતો આજનો આ અવસર છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ વર્ષ 2015માં UAEની મુલાકાતે ગયા હતા અને 34 વર્ષ બાદ કોઈ ભારતીય વડાપ્રધાનને UAEની મુલાકાત લીધી હતી. વડાપ્રધાનએ અત્યાર સુધીમાં સાત વખત UAEની મુલાકાત લીધી છે. UAEના રાષ્ટ્રપતિ મહામહીમ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહ્યાને પણ ભારતની પાંચ વખત મુલાકાત લઈને સંબંધોને વધુ મજબૂત બનાવ્યા છે. વર્ષ 2024ની વાઈબ્રન્ટ સમિટમાં UAEના રાષ્ટ્રપતિને ગુજરાતમાં આવકારવાની તક મળી હતી, એ પ્રસંગને મુખ્યમંત્રીએ ખાસ યાદ કર્યો હતો.

ભારત અને UAE હવે વેપાર ઉપરાંત સાંસ્કૃતિક રીતે પણ જોડાયા છે અને અબુ ધાબી ખાતે પહેલું હિન્દુ સ્વામિનારાયણ મંદિર સ્થપાયું છે, એનો ઉલ્લેખ કરીને મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે આજનો આ પ્રસંગ ગુજરાત-ભારત અને UAE માટે બે સભ્યતાઓ, બે અર્થવ્યવસ્થાઓનું મિલન જેવો છે. ગુજરાત અને UAE તો સદીઓથી અરબી સમુદ્રથી જોડાયેલા છે અને સામુદ્રિક વેપારની ઐતિહાસિક મૈત્રી રહી છે. આજના આ કાર્યક્રમથી બે ગ્લોબલ લીડર્સના નેતૃત્વમાં વિસ્તરેલા દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનશે, એવી આશા મુખ્યમંત્રીએ વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત અને UAE વચ્ચે વર્ષ 2022માં થયેલા કોમ્પ્રીહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ (CEPA)થી બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધોમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું છે. આ એગ્રીમેન્ટના પરિણામે UAE ભારતનો ત્રીજો સૌથી મોટો બિઝનેસ પાર્ટનર બન્યો છે, એવું તેમણે ઉમેર્યું હતું.

ગુજરાત અને UAE વચ્ચેના વ્યાપારી સંબંધો અંગે વાત કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ગુજરાતમાંથી કેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, જેમ્સ એન્ડ જ્વેલરી, એન્જિનિયરિંગ ઉત્પાદનો, સિરામિક્સ, ટેક્સટાઈલ્સ, એગ્રી પ્રોડક્ટ્સ અને પ્રોસેસ્ડ ફૂડની UAEમાં નિકાસ થાય છે. UAE સાથેની સમજૂતીથી ગુજરાત માટે ઈકોનોમિક પાર્ટનરશિપથી વધીને ગ્લોબલ સપ્લાય ચેઈનમાં સ્થાન મજબૂત કરવાની તક છે, એવું તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશિપના કારણે ગુજરાત ભારતનું ગ્રોથ એન્જિન અને ગ્લોબલ ગેટવે ટુ ધ ફ્યુચર બન્યું છે, એવું જણાવી મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે એક મેજર પોર્ટ અને 48 નોન-મેજર પોર્ટ્સ સાથે ગુજરાત ભારતનું સામુદ્રિક પ્રવેશદ્વાર છે. 51 ગીગાવોટથી વધુ રિન્યુએબલ એનર્જી કેપેસિટી સાથે ગુજરાત



ભારતની ક્લીન એનર્જીનું હબ પણ બન્યું છે. ગિફ્ટ સિટી ભારતનું પહેલું ફિનટેક સિટી છે. ગુજરાતમાં ત્રણ સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થયા છે અને ભારતમાં સૌથી વધુ છ સેમિકન્ડક્ટર પ્લાન્ટ મંજૂર થયા છે. ગુજરાત પરંપરાગત ઉદ્યોગોની સાથે સાથે રાઈઝિંગ સેક્ટરમાં લીડ લેવા સજ્જ છે.

ગુજરાતમાં ઉદ્યોગની અપાર ક્ષમતાઓની સાથે સાથે પ્રવાસનની પણ વિપુલ તકો છે, એવું જણાવી મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે સ્પિરિચ્યુઅલ ટૂરિઝમ, કચ્છના સફેદ રણ સહિત ડેઝર્ટ ટૂરિઝમ, શિવરાજપુર બીચ જેવા એડવેન્ચર ટૂરિઝમ અને નડાબેટ જેવા પેટ્રિયોટિક ટૂરિઝમનાં અનેક સ્થળો ગુજરાતમાં છે.

વડાપ્રધાનના વિકસિત ભારતના સંકલ્પ તથા UAEના 'We the UAE 2031'ના વિઝનની વાત કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે ગુજરાત અને UAE સહભાગીતાથી આ બંને લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં ઉત્તમ યોગદાન આપી શકે છે. આજે અહીં જે વિવિધ MoU થવાના છે તેનાથી ભારત અને UAE વચ્ચે આર્થિક સહયોગો વધુ મજબૂત થશે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે UAEના ઉદ્યોગ જગતના લીડર્સને ભારતના બેસ્ટ ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન ગુજરાતમાં તેમના નવા સાહસો અને સહભાગીતા માટે હાર્દિક આમંત્રણ પાઠવ્યું હતું.

આ પ્રસંગે UAEના આર્થિક અને પ્રવાસન મંત્રી અબ્દુલ્લા બિન તૌક અલ મારીએ જણાવ્યું હતું કે UAE અને ભારત માત્ર વેપાર જ નથી કરી રહ્યા, પરંતુ એક સક્ષમ આર્થિક કોરિડોરનું નિર્માણ કરી રહ્યા છે. UAE તથા ભારત વચ્ચેના આર્થિક સંબંધો સતત આગળ વધી રહ્યા છે, એ બાબતે તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો.

UAEની આર્થિક સ્થિતિનો ચિતાર આપતા મારીએ જણાવ્યું હતું કે UAEના જીડીપીમાં વર્ષ 2025માં 5.6 ટકાનો વૃદ્ધિ દર નોંધાયો છે. હાલમાં UAEના જીડીપીમાં નોન-ઓઈલ (બિન-તેલ) ક્ષેત્રનો ફાળો 77.3 ટકાથી વધુ છે. આર્થિક વિવિધતા અને મજબૂતી બાબતે UAE અગ્રેસર છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મારીએ વધુમાં જણાવ્યું હતું કે ભારત અને UAE વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર વર્ષ 2025માં 100 બિલિયન ડૉલરને પાર કરી ગયો છે. બંને દેશોએ વર્ષ 2032 સુધીમાં દ્વિપક્ષીય વેપાર વધારીને 200 બિલિયન ડૉલર સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

ગિફ્ટ સિટીમાં UAEના રોકાણ અંગે વાત કરતા મારીએ જણાવ્યું હતું કે ગિફ્ટ સિટી ભારત-UAEના નાણાકીય સંબંધોનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે. અબુ ધાબી ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી (ADIA) એ ગિફ્ટ સિટીમાં પોતાની પેટા કચેરી શરૂ કરી છે. બંને દેશો વચ્ચે સેમિકન્ડક્ટર, ફાઈનાન્સિયલ કોરિડોર, ફૂડ સિક્યોરિટી, ટૂરિઝમ, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લોજિસ્ટિક્સ જેવા ભવિષ્યના મહત્ત્વનાં ક્ષેત્રોમાં ભાગીદારી મજબૂત બની રહી છે, એવું તેમણે ઉમેર્યું હતું. ગુજરાતના વિકાસની પ્રશંસા કરતાં તેમણે જણાવ્યું હતું કે ગુજરાત ભારતનું સૌથી ઔદ્યોગિક રાજ્ય છે, જે દેશના કુલ ઔદ્યોગિક નિકાસમાં 20 ટકા હિસ્સો ધરાવે છે. ફૂડ પ્રોસેસિંગ, કેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, ટેક્સટાઈલ્સ અને એન્જિનિયરિંગ ક્ષેત્રે ગુજરાત અગ્રણી છે. વિદેશી મૂડીરોકાણ બાબતે પણ ગુજરાત આકર્ષક રહ્યું છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મારીએ સંવાદ(Dialogue)થી આગળ વધીને પ્રત્યક્ષ સોદાઓ (Deals) અને પ્રોજેક્ટ્સ પર અમલીકરણ કરવાની હાકલ કરી હતી. ઈન્વેસ્ટોપિયાના સીઈઓ જીન ફેર્સ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ એમ. કે. દાસ, ઉદ્યોગ અને ખાણ વિભાગનાં અગ્રસચિવ સુમમતા વર્મા, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર, CIIના પ્રેસિડેન્ટ આર. મુકુંદન, CII વેસ્ટર્ન રિજિયનના ચેરમેન વીર અડવાણી, CII ગુજરાત કાઉન્સિલના ચેરમેન અચલ બકેરી, લુલુ ગ્રૂપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર યુસુફ અલી એમ.એ. સહિતના યુએઈના ઉદ્યોગ સાહસિકો, રોકાણકારોની સાથે સાથે ગુજરાત - ભારતના ઉદ્યોગપતિઓ અને રોકાણકારો ઉપસ્થિત રહ્યા હતા.

### 17 ઓગસ્ટ 2026થી નવા માર્ગ ગાંધીગ્રામ-બોટાદ-જૂનાગઢથી ચાલશે સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ

# સોમનાથ જ્યોતિર્લિંગના દર્શનાર્થી હવે એક જ દિવસમાં દર્શન કરી સરળતાથી પરત આવી શકશે

## ગાંધીગ્રામ-બોટાદ રેલવે સેક્શનના યાત્રીઓને પહેલી વાર મળશે વંદે ભારત એક્સપ્રેસની ભેટ

**અમદાવાદ, તા.23**

રેલવે મંત્રાલયે સોમનાથ જ્યોતિર્લિંગના દર્શનાર્થીઓની સુવિધા અને યાત્રીઓને ઝડપી, આધુનિક અને આરામદાયક રેલવે સેવા ઉપલબ્ધ કરાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ હેઠળ ટ્રેન નંબર 26901/26902 સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસનું સંચાલન વર્તમાનના વિરમગામ-સુરેન્દ્રનગર-જેતલસર-જૂનાગઢ માર્ગને બદલે ગાંધીગ્રામ-બોટાદ-જૂનાગઢ માર્ગથી કરવાની મંજૂરી આપવામાં આવી છે.

આ ફેરફાર કરાયેલ માર્ગ પર વંદે ભારત એક્સપ્રેસનું નિયમિત સંચાલન 17 ઓગસ્ટ 2026 થી આરંભ થશે. નવા માર્ગથી ફક્ત સોમનાથ જનારા શ્રદ્ધાળુઓને મોટી સુવિધા જ નહીં મળે, પરંતુ



ગાંધીગ્રામ-બોટાદ રેલવે સેક્શનના યાત્રીઓને પણ પહેલી વાર વંદે ભારત એક્સપ્રેસની આધુનિક અને વિશ્વસ્તરની યાત્રાનો લાભ મળશે.

ટ્રેન નંબર 26901 સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ 17 ઓગસ્ટ 2026 થી સાબરમતીથી સવારે 06:00 કલાકે પ્રસ્થાન કરશે તથા 06:16 કલાકે ગાંધીગ્રામ અને 12:50 કલાકે વેરાવળ પહોંચશે. આ જ રીતે ટ્રેન નંબર 26902 વેરાવળ-સાબરમતી વંદે ભારત એક્સપ્રેસ વેરાવળથી 15:50 કલાકે પ્રસ્થાન કરશે તથા 21.50 કલાકે ગાંધીગ્રામ અને 22:25 કલાકે સાબરમતી પહોંચશે.

**માર્ગમાં સ્ટોપેજ**

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન ગાંધીગ્રામ, ધોળકા, ધંધુકા, બોટાદ, ધોળા, ઢસા અને જૂનાગઢ સ્ટેશનો પર રોકાશે. આ વંદે ભારત એક્સપ્રેસ ગુરૂવાર સિવાય અઠવાડિયામાં છ દિવસ સંચાલિત થશે.

**શ્રદ્ધાળુઓ માટે વિશેષ સુવિધા**

આ ટ્રેનનું સમયપત્રક વિશેષ રૂપે સોમનાથ જ્યોતિર્લિંગના દર્શનાર્થીઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે. યાત્રી સવારે સાબરમતીથી પ્રસ્થાન કરી બપોર સુધી વેરાવળ પહોંચીને ભગવાન સોમનાથના દર્શન કરી શકશે તથા એ જ દિવસે બપોર પછી વેરાવળથી પરત થઈ રાત્રી સુધી સાબરમતી પરત આવી શકશે. આનાથી એક જ દિવસમાં દર્શન કરી પરત આવવું પહેલાની સરખામણીમાં વધુ સુવિધાજનક થઈ જશે.

**ગાંધીગ્રામ-બોટાદ રેલવે સેક્શનને પહેલી વાર વંદે ભારત એક્સપ્રેસની ભેટ**

માર્ગ પરિવર્તનની સાથે ગાંધીગ્રામ-બોટાદ રેલવે સેક્શનના યાત્રીઓને પહેલી વાર દેશની સૌથી આધુનિક સેમી હાઈ-સ્પીડ ટ્રેન વંદે ભારત એક્સપ્રેસમાં યાત્રા કરવાનો અવસર મળશે. આનાથી ધોળકા, ધંધુકા, બોટાદ, ધોળા અને ઢસા જેવા મહત્વના સ્ટેશનોના યાત્રીઓને ઝડપી, સુરક્ષિત અને આરામદાયક રેલવે યાત્રાનો લાભ મળશે.

**પ્રાદેશિક કનેક્ટિવિટીને મળશે નવું પરિમાણ,**

ફેરફાર કરાયેલ માર્ગથી અમદાવાદ અને સૌરાષ્ટ્ર વિસ્તારના ધાર્મિક પર્યટન અને વેપારી કેન્દ્રો વચ્ચે સંપર્ક વધુ સુદ્રઢ થશે. યાત્રા સમયમાં ઘટાડો થવાની સાથે-સાથે યાત્રીઓને આધુનિક સુવિધાઓથી સજ્જ ઝડપી અને સુવિધાજનક રેલવે સેવા ઉપલબ્ધ થશે, જેનાથી પ્રદેશના સામાજિક, ધાર્મિક અને આર્થિક વિકાસને નવી ગતિ પ્રાપ્ત થશે.

# મોટા વરાછામાં ખાળકુવાનો સ્લેબ ધસી પડતા યુવક 15 ફૂટ ઊંડા ખાડામાં ખાબક્યો, ફાયર વિભાગ દ્વારા રેસ્ક્યૂ કરાયો

**સુરત, તા.23**

સુરત શહેરમાં ભારે વરસાદની પૃષ્ઠભૂમિ વચ્ચે મોટા વરાછા વિસ્તારમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં આઝાદ ફળિયામાં ઘરના વાડામાં ઉભેલા એક 20 વર્ષીય યુવક નીચેથી અચાનક જ ખાળકુવાનો ઉપરનો સ્લેબ ધસી પડ્યો હતો. જેના કારણે યુવક ક્ષણવારમાં જ 10થી 15 ફૂટ નીચે જમીનમાં પટકાયો હતો. આ બનાવ અંગે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર ફાઈટરોએ તાત્કાલિક સ્થળ પર પહોંચી યુવકને સહી-સલામત બહાર કાઢી હોસ્પિટલ ખસેડ્યો હતો.



મળતી વિગતો અનુસાર, મોટા વરાછામાં આવેલા શીતળા માતાના મંદિર પાસે, આઝાદ ફળિયામાં રહેતો 20 વર્ષીય અપૂર્વ દેવેન્દ્ર પટેલ પોતાના ઘરના પાછળના વાડામાં કોઈ કામ અર્થે ગયો હતો. વાડામાં એક જૂનો અને બંધ પડેલો ખાળકુવો હતો. તાજેતરમાં પડી રહેલા ભારે વરસાદના કારણે જમીનમાં ભેજ વધી જતાં અચાનક આ બંધ ખાળકુવાનો ઉપરનો ભાગ ધસી પડ્યો હતો. વાડામાં ઊભેલો અપૂર્વ કંઈ સમજે તે પહેલા જ સ્લેબના મલબા સાથે 10 થી 15 ફૂટ નીચે ઊંડા કુવામાં ખાબક્યો હતો.

અચાનક બનેલી આ ઘટનાથી પરિવારમાં અફરાતફરી મચી ગઈ હતી. અપૂર્વ નીચે પટકાયાની જાણ થતાં જ તેના પિતા દેવેન્દ્રભાઈ પટેલ તાત્કાલિક પુત્રની મદદ માટે વાડા તરફ દોડી ગયા હતા અને તેને બહાર કાઢવાનો પ્રયાસ કરવા લાગ્યા હતા. દરમિયાન ઘટના અંગે સ્થાનિકોએ તુરંત જ સુરત ફાયર બ્રિગેડને કોલ કરીને જાણ કરી હતી. કાફલા સાથે ઘટનાસ્થળે દોડી આવેલી ફાયરની ટીમે સૌપ્રથમ જોખમી સ્થિતિમાં ઉભેલા પિતા દેવેન્દ્રભાઈને સુરક્ષિત રીતે બાજુ પર ખસેડ્યા હતા.

ત્યારબાદ ફાયરના જવાનોએ સમય સૂચકતા વાપરી ખાળકુવામાં ખાસ સીડી ઉતારી હતી. ફાયર લાશ્કરોએ ભારે જહમત બાદ 15 ફૂટ ઊંડા કુવામાંથી અપૂર્વને સહી-સલામત બહાર કાઢ્યો હતો. જોકે, ઉપરથી સ્લેબ સાથે નીચે પટકાવાને કારણે તેને શરીરના ભાગે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. સ્થળ પર જ હાજર 108 એમ્બ્યુલન્સના મેડિકલ સ્ટાફે ઈજાગ્રસ્ત અપૂર્વને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે ખસેડ્યો હતો. ફાયર ઓફિસરના જણાવ્યા અનુસાર, સમયસર રેસ્ક્યૂ કામગીરી થતાં મોટી હોનારત ટળી હતી.

# વરસાદી માહોલ વચ્ચે ગટરનું પાણી 20 ઘરમાં ફરી વળ્યું: સંજયનગરમાં ફર્નિચર, અનાજ સહિતની ઘરવખરીને નુકસાન

**વડોદરા, તા.23**

વડોદરા શહેરમાં આજે સવારથી સતત વરસાદ વરસી રહ્યો છે, ત્યારે અકોટા વિસ્તારમાં દિનેશ મિલ પાસેના સંજયનગરમાં ડ્રેનેજ લાઈન ઉભરાતાં ગંદુ અને દુર્ગંધયુક્ત પાણી રહેણાંક મકાનોમાં ઘૂસી ગયું છે. ઘરોમાં પાણી ભરાઈ જતાં ઘરવખરીને નુકસાન પહોંચ્યું છે. ત્યારે રોગચાળાના ભય વચ્ચે અનેક પરિવારો સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર કરવા મજબૂર બન્યા છે.

શહેરના અકોટા-જેતલપુર વિસ્તારમાં દિનેશ મિલ નજીકના સંજયનગરમાં છેલ્લા કેટલાક સમયથી ડ્રેનેજની ગંભીર સમસ્યા સર્જાઈ છે. ડ્રેનેજ લાઈન ઉભરાતાં ગંદુ અને દુર્ગંધયુક્ત પાણી સીધું જ રહેણાંક મકાનોમાં ઘૂસી ગયું છે. પરિણામે ઘરોમાં પાણી ભરાઈ જતાં ફર્નિચર, ઘરવખરી અને અન્ય કિંમતી સામાનને ભારે નુકસાન પહોંચ્યું છે. ગંદકી અને સતત ફેલાતી દુર્ગંધને કારણે વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત વ્યાપી છે. પરિસ્થિતિ એટલી ગંભીર બની છે કે, અનેક પરિવારો પોતાના ઘરો છોડી જરૂરી સામાન સાથે સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર કરવા મજબૂર બન્યા છે. આ ઘટનાને લઈ સ્થાનિક રહીશોમાં મહાનગરપાલિકાના તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહીશોએ આક્ષેપ કર્યો છે કે, વારંવાર રજૂઆતો કરવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. તેમણે તાત્કાલિક યુદ્ધના ધોરણે ડ્રેનેજનું ગંદુ પાણી કાઢી વિસ્તારને સ્વચ્છ બનાવવાની સાથે સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવાની માંગ ઉઠાવી છે.



સ્થાનિક યુવક રમેશભાઈએ જણાવ્યું હતું કે, સંજયનગર આજુબાજુના વિસ્તારમાં જે ડ્રેનેજ લાઈનનું કામ ચાલુ છે, તે ડ્રેનેજ લાઈન અહીં નાળામાં છોડી દીધી છે. એ નાળાનું અને ગટરનું બધું પાણી અહીં ભરાઈ રહ્યું છે. નિયમ તો એવો છે કે, વિશ્વામિત્રીમાં ડ્રેનેજ કે ગટર લાઈનનું પાણી જવું ન જોઈએ. પણ આ લોકોએ બધી જ ગટર લાઈનનું પાણી અહીં આવવા દીધું છે. અહીં ચાર દિવસ સતત વરસાદ પડે તો પણ આટલું પાણી નથી ભરાતું. વધુમાં રમેશભાઈએ જણાવ્યું હતું કે, આ લોકો કંઈ કરતા જ નથી, એમને કામ કરવું જ નથી. છેલ્લાં ચાર દિવસથી ખોદકામ ચાલતું હતું. મોટા સાહેબ આવ્યા એટલે એણે કહ્યું કે પાઈપ ખોદીને નવી રીતે નાખો. પણ કર્મચારીઓએ ઉપરથી ખાડો પૂરી, પથ્થર નાખી ગટર બંધ કરી દીધી, જેથી પાણી બધું ઉપર આવી રહ્યું છે. લગભગ 15થી 20 ઘરમાં પાણી ભરાઈ ગયું છે. આજુબાજુના વિસ્તારનું ગટરનું પાણી અહીં ભેગું થઈ રહ્યું છે. નાના-નાના બાળકો રહે છે, જો તેઓ બીમાર પડશે તો એની જવાબદારી કોણ લેશે? હમણાં વચ્ચે અહીંથી મગર પણ પકડાયો હતો. મગરની પણ બીક રહે છે, કારણ કે જ્યાંથી પાણી આવે છે ત્યાંથી મગરો આ બાજુ આવી જાય છે. તંત્રએ આની યોગ્ય જવાબદારી લેવી જોઈએ. સ્થાનિક મહિલા રમીલાબેને જણાવ્યું હતું કે, ઘરમાં પાણી ઘૂસી જવાથી અમારું અનાજ અને બધો સામાન પલળી ગયો છે. ખાવા-પીવાની ખૂબ તકલીફ પડી રહી છે. ચાર-ચાર છોકરાઓ છે, એમને શું ખવડાવવું? અમારે અનાજ, પાણીની થોડી સહાયની જરૂર છે. પહેલાં ક્યારેય અમારે આટલું પાણી નહોતું ભરાતું. વિશ્વામિત્રીમાં 20 ફૂટ પાણી હોય ત્યારે જ માંડ અમારા ઘૂંટણ સુધી પાણી આવતું હતું.

પણ આ વખતે આ લોકોએ ગટર લાઈન સીધી અહીં નાખી દીધી, જેના કારણે ગટરના પાણીથી અમારા ઘરની અંદર મોટું નુકસાન થયું છે. ઘરમાં બધી જગ્યાએ પાણી ભરાઈ ગયું છે. અનાજ કે બીજો કોઈ સામાન બચ્યો નથી. એકદમથી પાણી ઘૂસી આવવાથી અમારું બધું જ નુકસાન થઈ ગયું છે.

# ભારે વરસાદની સ્થિતિને લઈ વડોદરામાં આજે શાળા-કોલેજોમાં રજા: શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે બંધ

- નિયમ ભંગ કરનાર સામે BNSની કલમ-223 મુજબ કાર્યવાહી થશે



**વડોદરા, તા.23**

વડોદરા જિલ્લાના તમામ તાલુકાઓ તથા શહેરી વિસ્તારોમાં આવેલી તમામ આંગણવાડીઓ, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ITI તેમજ કોલેજોમાં શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે બંધ રાખવાની સૂચના જારી કરવામાં આવી છે.

હવામાન વિભાગ દ્વારા 23 જુલાઈથી 25 જુલાઈ, 2026 દરમિયાન વડોદરા જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી જાહેર કરવામાં આવી છે. આ ભારે વરસાદના પગલે કોઈ અનિચ્છનિય બનાવ ન બને અને વિદ્યાર્થીઓની સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી વડોદરા જિલ્લા કલેક્ટર અનિલ ધામેલીયા દ્વારા આવતી કાલે શાળા કોલેજો બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે.

આ જાહેરનામા મુજબ આજે 24, જુલાઈ 2026, શુક્રવારના રોજ વડોદરા જિલ્લાના તમામ તાલુકાઓ તથા શહેરી વિસ્તારોમાં આવેલી તમામ આંગણવાડીઓ, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ITI તેમજ કોલેજોમાં શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે બંધ રાખવાનું ફરમાન કરવામાં આવ્યું છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, આ આદેશનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-223 મુજબ કાનૂની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. વડોદરા જિલ્લાના તમામ નાગરિકો, વાલીઓ અને વિદ્યાર્થીઓને આ નોંધ લેવા જાહેરનામા મારફત જણાવાયું છે.

# જિલ્લા જેલમાં પાકા કામના કેદીએ કાચના ટુકડા ખાધા: મહિલા અને તેના પતિના મોબાઈલ નંબરની સાથે ખરાબ કોમેન્ટ લખી પોસ્ટર સોસાયટીમાં લગાવ્યા

**રાજકોટ, તા.23**

રાજકોટ જિલ્લા જેલમાં રહેલા પાકા કામના કેદી પ્રકાશ પ્રભુદાસ દેસાણી (ઉ.વ.34) નામના યુવાને ગત તા.21ના સાંજે જેલની બેરેકમાં હતો ત્યારે અગમ્ય કારણોસર કાચના ટૂકડા ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો જેથી જેલના સ્ટાફ દ્વારા તેને પ્રાથમિક સારવાર આપી બાદમાં વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા તેને પ્રીજનર વોર્ડમાં દાખલ કરી તબીબો દ્વારા સારવાર શરૂ કરવામાં આવી હતી. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી પ્રદ્યુમનનગર પોલીસને જાણ કરતા પોલીસે કેદીનુ નિવેદન નોંધવા અને તેણે આપઘાતનો પ્રયાસ શા માટે કર્યો તે અંગે વધુ તપાસ હાથ ધરી છે. રાજકોટના રેલનગરમાં રહેતા પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા. 27.05.2026ના બપોરના સમયે પરિણીતા ઘરે હતી અને પતિ નોકરી પર ગયા હતા ત્યારે તેમની સોસાયટીમાં રહેતો હાર્દિક પોપટએ પરિણીતા તથા તેના પતિનો મોબાઈલ નંબર લખી તેમાં ખરાબ કોમેન્ટ લખી પોસ્ટર બનાવી સોસાયટીના નાકા ઉપર લગાવ્યા હતાં જેથી જે તે સમયે પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરી હતી. ત્યારબાદ હાર્દિક અવારનવાર પરણીતા તેના પુત્રોને સ્કૂલે બસમાં બેસાડવા અથવા બજારમાં ખરીદી કરવા જાય ત્યારે તેનો પીછો કરી પરિણીતા તથા તેના પતિ તેમજ તેના પુત્રોના ફોટા પાડી બીભત્સ કોમેંટ વાળા ફોટો શેર કરી હેરાન કરી અવારનવાર છેડતી કરતો હતો. પરિણીતાએ હાર્દિકને આવુ કૃત્ય કરવાની ના કહેતા તે ઉશ્કેરાય ગયો હતો અને કહેવા લાગ્યો હતો કે, જો આ બાબતે કોઈને જાણ



કરીશ તો તને તથા તારા પતિ તેમજ બાળકોને જાનથી મારી નાખીશ. દરમિયાન ગઈકાલે પણ હાર્દિકે સોસાયટીના ગ્રુપમાં બપોરના ખરાબ કોમેન્ટ કરી હોય જેથી અંતે પરિણીતા પોલીસ પાસે પહોંચી હતી જે મામલે પ્રદ્યુમનનગર પોલીસે ગુનો નોંધી આરોપીને પકડી પાડવા તજવીજ હાથ ધરી છે.

ગુમાનસિંહ ઈમાનસિંહ ઠાકુર (ઉ.વ.50) આજીડેમ ચોકડી પાસે, માનસરોવર વિસ્તારમાં ભાવનગર રોડ પર આવેલ રોનક હોટલમાં રહી ત્યાં કામ કરતા હતા. તેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે જે પત્ની સાથે વતન નેપાળ રહે છે. પરિવારનો આક્ષેપ છે કે હોટલમાં ગુમાનસિંહનો બે ત્રણ મહિનાનો પગાર બાકી હોવાથી મંગળવાર રાત્રે 10 વાગ્યાં આસપાસ તેઓ પગાર માંગવા ગયા ત્યારે હોટલ સંચાલક અને તેમની સાથેના પાંચેક લોકોએ ગુમાનસિંહને બેફામ માર માર્યો હતો જેથી ગુમાનસિંહ બેભાન થઈ ગયા હતા અને તેમને હોટલ બહાર લઈ જઈ રોડ ઉપર ક્યાંક ફેંકી બધા ત્યાંથી ચાલ્યા ગયા હતા. સવારે કોઈ રીક્ષા ચાલકનું ધ્યાન રોડની સાઈડમાં પડેલ ગુમાનસિંહ પર પડતા 108ને જાણ કરી હતી જેથી 108 મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર બાદ થોડા સ્વસ્થ થયેલ ગુમાનસિંહે પરિવારને હકીકત જણાવી હતી પોલીસે તેમનું નિવેદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નાનામવા નજીક આવાસ ક્વાર્ટરમાં રહેતા પરિવારની 13 વર્ષની પુત્રી ઘર છોડીને ચાલી જતા ગુમ થયાની તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. નાના મવા આવાસ ક્વાર્ટરમાં રહેતા અને રિક્ષા ચાલકની ધો.3માં અભ્યાસ કરતી 13 વર્ષીય પુત્રી ગઈકાલે સાંજે દાદી સાથે ઘરે હતી ત્યારે પોતાને ચાઈનીઝ ખાવું હોવાથી દાદી સામે જીદ કરતા દાદીએ ના પાડતા ઉશ્કેરાઈ ઘરેથી નીકળી જતા તેની પાછળ પાઠક સ્કૂલ સુધી તેના દાદી ગયા હતા પરંતુ ત્યાંથી અચાનક ગાયબ થઇ ગઈ હતી. પરિવારે સાંજ સુધી તપાસ કરી હતી પરંતુ કોઈ પત્તો ન મળતા પુત્રી ગુમ થયાની જાણ તાલુકા પોલીસને કરવામાં આવતા પોલીસે શોધખોળ હાથ ધરી છે.

# 'ખુદને બચાવવા માટે રમે છે...', ઝિમ્બાબ્વે સામેની શ્રેણી અગાઉ શ્રેયસ અય્યરનું નિવેદન ચર્ચામાં

**નવી દિલ્હી, તા.23**

ઈંગ્લેન્ડ અને આયરલેન્ડ પ્રવાસ પર આંચકાજનક પ્રદર્શન બાદ, ભારતીય ક્રિકેટ ટીમ હવે ઝિમ્બાબ્વે સામે 3 મેચોની T20 શ્રેણી દ્વારા એક નવી શરૂઆત કરવા માટે સજ્જ થઈ છે. શ્રેણીનો પ્રથમ મુકાબલો 23 જુલાઈના રોજ હરારેમાં રમાનાર છે. આ મહત્ત્વપૂર્ણ મેચ પૂર્વે કેપ્ટન શ્રેયસ અય્યરે ખેલાડીઓને સ્પષ્ટ અને નિડર સંદેશ આપ્યો છે કે તેઓ હારના ડર સાથે મેદાન પર ન ઉતરે અને મુક્ત મને પોતાનો સ્વાભાવિક ખેલ રમે. 'ખેલાડીઓએ હારથી ડરવાની બિલકુલ જરૂર નથી. જ્યારે પણ ખેલાડીઓ મનમાં હારનો ભય રાખે છે, ત્યારે તેઓ ડિફેન્સિવ મોડમાં આવી જાય છે અને માત્ર પોતાને બચાવવા માટે રમવા લાગે છે, જેના કારણે તેઓ પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપી શકતા નથી. મનમાંથી જ્યારે હારનો ડર નીકળી જાય છે, ત્યારે જ તમે તમારું બેસ્ટ પર્ફોર્મન્સ આપી શકો છો.'




આ સાથે જ તેણે ખેલાડીઓને ડ્રેસિંગ રૂમની બહાર થતી ચર્ચાઓ અને ટીકાઓ પર ધ્યાન આપ્યા વિના માત્ર વર્તમાન મેચ પર ફોકસ કરવાની સલાહ આપી છે.

તાજેતરમાં રમાયેલા પ્રવાસોમાં ભારતીય ટીમનું પ્રદર્શન ખૂબ જ નિરાશાજનક રહ્યું હતું, જ્યાં ટીમ એક પણ વ્હાઈટ-બોલ મુકાબલો જીતવામાં સફળ રહી નહોતી. સૌપ્રથમ આયરલેન્ડે 2 મેચોની T20 શ્રેણીમાં ભારતને 2-0થી હરાવ્યું હતું. ત્યારબાદ ઈંગ્લેન્ડે 5 મેચોની T20 શ્રેણીમાં ભારતને 4-0થી સજ્જડ શિકસ્ત આપી હતી. આ સતત પરાજયના કારણે કેપ્ટન શ્રેયસ અય્યર પર પણ કેપ્ટનશિપનું દબાણ નોંધપાત્ર રીતે વધી ગયું છે.

જોકે, અય્યરનું માનવું છે કે આ મુશ્કેલ સમયમાંથી ટીમને ઘણું શીખવા મળ્યું છે. આ હારના કારણે ખેલાડીઓને પોતાની ખામીઓ ઓળખવાની તક મળી છે અને હવે તેઓ તે નબળાઈઓ સુધારીને મેદાન પર ઉતરશે. શ્રેયસ અય્યર માટે કેપ્ટન તરીકેની શરૂઆત જીતના સંદર્ભમાં અત્યાર સુધી ફળદાયી રહી નથી. આયરલેન્ડ અને ઈંગ્લેન્ડના પ્રવાસમાં ભારત તેની કપ્તાની હેઠળ એક પણ મેચ જીતી શક્યું નથી. જોકે, બેટ્સમેન તરીકે અય્યરનો રેકોર્ડ શાનદાર રહ્યો છે. તેણે છેલ્લી 2 T20 શ્રેણીની 7 ઈનિંગ્સમાં 38.5ની એવરેજ અને 152ના સ્ટ્રાઈક રેટ સાથે કુલ 231 રન બનાવ્યા છે, જેમાં 2 અર્ધસદીનો પણ સમાવેશ થાય છે. શ્રેયસ અય્યરનો ઝિમ્બાબ્વેનો આ પ્રથમ પ્રવાસ છે. તેણે સ્વીકાર્યું છે કે હરારેની પરિસ્થિતિઓ અને હવામાન સાથે ટીમ જેટલી ઝડપથી અનુકૂળ થઈ જશે, તેટલી જ ઝડપથી શ્રેણીમાં પકડ મજબૂત બનાવી શકાશે. હવે ઝિમ્બાબ્વે સામેની આ સીરિઝમાં અય્યર કપ્તાન તરીકે પોતાની પ્રથમ જીત નોંધાવવા માટે આતુર છે.

# ભારતીય ટીમને મોટો ઝટકો, ડોપ ટેસ્ટમાં ફેલ થયો આ ખેલાડી, કોમનવેલ્થ ગેમ્સમાંથી બહાર

**નવી દિલ્હી, તા.23**

ભારતીય ખેલ જગત માટે એક અત્યંત નિરાશાજનક અને આંચકાજનક સમાચાર સામે આવ્યા છે. ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સની શરૂઆત થાય તે પહેલાં જ ભારતને મોટો ફટકો પડ્યો છે. ભારતના સ્ટાર જુડો ખેલાડી અરુણ કુમાર પ્રતિબંધિત દવાઓ લેવાના મામલામાં એટલે કે ડોપ ટેસ્ટમાં નિષ્ફળ સાબિત થયા છે. આ ગંભીર ઘટના બાદ ખેલ મંત્રાલય અને ભારતીય રમતગમત વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.




નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી અથવા સંબંધિત એન્ટી-ડોપિંગ ઓથોરિટી દ્વારા લેવામાં આવેલા સેમ્પલમાં અરુણ કુમાર દોષિત મળી આવ્યા છે, જેના કારણે હવે કોમનવેલ્થ ગેમ્સમાં તેમની ભાગીદારી પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ભારતને જુડો રમતમાંથી મેડલની મોટી આશા હતી અને અરુણ કુમાર આ ટીમનો એક મહત્ત્વનો હિસ્સો હતા. જોકે, સ્પર્ધા શરૂ થાય તે પૂર્વે જ કરાયેલા ડોપ ટેસ્ટના રિપોર્ટ પોઝિટિવ આવતા ભારતીય કેમ્પમાં સન્નાટો વ્યાપી ગયો છે. સામાન્ય રીતે મેગા ઈવેન્ટ્સ પહેલાં ખેલાડીઓની ફિટનેસ અને ક્લીન રેકોર્ડ ચકાસવા માટે આ પ્રકારના ટેસ્ટ ફરજિયાત કરવામાં આવતા હોય છે. આ ટેસ્ટમાં ફેલ થવાને કારણે હવે અરુણ કુમારને ટીમમાંથી બહાર કરી દેવામાં આવશે અને તેમની જગ્યાએ અન્ય કોઈ ખેલાડીને મોકલવામાં આવશે કે કેમ તે અંગે હજુ સત્તાવાર નિર્ણય લેવાનો બાકી છે. ડોપ ટેસ્ટમાં નિષ્ફળ રહેવા બદલ અરુણ કુમારને કામચલાઉ ધોરણે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. નિયમો અનુસાર, હવે તેમની સામે તપાસ સમિતિ બેસાડવામાં આવશે. જો તેઓ પોતાના બચાવમાં યોગ્ય પુરાવા રજૂ નહીં કરી શકે, તો તેમના પર 2થી 4 વર્ષ સુધીનો લાંબો પ્રતિબંધ પણ લાદવામાં આવી શકે છે, જે તેમની ઉભરતી રમતગમતની કારકિર્દી માટે અત્યંત ઘાતક સાબિત થશે. ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન અને જુડો ફેડરેશન ઓફ ઈન્ડિયા આ બાબતને અત્યંત ગંભીરતાથી લઈ રહ્યા છે.

# આઈસીસી ક્રમાંકમાં મોખરે પહોંચવા ગિલને એક પોઈન્ટની જરૂર

## વન-ડે ક્રમાંકમાં મોખરાના પાંચમાં ભારતના ગિલ, કોહલી અને રોહિત સામેલ

**નવી દિલ્હી, તા.23**

ભારતના ત્રણ સ્ટાર ક્રિકેટર શુભમન ગિલ, વિરાટ કોહલી અને રોહિત શર્મા આઈસીસીના તાજા વન-ડે બેટિંગ ક્રમાંકમાં મોખરાના પાંચ સ્થાન સુધી પહોંચી ગયા છે જેમાં ભારતની વન-ડે ટીમનો સુકાની શુભમન ગિલ તો મોખરાના સ્થાનથી માત્ર એક પોઈન્ટ નજીક આવી પહોંચ્યો છે.




ઈંગ્લેન્ડ સામેની તાજેતરની સિરીઝમાં ભારતનો ભલે પરાજય થયો હોય પરંતુ આઈસીસી ક્રમાંકમાં તેના ત્રણ ખેલાડીની ફાયદો થયો છે. આ ક્રમાંકમાં ન્યૂઝીલેન્ડનો ડેરેલ મિચેલ મોખરાના સ્થાને છે અને તેના પછીના ક્રમે શુભમન ગિલ છે. બંને વચ્ચે માત્ર એક પોઈન્ટનો તફાવત રહેલો છે.

ઈંગ્લેન્ડ સામેની ત્રણ મેચમાં ગિલે 188 રન ફટકાર્યા હતા. ત્રણ મેચમા ગિલે 80, 31 અને 77 રનના સ્કોર રજૂ કર્યા હતા. ડેરેલ મિચેલ હાલમાં 802 રેટિંગ પોઈન્ટ ધરાવે છે જ્યારે ગિલ પાસે 801 પોઈન્ટ છે. ત્યાર બાદ વિરાટ કોહલી 767 અને રોહિત શર્મા 758 પોઈન્ટ ધરાવે છે. રોહિત શર્માએ ઈંગ્લેન્ડ સામેની અંતિમ વન-ડે મેચમાં લોર્ડ્ઝ ખાતે સદી ફટકારી હતી. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી ત્રણ વન-ડે બાદ ઈંગ્લેન્ડના જો રૂટને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરાયો હતો. તેણે આ સિરીઝમાં 249 રન ફટકાર્યા હતા. જોકે રૂટ હાલમાં આઠમા ક્રમે છે જ્યારે તેનો સાથી બેટર બેન ડકેટ 19થી 11મા ક્રમે તથા જેકોબ બેથેલ પાંચ ક્રમની છલાંગ સાથે 64મા ક્રમે આવી ગયો છે.

ભારતનો ટી20 કેપ્ટન શ્રેયસ ઐયર વન-ડેમાં 13મા સ્થાને છે. કુલદીપ યાદવ બોલિંગમાં અગાઉ દસમા ક્રમે હતો પરંતુ હવે તે ટોપ-10માંથી બહાર થઈ ગયો છે અને 11મા ક્રમે છે. ઈંગ્લેન્ડ સામે તેને તક મળી ન હતી. બોલિંગ ક્રમાંકમાં અફઘાનિસ્તાનનો રાશીદ ખાન મોખરાના ક્રમે છે. બીજા ક્રમે પાકિસ્તાનનો અબરાર અહેમદ અને ત્રીજા સ્થાને ઈંગ્લેન્ડનો જોફરા આર્ચર છે.

# ફૂટબોલ વર્લ્ડ ચેમ્પિયન સ્પેનિશ ટીમનું મેડ્રિડમાં શાહી સ્વાગત

## મેડ્રિડમાં લગભગ 20 લાખ સમર્થકોની ભીડ ઉમટી, ટીમ રાજવી પરિવાર અને વડાપ્રધાન સાંચેઝને મળી

**મેડ્રિડ, તા.23**

સ્પેનની વર્લ્ડ કપ ચેમ્પિયન ફૂટબોલ ટીમ સોમવારે રાત્રે (ભારતમાં મંગળવારે સવારે) સ્વદેશ પરત ફરી હતી અને મેડ્રિડની રસ્તાઓ પર ટીમનું સ્વાગત કરવા માટે આશરે 20 લાખ લોકોની ભીડ ઉમટી હતી. સ્પેનિશ ટીમનું મેડ્રિડમાં શાહી સ્વાગત કરવામાં આવ્યું હતું. ન્યૂ જર્સીમાં રવિવારે રમાયેલી ફાઈનલમાં આર્જેન્ટિનાને 1-0થી હરાવ્યાના એક દિવસ બાદ સ્પેનિશ રાજધાની પહોંચ્યા પછી 26 ખેલાડીઓ અને તેમના કોચિંગ સ્ટાફે દેશના રાજવી પરિવાર અને ત્યારબાદ વડાપ્રધાન પેડ્રો સાંચેઝ સાથે મુલાકાત કરી હતી.




વડાપ્રધાન સાંચેઝે જણાવ્યું હતું કે, "અમારી રમતની શૈલી, મહેનત અને વિજય બદલ હું કોચ અને ખેલાડીઓનો આભાર માનું છું. તમને રમતા જોવામાં અમને ખરેખર ખૂબ જ આનંદ થયો છે."

ત્યારબાદ ટીમ મધ્ય મેડ્રિડમાં એક ઉત્સાહી પરેડ માટે ઓપન-ટોપ બસમાં સવાર થઈ હતી. બસ પર "સ્ટાર્સ શાઈન્સ ટુ-ગેધર" લખેલું હતું અને તેના પર ફૂટબોલરોની તસવીરો પણ લગાવવામાં આવી હતી. વર્લ્ડ કપની ટ્રોફી સાથે રાખનારા અને 'સોમોસ કેમ્પેઓનેસ' (અમે ચેમ્પિયન છીએ) લખેલી જર્સી પહેરેલા ખેલાડીઓએ માર્ગમાં ચાહકો સાથે ડાન્સ કર્યો હતો અને તેમની સાથે ઉત્સાહભેર વાતચીત કરી હતી. પરેડ શરૂ થતાં પહેલાં સ્પેનના કોચ લૂઈસ ડે લા ફુએન્ટેએ જણાવ્યું હતું કે, "આટલા ઉત્સાહી અને સમર્પિત ચાહકો ધરાવતા આ અદભૂત દેશનું પ્રતિનિધિત્વ કરવાનો અનુભવ અત્યંત ભાવનાત્મક અને ગર્વની લાગણી સભર રહ્યો છે. અમે ખુશીથી છલકાઈ ગયા છીએ."

ટીમે વડાપ્રધાનના અધિકૃત નિવાસસ્થાન મોન્ક્લોઆ પેલેસ પાસેથી મેડ્રિડના ઐતિહાસિક માર્ગો પરથી પ્રવાસ કરીને સિબેલેસ સ્ક્વેર સુધી સફર કરી હતી, જ્યાં સ્થાનિક મીડિયાને અધિકારીઓએ જણાવ્યું હતું કે એક સમારોહ માટે આશરે 1,20,000 લોકો ઉપસ્થિત રહ્યા હતા. ચોરસ આકારમાં બનાવવામાં આવેલા મંચ પર પ્રવેશતા પહેલા ખેલાડીઓનો એક પછી એક પરિચય કરાવવામાં આવ્યો હતો. દરેક ખેલાડીએ મંચ પર પ્રવેશતી વખતે વગાડવા માટે પોતપોતાનું મનપસંદ ગીત પસંદ કર્યું હતું. પોતાનો 25મો જન્મદિવસ ઉજવી રહેલા એલેક્સ બેનાએ વર્લ્ડ કપની ટ્રોફી સાથે પ્રવેશ કર્યો હતો. કોચ ડે લા ફુએન્ટેને ખેલાડીઓએ હવામાં ઉછાળીને ઉજવણી કરી હતી. તેમના માટે વગાડવામાં આવી રહેલા ગીત પર ગાનારાઓમાં કોચ પણ સામે આવ્યા હતા. એક તબક્કે સ્ટ્રાઈકર બોર્જા ઈગ્લેસિયાસે ડી.જે.ની ભૂમિકા ભજવી હતી, જ્યારે તેના સાથી ખેલાડીઓ સ્ટેજ પર ડાન્સ કરી રહ્યા હતા. ગાયકો આઈટાના, આના મેના અને લોલા ઈન્ડિગો ભીડ અને ખેલાડીઓનું મનોરંજન કરનારાઓમાં સામેલ થયા હતા. ટીમના આગમન અગાઉ સોમવારે બપોરના સુમારે ચાહકોના જૂથોએ સિબેલેસ નજીક પોતાની જગ્યાઓ સુરક્ષિત કરવાનું શરૂ કરી દીધું હતું.

# વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ જોઈ આલિયા ભટ્ટ ભાવુક, રાતના બે વાગ્યે જંતર-મંતર પહોંચી હુમા કુરૈશી

**નવી દિલ્હી, તા.23**

દિલ્હીમાં સીજેપીના નેતૃત્વ હેઠળ ચાલી રહેલા વિદ્યાર્થીઓના આંદોલન અને સોમવારે તેમના પર થયેલા લાઠીચાર્જ બાદ બોલિવૂડની ટોચની હસ્તીઓ એક પછી એક યુવાનોના સમર્થનમાં આગળ આવી રહી છે. સુપરસ્ટાર સલમાન ખાન બાદ હવે બોલિવૂડની અભિનેત્રી આલિયા ભટ્ટે પણ આ વિરોધ પ્રદર્શન અંગે પોતાનો ભાવનાત્મક પ્રતિભાવ આપ્યો છે અને વિદ્યાર્થીઓના સમર્થનમાં સોશિયલ મીડિયા પર ઈમોશનલ પોસ્ટ શેર કરી છે.





પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક હૃદયસ્પર્શી નોટ શેર કરતાં આલિયા ભટ્ટે દેશના યુવાનોની હિંમત અને સમર્પણની પ્રશંસા કરી હતી.

છેલ્લા કેટલાક દિવસોની ઘટનાઓએ મારું દિલ તોડી નાખ્યું છે અને પછી આશા સાથે તેને વારંવાર જોડ્યું પણ છે. પોતાની જગ્યા પર અડગ ઊભેલા દરેક વિદ્યાર્થી પાછળ એક સપનું, પરિવારની આશા અને અસંખ્ય બલિદાનની સફર છુપાયેલી છે. તેઓ માત્ર પોતાનું પ્રતિનિધિત્વ નથી કરી રહ્યા પણ એ દરેક વ્યક્તિનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે જેમણે તેમને સપોર્ટ કર્યો છે.

તેમની હિંમત મને નમ્ર બનાવે છે. તેમનો સંકલ્પ આપણા બધા માટે એક અરીસો છે, જે આપણને પૂછી રહ્યો છે કે શું આપણે ખરેખર એવા લોકોને સાંભળી રહ્યા છીએ જેઓ આ દેશના આવતીકાલના વારસદાર છે અને તેને ઘડવાના છે? વિદ્યાર્થીઓ માટે. વિદ્યાર્થીઓ દ્વારા. ભવિષ્ય તેમનું છે. જય હિંદ.

આલિયા ભટ્ટ પહેલાં બોલિવૂડના 'દબંગ' સુપરસ્ટાર સલમાન ખાને પણ આ આંદોલનકારી વિદ્યાર્થીઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. સલમાને પોતાના વિદ્યાર્થીકાળની એક જૂની તસવીર શેર કરીને આ વિરોધ પ્રદર્શન હિંસક બનવા પર દુઃખ વ્યક્ત કર્યું હતું.

આ એક બહુ શાંતિપૂર્ણ આંદોલન હતું, પણ તેણે હિંસક રૂપ ધારણ કર્યું તે જોઈને ખૂબ દુઃખ થયું. જે વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોને ઈજા પહોંચી છે તેમના પ્રત્યે મારી સંવેદના છે. પેપર લીક એ ખૂબ જ ગંભીર વિષય છે અને મને એ જોઈને આનંદ થાય છે કે આપણા દેશના બાળકો શ્રેષ્ઠ શિક્ષણ પ્રણાલી માટે એકસાથે આવ્યા છે અને તેમના માતાપિતાએ પણ તેમને સાથ આપ્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે યુવાનોનો આ દ્રઢ નિશ્ચય દેશને ગૌરવ અપાવશે. આ સાથે જ સલમાને અપીલ કરી હતી કે આ આંદોલનનું કોઈ રાજકીય હાઈજેકિંગ ન થવું જોઈએ અને તેનો સંપૂર્ણ શ્રેય માત્ર દેશના વિદ્યાર્થીઓને જ મળવો જોઈએ.

વિદ્યાર્થીઓને સમર્થન આપવા માટે બોલિવૂડ કલાકારો માત્ર સોશિયલ મીડિયા સુધી સીમિત નથી રહ્યા, પરંતુ જમીન પર પણ ઉતરી રહ્યા છે: હુમા કુરેશી અને સાકિબ સલીમ: ગુરુવાર, 23 જુલાઈ 2026 ના રોજ મોડી રાત્રે આશરે 2 વાગ્યે અભિનેત્રી હુમા કુરેશી તેના ભાઈ સાકિબ સલીમ સાથે દિલ્હીના જંતર-મંતર ખાતે આંદોલન સ્થળે પહોંચી હતી અને વિદ્યાર્થીઓ સાથે ઉભા રહીને ટેકો જાહેર કર્યો હતો.

અન્ય કલાકારોનું સમર્થન: આ સિવાય રાજકુમાર રાવ, પ્રકાશ રાજ, નસીરુદ્દીન શાહ, અનુપમ ખેર, શબાના આઝમી અને જાવેદ અખ્તર જેવા દેશના જાણીતા કલાકારો પણ અગાઉ વિદ્યાર્થીઓના આ આંદોલનને પોતાનું સમર્થન જાહેર કરી ચૂક્યા છે.

# અમિતાભનું વાઘ આવ્યો રે વાઘ આવ્યો, હું તો મેસ્સીની વાત કરતો હતો



**મુંબઇ, તા.23**

બોલિવૂડના મેગા સ્ટાર અમિતાભ બચ્ચને આઈસીયુમાં દાખલ થઈ સર્જરીના બ્લોગ બાબતે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે તેમાં મારી વાત જ નહોતી. હું તો આર્જેન્ટિનાની હાર બાદ ફૂટબોલના લેજન્ડ લાયોનેલ મેસ્સીની વાત કરતો હતો. અમિતાભે પોતાના બ્લોગમાં ગઈકાલે હોસ્પિટલ અને આઈસીયુની વાતો કરતાં તેમના ચાહકોમાં ચિંતા પ્રસરી ગઈ હતી.

એક અટકળ અનુસાર હાલના સંજોગોમાં કૌન બનેગા કરોડપતિની પ્રસિદ્ધિ દબાઈ ગઈ હોવાથી આવું ઓનલાઈન ગતકડું શોના નિર્માતાઓ દ્વારા માર્કેટિંગ માટે કરાવવામાં આવ્યું હોઈ શકે છે. જે હોય તે હાલ તો બીગ બી કૌન બનેગા કરોડપતિની આગામી સિઝનને સફળ બનાવવા રાતદિવસ મહેનત કરી રહ્યા છે.

અમિતાભે ચોખવટ કરતાં જણાવ્યું હતું કે જ્યારે ચેમ્પિયન હારે ત્યારે તેને માટે સૌથી મુશ્કેલ સમય પોતાની જાત સાથે મેળ પાડવાનો હોય છે. આમાં મેં સંદર્ભ આર્જેન્ટિનાની હાર અને મેસ્સી ચેમ્પિયન તરીકે હાર્યો એની વાત કરી હતી પણ લોકોએ ખોટી રીતે તેને મારી વાત માની લીધી હતી. દરેક ચેમ્પિયને જાણી લેવું જોઈએ કે સમય જતાં બીજો ચેમ્પિયન પેદાં થવાનો જ છે. ચેમ્પિયન માટે કોઈ તેનું સ્થાન લેવાનું છે તે હકીકત પચાવવાનું મુશ્કેલ હોય છે પણ આ જ તો જીવન છે. પછી અમિતાભે ફરી માંદગી અને સર્જરીની લવારી કરી છે અને છેલ્લે જણાવ્યું છેકે ચેમ્પિયન પડયા પછી પણ ઉભો થઈ શકે છે અને લડીને ફરી ચેમ્પિયન બની શકે છે. જીવનમાં અગણિત પાઠો એવા પડયા છે જે શીખવાના બાકી હોય છે. પ્રેમ અને આદર.

# સિંઘમની એનિવર્સરીએ અજય દેવગણ ભારે ટ્રોલ થયો

- **દિલ્હી દેખાવોમાં પ્રકાશ રાજની ભાગીદારી તથા અજયના મૌન સંદર્ભમાં ટ્રોલિંગ**

**મુંબઇ, તા.23**

અજય દેવગણે 'સિંઘમ ' ફિલ્મ રીલિઝ થયાની એનિવર્સરીએ પોસ્ટ મૂકી હતી. પરંતુ, લોકોએ તેને ભારે ટ્રોલ કર્યો હતો. લોકોએ એવી કોમેન્ટ કરી હતી કે અસલી હિરો તો જયકાંત શિક્રે પુરવાર થયો છે, સિંઘમ નહીં. તાજેતરમાં નીટ મુદ્દે દિલ્હીમાં યોજાઈ રહેલા દેખાવોમાં પ્રકાશ રાજ ભાગ લઈ રહ્યો છે. જ્યારે અજય સહિતના મોટાભાગના કલાકારોએ મૌન સેવ્યુ છે. તે સંદર્ભમાં લોકોએ જાતભાતની ટિપ્પણીઓ કરી હતી. કેટલાય લોકોએ જણાવ્યું હતું કે ફિલ્મી હિરો ફક્ત સ્ક્રીન પર જ બહાદૂરી દેખાડવા માટે હોય છે. વાસ્તવમાં તેઓ સત્તાથી ડરે છે અને સ્ટેન્ડ લઈ શકતા નથી. બીજી તરફ કેટલાય લોકોએ પ્રકાશ રાજની પ્રશંસા કરી હતી કે તેના પર ઈડીની કાર્યવાહી સહિતની સતામણી છતાં તે પોતાના વલણમાં અડગ છે.



ઉલ્લેખનીય છે કે મૂળ તમિલ ફિલ્મ પરથી બનાવાયેલી હિન્દી સિંઘમ એવી હીટ નીવડી હતી કે કે એ પછી રોહિત શેટ્ટીએ રણવીરને લઈ સિંબા, અક્ષયકુમારને લઈ સૂર્યવંશી અને ફરી બધાં હીરોને લઈ 'સિંઘમ અગેઈન'બનાવી કોપ યુનિવર્સના નામે ચિક્કાર કમાણી કરી હતી.

# ક્રિયેટિવ વાંધાના નામે આમિરે અશનીર ગ્રોવરની બાયોપિક છોડી

- **હવે આમિરને બદલે અશનીર ગ્રોવરના પાત્ર માટે યુવાન હીરોની શોધ**

**મુંબઇ, તા.23**

સ્ટાર્ટ અપની દુનિયાના હીરો ગણાતાં અશનીર ગ્રોવરની બાયોપિકમાંથી આમિરખાને તેના નિર્દેશક રાહુલ મોદી સાથે ક્રિયેટિવ મતભેદો પડયા હોવાનું જણાવી હટી ગયો હોવાનું જાણવા મળ્યું છે.




આ પ્રોજેક્ટમાં અશનીર ગ્રોવરની પત્ની માધુરી જૈન ગ્રોવરની ભૂમિકા શ્રદ્ધા કપૂર ભજવવાની હોવાની વાત છે. હાલ શ્રદ્ધા કપૂર અને રાહુલ મોદી ડેટિંગ કરી રહ્યાં હોવાનું કહેવાય છે. શ્રદ્ધા એક મોટા સ્ટુડિયોની સાથે આ ફિલ્મની સહનિર્માત્રી પણ બનવાની છે તેવી પણ વાત છે.

અશનીર ગ્રોવર કે ફિલ્મમેકર્સે આ ફિલ્મમાં આમિરખાન શ્રદ્ધા કપૂરનો હીરો બનશે કે કેમ તે બાબતે કોઈ નક્કર માહિતી આપી નહોતી. પણ હવે આમિરખાન આ ફિલ્મમાંથી હટી ગયો હોવાના અહેવાલો છે. હાલ આમિરખાન તેની વિખ્યાત ફિલ્મ 'થ્રી ઈડિયટ્સ'ની સિક્વલના શૂટિંગમાં વ્યસ્ત છે. જેમાં તે માધવન અને શર્મન જોશી સાથે લાંબા સમય બાદ કામ કરી રહ્યો છે. હવે આ ફિલ્મમાં અશનીરની ભૂમિકા ભજવવા માટે નવા નાની વયના હીરોની શોધ ચાલી રહી છે. આમિરખાન કે રાહુલ મોદીએ આ મામલે કશું સત્તાવાર જણાવ્યું નથી. શ્રદ્ધાના ચાહકોને એ ઈન્તેઝારી છે કે આ ફિલ્મમાં તેનો નવો હીરો કોણ બનશે.

# ITR-ફાઈલિંગ માટે 10 દિવસથી ઓછો સમય બાકી: રિટર્ન ભરવાથી સરળતાથી લોન મળે છે

**નવી દિલ્હી, તા.23**

નાણાકીય વર્ષ 2025-26 માટે ઈનકમ ટેક્સ રિટર્ન એટલે કે ITR ફાઈલ કરવા માટે હવે ગણતરીના 10 દિવસથી પણ ઓછો સમય બાકી રહ્યો છે. આવકવેરા વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી તાજેતરની માહિતી અનુસાર, 22 જુલાઈ સુધીમાં 3 કરોડથી પણ વધુ કરદાતાઓ પોતાનું રિટર્ન સક્ષમ રીતે ફાઈલ કરી ચૂક્યા છે. સામાન્ય કરદાતાઓ માટે આ નાણાકીય વર્ષનું રિટર્ન ફાઈલ કરવાની આખરી અને મહત્વપૂર્ણ તારીખ 31 જુલાઈ 2026 નક્કી કરવામાં આવી છે.

સામાન્ય રીતે ઘણા લોકોના મનમાં એવી ખોટી માન્યતા હોય છે કે જો તેમની વાર્ષિક આવક અઢી લાખ રૂપિયાથી ઓછી હોય અને તેઓ ટેક્સ ચૂકવવાના દાયરામાં આવતા ન હોય, તો તેમને ITR ભરવાની કોઈ જરૂર હોતી નથી. પરંતુ વાસ્તવિકતામાં એવું નથી. જો તમે ઈનકમ ટેક્સના સીધા દાયરામાં ન આવતા હોવ તો પણ તમારે રિટર્ન ચોક્કસપણે ફાઈલ કરવું જોઈએ, કારણ કે નિયમિત ધોરણે ITR ફાઈલ કરવાથી કરદાતાને ઘણા નાણાકીય અને પ્રક્રિયાગત ફાયદા થાય છે. ઉદાહરણ તરીકે, ભવિષ્યમાં બેંકમાંથી કોઈ પણ




પ્રકારની હોમ લોન, પર્સનલ લોન કે બિઝનેસ લોન મેળવતી વખતે રિટર્નનો દસ્તાવેજ ખૂબ જ મદદરૂપ સાબિત થાય છે.

પ્રસિદ્ધ ટેક્સ નિષ્ણાત CA આનંદ જૈને ITR ફાઈલ કરવાની મૂળભૂત વ્યાખ્યા અને તેનાથી થતા ફાયદાઓ વિશે વિગતવાર માહિતી આપી છે. સૌ પ્રથમ એ સમઝવું જરૂરી છે કે ઈનકમ ટેક્સ રિટર્ન શું છે. ITR એ એક પ્રકારનો નાણાકીય હિસાબ-કિતાબ છે જે તમે સરકારને સોંપો છો. આ દસ્તાવેજમાં તમે દર્શાવો છો કે વિતેલા નાણાકીય વર્ષ દરમિયાન તમારી કુલ કેટલી આવક થઈ, તેમાંથી કઈ કમાણી પર ટેક્સ ચૂકવવાની જવાબદારી બને છે અને કેટલો ટેક્સ તમે અગાઉથી એડવાન્સ ટેક્સ અથવા TDS તરીકે ચૂકવી દીધો છે. આ હિસાબના આધારે જ નક્કી થાય છે કે તમારે સરકારને વધારાનો ટેક્સ ચૂકવવાનો થાય છે કે પછી સરકારે તમને વધારાનો ભરેલો ટેક્સ રિફંડ સ્વરૂપે પાછો આપવાનો રહે છે.

નિયત સમયમર્યાદામાં રિટર્ન ફાઈલ ન કરવાના કિસ્સામાં કરદાતાને ભારે દંડ અને પેનલ્ટીનો સામનો કરવો પડી શકે છે. નિયમો અનુસાર, જો કોઈ વ્યક્તિગત કરદાતાની વાર્ષિક આવક 5 લાખ રૂપિયાથી વધુ હોય અને તે સમયસર રિટર્ન ના ભરે, તો તેને લેટ ફી તરીકે 5,000 રૂપિયા ચૂકવવા પડે છે. બીજી તરફ, જો કરદાતાની વાર્ષિક કમાણી 5 લાખ રૂપિયાથી ઓછી હોય, તો પણ તેને લેટ ફી તરીકે 1,000 રૂપિયાનો દંડ ભરવો પડે છે. આથી 31 જુલાઈની નિર્ધારિત તારીખ પહેલાં જ ITR ફાઈલ કરીને આ નાણાકીય દંડથી સરળતાથી બચી શકાય છે.

આજના આધુનિક યુગમાં ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ પાસે વિવિધ ડિજિટલ સ્રોતો દ્વારા કરદાતાની તમામ આર્થિક પ્રવૃત્તિઓ અને આવકની વિગતવાર માહિતી પહોંચી જતી હોય છે. જો સમયસર ITR ફાઈલ કરવામાં ન આવે, તો આવકવેરા વિભાગ તે ઉપલબ્ધ માહિતીના આધારે કરદાતાને કાયદાકીય નોટિસ મોકલી શકે છે. આ પ્રકારની નોટિસ અને તેની સાથે જોડાયેલી જટિલ મુશ્કેલીઓથી બચવા માટે સમયસર રિટર્ન સબમિટ કરવું અત્યંત ફાયદાકારક સાબિત થાય છે.

આવકવેરાના કડક નિયમો મુજબ, જો કોઈ કરદાતાએ પોતાનો ટેક્સ સમયસર ચૂકવ્યો નથી અથવા તેના પર બનતા કુલ ટેક્સના 90 ટકાથી ઓછો ટેક્સ ચૂકવ્યો છે, તો તેને કલમ 234B હેઠળ બાકી રકમ પર દર મહિને 1 ટકા વ્યાજ પેનલ્ટી તરીકે ચૂકવવું પડે છે. આ પરિસ્થિતિમાં સમયસર અને સચોટ રિટર્ન ફાઈલ કરીને વધારાના વ્યાજનો બોજ અટકાવી શકાય છે.

આ સિવાય ITR ફાઈલ કરવાનો એક મોટો ફાયદો નાણાકીય નુકસાનને આગળના વર્ષોમાં સરભર કરવાનો છે. આવકવેરાના નિયમો જણાવે છે કે જો તમે નિર્ધારિત તારીખ સુધીમાં રિટર્ન ફાઈલ કરો છો, તો તમે ચાલુ વર્ષના નાણાકીય નુકસાનને આવનારા વર્ષો માટે કેરી ફોરવર્ડ કરી શકો છો, જેનાથી આગામી સમયમાં તમારી ટેક્સની જવાબદારી નોંધપાત્ર રીતે ઘટી જાય છે. ઉદાહરણ તરીકે, જો શેરબજારના વેચાણ પર તમને કોઈ નુકસાન થયું હોય, તો તેને 8 વર્ષ સુધી કેરી ફોરવર્ડ કરી શકાય છે. પરંતુ જો તમે મોડા પડશો અથવા રિટર્ન ફાઈલ જ નહીં કરો, તો નુકસાનને કેરી ફોરવર્ડ કરવાનો આ કાયદાકીય લાભ મેળવી શકાશે નહીં.

છેલ્લે, જો તમારી કમાણીમાંથી અગાઉથી જ ટેક્સ (TDS) કાપીને સરકાર પાસે જમા કરી દેવામાં આવ્યો હોય, તો તમે ITR ફાઈલ કર્યા વિના તેને પરત મેળવી શકતા નથી, ભલે પછી તમારી વાર્ષિક આવક બેઝિક એક્ઝમ્પ્શન લિમિટથી ઓછી કેમ ન હોય. જો તમારે આ કાપવામાં આવેલો ટેક્સ રિફંડ તરીકે ક્લેમ કરવો હોય, તો તેના માટે રિટર્ન ફાઈલ કરવું અનિવાર્ય છે. રિટર્ન સબમિટ કર્યા પછી ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ તેનું મૂલ્યાંકન કરે છે અને જો રિફંડની રકમ મંજૂર થાય, તો તે રકમ સીધી તમારા લિંક થયેલા બેંક ખાતામાં જમા કરી દેવામાં આવે છે.

# સેન્સેક્સ 364 પોઈન્ટ ઘટીને 76,391 પર બંધ: નિફ્ટી 127 પોઈન્ટ ઘટીને 23,870 પર આવ્યો, ફાર્મા અને બેન્કિંગ શેરોમાં વધુ વેચવાલી

**મુંબઈ, તા.23**

ભારતીય શેરબજાર માટે આજનો દિવસ એટલે કે 23 જુલાઈ ભારે વેચવાલીનો રહ્યો છે. ગઈકાલના ઘટાડા બાદ આજે પણ બજારમાં મંદીનો માહોલ જોવા મળ્યો હતો, જેના કારણે રોકાણકારોના કરોડો રૂપિયા ધોવાઈ ગયા છે. આજના કારોબારના અંતે મુંબઈ સ્ટોક એક્સચેન્જનો સૂચકાંક સેન્સેક્સ 364 પોઈન્ટના મોટા ઘટાડા સાથે 76,391 ના સ્તરે બંધ થયો હતો. તેવી જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ 127 પોઈન્ટ તૂટીને 23,870 ના સ્તરે આવી પહોંચ્યો હતો. બજારમાં મુખ્યત્વે રિયલ્ટી, એનર્જી અને બેન્કિંગ ક્ષેત્રના શેરોમાં ભારે વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું, જેના કારણે સમગ્ર માર્કેટમાં નકારાત્મક વાતાવરણ સર્જાયું હતું.

આ ઘટાડા પાછળનું એક સૌથી મોટું કારણ આંતરરાષ્ટ્રીય સ્તરે કચડાઈ રહેલું ક્રૂડ ઓઈલનું બજાર છે. વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડની કિંમતોમાં આજે લગભગ 4 ટકાનો ઉછાળો નોંધાયો છે, જેના પરિણામે ક્રૂડ ઓઈલ પ્રતિ બેરલ 98 ડોલરના સ્તરે પહોંચી ગયું છે. બજારના નિષ્ણાતોનું માનવું છે કે જો અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનો જીઓપોલિટિકલ તણાવ વધુ વકરશે, તો આવનારા દિવસોમાં કાચા તેલની કિંમતો 120



ડોલર પ્રતિ બેરલની સપાટી પણ વટાવી શકે છે. ક્રૂડ ઓઈલની આસમાને પહોંચતી કિંમતોની સીધી માઠી અસર ભારતમાં મોંઘવારી તેમજ પેટ્રોલ અને ડીઝલના ભાવ પર જોવા મળી શકે છે, જે ભારતીય અર્થતંત્ર માટે ચિંતાનો વિષય છે.

વૈશ્વિક બજારોના સંકેતો વિશે વાત કરીએ તો, આજે એશિયન બજારોમાં મિશ્ર કારોબાર જોવા મળ્યો હતો. સાઉથ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 180 પોઈન્ટ એટલે કે 2.45 ટકાના ઉછાળા સાથે 6993 પર બંધ થયો હતો. જાપાનનો નિકેઈ પણ 309 પોઈન્ટ એટલે કે 0.47 ટકા વધીને 66424 ના સ્તરે રહ્યો હતો. તે જ સમયે હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 296 પોઈન્ટ એટલે કે 1.13 ટકાના સુધારા સાથે 25189 પર બંધ થયો હતો. આ સિવાય અમેરિકી બજારમાં પણ અગાઉના દિવસે એટલે કે 22 જુલાઈએ સુસ્તી જોવા મળી હતી, જ્યાં ડાઉ જોન્સ 6 પોઈન્ટ ઘટીને 52219, નાસ્ડેક 146 પોઈન્ટ ઘટીને 25691 અને S&P 500 પણ 10 પોઈન્ટના ઘટાડા સાથે 7499 ની સપાટીએ બંધ થયો હતો. બીજી તરફ, સંસ્થાકીય રોકાણકારોના આંકડા પર નજર કરીએ તો છેલ્લા કેટલાક દિવસોમાં વિદેશી રોકાણકારોએ રૂ. 4,660 કરોડના શેર ખરીદ્યા હોવા છતાં, તાજેતરના ડેટા અનુસાર બંને મુખ્ય કેટેગરીમાં નેટ વેચવાલી નોંધાઈ છે. આજના તાજેતરના આંકડા મુજબ ઘરેલુ સંસ્થાકીય રોકાણકારો (DII) એ રૂ. 418 કરોડની ચોખ્ખી વેચવાલી કરી છે, જોકે છેલ્લા 7 દિવસમાં તેમણે રૂ. 1,255 કરોડ અને છેલ્લા 30 દિવસમાં રૂ. 40,340 કરોડનું સકારાત્મક રોકાણ કર્યું છે. સામે પક્ષે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII/FPI) એ તાજેતરમાં રૂ. 819 કરોડ અને છેલ્લા 7 દિવસમાં રૂ. 667 કરોડની વેચવાલી કરી છે, જ્યારે છેલ્લા 30 દિવસમાં તેમનો ચોખ્ખો વેચવાલીનો આંકડો રૂ. 10,204 કરોડ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે ભારતીય શેરબજારમાં આ નકારાત્મક ટ્રેન્ડ ગઈકાલથી જ શરૂ થઈ ગયો હતો. ગઈકાલે એટલે કે 22 જુલાઈએ પણ બજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે સેન્સેક્સ 715 પોઈન્ટના કડાકા સાથે 76,755 ના સ્તરે બંધ થયો હતો અને નિફ્ટી 191 પોઈન્ટ ગગડીને 23,996 ની સપાટીએ બંધ રહ્યો હતો. આમ, સતત બીજા દિવસે બજારમાં મોટું ધોવાણ થતાં રોકાણકારોમાં અત્યારે ભય અને સાવચેતીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# સોનું ₹274 વધીને ₹1.46 લાખ પર પહોંચ્યું: 4 દિવસમાં સોનું ₹4,398 મોંઘું થયું, ચાંદી ₹360 વધીને ₹2.26 લાખ પર પહોંચી

**નવી દિલ્હી, તા.23**

ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJA દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડા અનુસાર, આજના દિવસે એટલે કે 23 જુલાઈએ સોના અને ચાંદી બંને કિંમતી ધાતુઓના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. માર્કેટમાં ચાંદીના ભાવમાં પ્રતિ કિલોગ્રામ 360 રૂપિયાનો ઉછાળો આવતા તે હવે 2.26 લાખ રૂપિયાના સ્તરે પહોંચી ગઈ છે. બીજી તરફ, સોનાની કિંમતમાં પણ તેજીનો માહોલ જોવા મળ્યો છે, જેમાં 10 ગ્રામ 24 કેરેટ સોનાના ભાવમાં 274 રૂપિયાનો વધારો નોંધાતાં તે વધીને 1.46 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. છેલ્લા ચાર દિવસના આંકડા પર નજર કરીએ તો સોના અને ચાંદી બંનેમાં જોરદાર ઝડપ જોવા મળી છે, જેમાં સોનું માત્ર ચાર દિવસમાં 4,398 રૂપિયા અને ચાંદી 10,346 રૂપિયા જેટલી મોંઘી થઈ ચૂકી છે.



વર્ષ 2026ની શરૂઆતથી જ કિંમતી ધાતુઓના બજારમાં સતત ઉતાર-ચઢાવની પરિસ્થિતિ બનેલી છે. આ ચાલુ વર્ષ દરમિયાન અત્યાર સુધીમાં સોનાની કિંમતમાં કુલ 12 હજાર રૂપિયાથી વધુનો વધારો થયો છે. ગત વર્ષના અંતે એટલે કે 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાનો ભાવ 1.33 લાખ રૂપિયાથી ઉપર હતો, જે હાલમાં વધીને 1.46 લાખ રૂપિયાના સ્તરને સ્પર્શી ગયો છે. સોનાની સરખામણીએ ચાંદીના ભાવમાં વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં થોડો ઘટાડો નોંધાયો છે, જેમાં પ્રતિ કિલોગ્રામે લગભગ 4 હજાર રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદીનો ભાવ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતો, જે અત્યારે ઘટીને 2.26 લાખ રૂપિયા પર આવી ગયો છે. નોંધનીય છે કે આ જ સમયગાળા દરમિયાન 29 જાન્યુઆરીના રોજ સોનું 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયાના પોતાના અત્યાર સુધીના સૌથી ઉચ્ચતમ સ્તરે એટલે કે ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગયા હતા.

બજારના ભવિષ્ય અંગે વાત કરતા જાણીતા કોમોડિટી નિષ્ણાત અજય કેડિયાનું માનવું છે કે સોના અને ચાંદીના ભાવ હાલમાં પોતાના સર્વોચ્ચ સ્તરથી ખૂબ જ નીચે આવી ગયા હોવાથી રોકાણકારો માટે આ એક સારો સમય સાબિત થઈ શકે છે. જોકે, તેમણે રોકાણકારોને સલાહ આપી છે કે એકસાથે બધી મૂડી રોકવાને બદલે ધીમે ધીમે રોકાણ કરવું જોઈએ. તેમના અંદાજ મુજબ વર્ષના અંત સુધીમાં બજારમાં ફરીથી મોટો ઉછાળો આવી શકે છે અને સોનું ફરી એકવાર 1.60 લાખ રૂપિયા તેમજ ચાંદી 2.80 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે.

આ સાથે જ જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે કેટલીક મહત્વપૂર્ણ સાવચેતી રાખવી જરૂરી છે. ખરીદી કરતી વખતે હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડનો હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું જ પસંદ કરવું જોઈએ, જેના પર એક ચોક્કસ આલ્ફાન્યુમેરિક કોડ લખેલો હોય છે અને તે સોનું કેટલા કેરેટનું છે તેની સ્પષ્ટ માહિતી આપે છે. આ ઉપરાંત, ખરીદીના દિવસે સોનાનું સાચું વજન અને તેનો તાજો ભાવ ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની સત્તાવાર વેબસાઈટ જેવા વિશ્વસનીય સ્રોતો પરથી ચોક્કસ ક્રોસ ચેક કરી લેવો જોઈએ, કારણ કે 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના ભાવમાં તફાવત હોય છે.

# અમેરિકા-ઈરાન વચ્ચે તણાવથી ક્રૂડ ઓઈલ $98 પાર: ક્રૂડમાં 4%નો ઉછાળો, કતારથી LNG સપ્લાય ઓક્ટોબર સુધી અટકી પડવાની આશંકા

**નવી દિલ્હી, તા.23**

અમેરિકા અને ઈરાન વચ્ચે સતત વધી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવને કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં ફરી એકવાર તીવ્ર તેજી જોવા મળી રહી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમત 4 ટકાના મોટા ઉછાળા સાથે પ્રતિ બેરલ 98 ડોલરને પાર પહોંચી ગઈ છે, જે છેલ્લા છ અઠવાડિયાનું સૌથી ઉચ્ચતમ સ્તર દર્શાવે છે. આ સાથે અમેરિકી ક્રૂડ ઓઈલ પણ વધીને $89.50 પ્રતિ બેરલની નજીક પહોંચી ગયું છે. ક્રૂડ ઓઈલના ભાવમાં આવેલા આ અચાનક ઉછાળાથી ભારતમાં ફુગાવો એટલે કે મોંઘવારી અને ઊર્જા સંકટ વધવાની ઘેરી આશંકા ઊભી થઈ છે, જેની સીધી નકારાત્મક અસર ભારતીય રૂપિયાના મૂલ્ય અને વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPI)ના નાણાકીય પ્રવાહ પર પણ પડી શકે છે. બીજી તરફ, ક્રૂડ ઓઈલ મોંઘું થવાથી ભારતની જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓના રિટેલ ફ્યુઅલ માર્જિન પર ભારે દબાણ સર્જાયું છે, જેના કારણે કંપનીઓને હાલમાં ડીઝલના વેચાણ પર પ્રતિ લિટર 20.4 રૂપિયાનું મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે તેલના ભાવમાં આવેલા આ ઉછાળા પાછળ પશ્ચિમ એશિયામાં કથળતી જતી વિષમ પરિસ્થિતિ મુખ્ય જવાબદાર છે. અમેરિકા અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ હવે માત્ર તેમની સરહદો પૂરતો મર્યાદિત ન રહેતા ફારસી ખાડીના અન્ય સંવેદનશીલ વિસ્તારોમાં પણ ઝડપથી ફેલાઈ રહ્યો છે. તાજેતરના મીડિયા રિપોર્ટ્સ મુજબ, યમનના હુતી વિદ્રોહીઓએ લાલ સાગરમાંથી પસાર થઈ રહેલા સાઉદી અરેબિયાના તેલ ટેન્કરો પર હુમલા કર્યા છે. આ હુમલાઓ હુતી જૂથ દ્વારા વૈશ્વિક વેપાર માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી બાબ-અલ-મંદેબ જળસંધિ પર નાકાબંધી કરવાની સત્તાવાર જાહેરાત કર્યાના બીજા જ દિવસે કરવામાં આવ્યા હતા, જેના કારણે સમગ્ર વિશ્વની તેલ સપ્લાય ચેઈન પર ગંભીર સંકટના વાદળો ઘેરાયા છે.




ક્રૂડ ઓઈલના વધતા ભાવ અને માર્જિન પર આવેલા દબાણની સીધી માસિક અસર ભારતીય શેરબજારમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓના શેરો પર જોવા મળી છે, જેમાં 2.5 ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે. હિન્દુસ્તાન પેટ્રોલિયમ (HPCL) ના શેરમાં 2.50 ટકાનો ઘટાડો થયો છે, જ્યારે ઈન્ડિયન ઓઈલ (IOCL)નો શેર 2 ટકા સુધી તૂટ્યો છે અને ભારત પેટ્રોલિયમ (BPCL)ના શેરમાં પણ લગભગ 1 ટકાની નબળાઈ જોવા મળી છે. ભારત પોતાની કુલ જરૂરિયાતનું લગભગ 85 ટકા જેટલું ક્રૂડ ઓઈલ વિદેશોમાંથી આયાત કરે છે, જેથી આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ મોંઘું થવાથી દેશનું આયાત બિલ ખૂબ જ વધી જાય છે. આ પરિસ્થિતિ મોંઘવારી વધારે છે અને સબંધિત કંપનીઓની કમાણી તથા માર્જિન પર પણ વિપરીત અસર પાડે છે.

દરમિયાન, બ્લૂમબર્ગના એક અહેવાલ અનુસાર, વિશ્વના અગ્રણી ગેસ નિકાસકાર કતાર એનર્જી મધ્ય-ઓક્ટોબર સુધીમાં લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG)ના શિપમેન્ટ પર 'ફોર્સ મેજર' લાગુ કરવાની તૈયારી કરી રહી છે. કતારે જૂન મહિનામાં જ એશિયા અને યુરોપના કેટલાક મુખ્ય ગ્રાહકોને સ્પષ્ટ કરી દીધું હતું કે ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનાના કાર્ગો રદ રહેશે. જો આ પ્રતિબંધ ઓક્ટોબર સુધી લંબાવવામાં આવશે, તો શિયાળાની મોસમ શરૂ થાય તે પહેલાં જ વૈશ્વિક સ્તરે ગેસનું સંકટ વધુ ગંભીર બની શકે છે, કારણ કે યુરોપિયન અને એશિયન દેશો મર્યાદિત જથ્થામાં ઉપલબ્ધ LNG મેળવવા માટે એકબીજા સાથે હરીફાઈ કરશે.

નોંધનીય છે કે આ પહેલા મે મહિનામાં પણ આંતરરાષ્ટ્રીય સ્તરે મોંઘા થયેલા ક્રૂડનો હવાલો આપીને IOC, BPCL અને HPCL એ તબક્કાવાર રીતે પેટ્રોલ અને ડીઝલ બંનેના ભાવમાં પ્રતિ લિટર 7.50 નો વધારો કર્યો હતો. દેશના 1 લાખથી વધુ પેટ્રોલ પંપોમાંથી 90 ટકાથી વધુ પંપોનું સંચાલન આ ત્રણ સરકારી કંપનીઓ દ્વારા કરવામાં આવે છે. જો પશ્ચિમ એશિયામાં આ રાજકીય અને સૈન્ય ગતિરોધ લાંબો સમય સુધી ચાલુ રહેશે, તો ક્રૂડ ઓઈલની કિંમતો ટૂંક સમયમાં જ $100 પ્રતિ બેરલનો આંકડો વટાવી શકે છે. આ સ્થિતિ આવનારા દિવસોમાં ભારતીય શેરબજારમાં મોટી અસ્થિરતા લાવી શકે છે, જેની સીધી અસર ખાસ કરીને બેન્કિંગ, ઓટોમોબાઈલ અને પેઈન્ટ ઉત્પાદક કંપનીઓના શેરો પર જોવા મળી શકે છે.

# ઐતિહાસિક મંદીનાં એંધાણ, ગ્લોબલ ઈકોનોમી ક્રેશ થશે!: પ્રખ્યાત લેખકની રોકાણકારોને ચેતવણી

**નવી દિલ્હી, તા.23**

એક તરફ જ્યાં મિડલ ઈસ્ટમાં સતત વધી રહેલા યુદ્ધના લીધે વૈશ્વિક સ્તરે તણાવ ચરમસીમા પર પહોંચી ગયો છે, તો બીજી તરફ ક્રૂડ ઓઈલના ભાવમાં આવી રહેલા તીવ્ર ઉછાળાને કારણે સમગ્ર દુનિયામાં મોંઘવારીનું સંકટ ઘેરાઈ રહ્યું છે અને વિશ્વભરના શેરબજારોમાં ભારે ઉથલપાથલ મચી ગઈ છે. આવી અત્યંત સંવેદનશીલ અને અનિશ્ચિત આર્થિક પરિસ્થિતિ વચ્ચે પ્રખ્યાત પુસ્તક 'રિચ ડેડ પુઅર ડેડ'ના જાણીતા લેખક રોબર્ટ કિયોસાકીએ ફરી એકવાર વૈશ્વિક અર્થતંત્રના મોટા પાયે ક્રેશ થવાની ગંભીર ચેતવણી આપીને બધાને ચોંકાવી દીધા છે.

વૈશ્વિક સ્તરે આર્થિક મંદીનો ભય દિનપ્રતિદિન ઘેરો બની રહ્યો છે ત્યારે રોબર્ટ કિયોસાકીએ પોતાની જૂની ભવિષ્યવાણીનું પુનરાવર્તન કરતા સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે આવનારા સમયમાં દુનિયા ઈતિહાસના સૌથી મોટા અને ભયાનક આર્થિક ઘટાડાઓમાંથી એકની સાક્ષી બની શકે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કરેલી એક ખાસ પોસ્ટમાં



કિયોસાકીએ પોતાના કરોડો ફોલોઅર્સને આ મુશ્કેલ અને પડકારજનક સમય માટે અગાઉથી માનસિક અને આર્થિક રીતે તૈયાર રહેવા માટે ભારપૂર્વક જણાવ્યું છે. તેમણે વિશ્લેષણ કરતા કહ્યું કે આવી આર્થિક મંદીની સ્થિતિમાં બે પ્રકારના લોકો હોય છે, જેમાં એક હારનારા અને બીજા જીતનારા હોય છે, પરંતુ આખી બાબત એ વાત પર નિર્ભર કરે છે કે લોકો આ વિષમ સ્થિતિમાં કેવું વર્તન કરે છે અને કેવી નાણાકીય રણનીતિ અપનાવે છે.

કિયોસાકીના જણાવ્યા અનુસાર, તેમણે પોતાના ચર્ચિત પુસ્તક 'રિચ ડેડ્સ પ્રોફેસી'માં વર્ષો પહેલા જ આવી આર્થિક પરિસ્થિતિ વિશે વિસ્તૃત ચેતવણી આપી દીધી હતી. તેમણે એવો પણ દાવો કર્યો છે કે જે વાચકોએ તે સમયે પુસ્તકમાં આપેલી સલાહ પર ધ્યાન આપ્યું અને અમલ કર્યો, તેઓ આજે કોઈપણ આર્થિક આંચકા વગર ખૂબ જ સુરક્ષિત અને સારી સ્થિતિમાં છે. આ સાથે કિયોસાકીએ ઉમેર્યું કે સામાન્ય રોકાણકારો પાસે પોતાની પરંપરાગત નાણાકીય રણનીતિ બદલવાનો હજુ પણ થોડો સમય બચ્યો છે. તેમનું દ્રઢપણે માનવું છે કે દરેક આર્થિક સંકટમાં એક મોટો વર્ગ પોતાની સંપત્તિ ગુમાવી બેસે છે, પરંતુ તેની સામે કેટલાક ચતુર રોકાણકારો એવા પણ હોય છે જેઓ યોગ્ય અને સાચી રણનીતિ અપનાવીને સંકટના આ સમયમાં પણ પહેલાં કરતાં વધુ ધનવાન બની જતા હોય છે. તેઓ ઈચ્છે છે કે લોકો નુકસાન ઉઠાવનારા લાચાર જૂથમાં સામેલ થવાને બદલે એવા સજાગ રોકાણકારો બને જેઓ આર્થિક સંકટ દરમિયાન નવી તકો શોધીને તેનો લાભ ઉઠાવી શકે.

અગાઉ પણ કિયોસાકીએ વર્ષ 2026-27 દરમિયાન ગ્લોબલ માર્કેટમાં એક મોટા ક્રેશની આશંકા વ્યક્ત કરી હતી અને આ મંદી ઐતિહાસિક સ્તરની હશે તેવી ચેતવણી આપી હતી. જોકે, તેમણે પોતાની તાજેતરની આ પોસ્ટમાં રોકાણકારોએ આ ક્ષણે તરત જ કયા ચોક્કસ ફેરફારો કરવા જોઈએ તેનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો નથી, પરંતુ તે સર્વવિદિત છે કે લેખકે આવા આર્થિક અનિશ્ચિતતા અને સંકટના સમયમાં કાગળની ચલણી નોટો પર નિર્ભર રહેવાને બદલે સોનું, ચાંદી અને બિટકોઈન જેવી મજબૂત સંપત્તિઓ પોતાની પાસે સુરક્ષિત રાખવાની હંમેશા જોરદાર હિમાયત કરી છે.

આ સિવાય 18 જુલાઈના રોજ કરવામાં આવેલા એક અન્ય ટ્વીટમાં કિયોસાકીએ સોના અને ચાંદી અંગેના પોતાના મજબૂત અભિપ્રાયને ફરીથી દોહરાવ્યો હતો. તેમણે પ્રખ્યાત અને અનુભવી રોકાણકાર જિમ રોજર્સના એ નિવેદનને પૂર્ણ સમર્થન આપ્યું હતું જેમાં કહેવાયું હતું કે આ બંને કિંમતી ધાતુઓ આગામી સમયમાં ખૂબ મોંઘી થવાની છે. ભલે ભવિષ્યમાં સોના અને ચાંદીની કિંમતોમાં જબરદસ્ત તેજી જોવા મળવાની હોય, પરંતુ આ સફર દરમિયાન રોકાણકારોએ કિંમતોમાં આવતા અચાનક અને મોટા ઘટાડા કે કલેક્શન માટે પણ માનસિક રીતે તૈયાર રહેવું પડશે. તાજેતરમાં જ જ્યારે સોના અને ચાંદી બંને ધાતુઓની કિંમતમાં તીવ્ર ઘટાડો નોંધાયો હતો, ત્યારે કિયોસાકીએ લખ્યું હતું કે તેઓ પોતાના મિત્ર જિમ રોજર્સની વાત સાથે સંપૂર્ણપણે સહમત છે અને એટલે જ તેમણે કિંમતોમાં આવેલા આ તાજેતરના ઘટાડા કે ક્રેશનો લાભ ઉઠાવીને પોતાના પોર્ટફોલિયોમાં વધુ સોનું અને ચાંદી ઉમેરી લીધા છે.

# ઊંચા ફુગાવા વચ્ચે જૂનમાં રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે 6 ટકા વધારો

**મુંબઈ, તા.23**

રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા એટલે કે 'રાય' દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના રિપોર્ટ અનુસાર, ચાલુ વર્ષના જૂન મહિનામાં દેશમાં રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે સરેરાશ ૬ ટકાનો સારો વધારો નોંધાયો છે. આંતરરાષ્ટ્રીય અને દેશી સ્તરે સાવચેતીભર્યા ખર્ચના વાતાવરણ અને ઊંચા ફુગાવાની પરિસ્થિતિ હોવા છતાં પણ દેશમાં ઉપભોગ માગમાં સતત સ્થિરતા જોવા મળી રહી છે, જે ભારતીય અર્થતંત્રની મજબૂતી દર્શાવે છે. રાયના સૂત્રોના જણાવ્યા અનુસાર મુખ્યત્વે ખાદ્ય પદાર્થો અને ક્વીક સર્વિસ રેસ્ટોરેન્ટ્સ ક્ષેત્રે થયેલા મજબૂત વેચાણે એકંદર રિટેલ ક્ષેત્રની આ વૃદ્ધિને આગળ ધપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

વિવિધ ક્ષેત્રોના આંકડાઓ પર નજર કરીએ તો, ખાદ્ય પદાર્થ તથા ગ્રોસરીના વેચાણમાં વાર્ષિક ધોરણે ૧૦ ટકાનો મોટો ઉછાળો જોવા મળ્યો છે, જ્યારે ક્વીક સર્વિસ રેસ્ટોરેન્ટ્સના વેચાણમાં ૯ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. આ સિવાય લોકોની દૈનિક જરૂરિયાતો અને જીવનશૈલી સાથે જોડાયેલી વસ્તુઓ જેવા કે પગરખાંના વેચાણમાં ૮ ટકા અને કન્ઝ્યૂમર ડ્યૂરેબલ્સ તથા ઈલેક્ટ્રોનિક્સ સાધનોમાં ૭ ટકાની સંતોષકારક વૃદ્ધિ નોંધાઈ છે. આટલું જ નહીં,




પરંતુ ગત જૂન મહિના દરમિયાન ઘરઆંગણે જ્વેલરી અને એપરલ એટલે કે તૈયાર કપડાંની માગમાં પણ તંદુરસ્ત વધારો થતો જોવા મળ્યો છે.

બજારના આ વિશ્લેષણ પરથી સ્પષ્ટ થાય છે કે ભારતના ગ્રાહકોમાં પોતાની જરૂરિયાતો અને પસંદગી મુજબ નાણાં ખર્ચ કરવાનો મૂળભૂત ઈરાદો અકબંધ રહ્યો છે. જોકે, ગ્રાહકો હવે ગમે ત્યાં પૈસા વાપરવાને બદલે મૂલ્યની દ્રષ્ટિએ વધારે સાવચેતી ધરાવી રહ્યા છે અને દરેક ખરીદી સામે યોગ્ય વળતર એટલે કે 'વેલ્યુ ફોર મની' મેળવવા પર વધુ ભાર મૂકી રહ્યા છે. જૂન મહિના દરમિયાન બજારમાં જોવા મળેલી આ સકારાત્મક માગને ધ્યાનમાં રાખીને દેશના તમામ નાના-મોટા રિટેલરો હવે આગામી તહેવારોની મોસમને લઈને ખૂબ જ આશાવાદી બન્યા છે અને ખરીદીની આ તેજી આગળ પણ જળવાઈ રહેશે તેવી અપેક્ષા રાખી રહ્યા છે. પ્રાદેશિક સ્તરે વેચાણના આંકડા તપાસીએ તો, દેશમાં સૌથી વધુ ૮ ટકાની વેચાણ વૃદ્ધિ પશ્ચિમ ભારતના રાજ્યોમાં જોવા મળી છે, જ્યારે ઉત્તર ભારતના રાજ્યોમાં આ વૃદ્ધિ દર ૭ ટકા રહ્યો છે. આ સિવાય દક્ષિણના રાજ્યોમાં ૬ ટકા અને પૂર્વના રાજ્યોમાં ૪ ટકા જેટલો વેચાણ વધારો નોંધાયો છે. બદલાતા સમય સાથે ગ્રાહકોની પસંદગી અને માગના નવા ટ્રેન્ડ્સને યોગ્ય રીતે સમજી શકાય તે માટે રિટેલરો હવે આધુનિક ટેકનોલોજી અને ડેટા એનાલિટિક્સનો મોટેપાયે ઉપયોગ કરી રહ્યા છે, જેથી તેઓ પોતાના જૂના ગ્રાહકોને જાળવી રાખી શકે અને ભવિષ્યની માગ મુજબ અગાઉથી યોગ્ય તૈયારીઓ કરી શકે.

# વરસાદે અમદાવાદને બાનમાં લીધું, સરખેજ-બોપલમાં 10 ઈંચ ખાબક્યો

## સવાર સુધીનું રેડ એલર્ટ, શહેરમાં ફરી ધમાકેદાર વરસાદ, પરિસ્થિતિ ગંભીર બની શકે





**અમદાવાદ, તા.23**

અતિભારે વરસાદે અમદાવાદને બાનમાં લીધું છે. 7 કલાકમાં 8 ઈંચથી વધુ વરસાદથી બોપલમાં સ્થિતિ વણસી છે. બંગલોમાં પાણી ઘૂસી ગયા છે. શહેરમાં અનેક સોસાયટીઓ ડૂબી છે, અંડરબ્રિજો બંધ છે, જ્યાં જુઓ ત્યાં માત્ર પાણી જ જોવા મળી રહ્યું છે. ઠેર-ઠેર ટ્રાફિક જામની સ્થિતિમાં વાહન ચાલકો ફસાયા છે તો પેલેડિયમ મોલ આગળ CM પણ થોડીવાર માટે ફસાયા હતા.

ભારે વરસાદના કારણે સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે, જેમાં સિંધુભવન, એસ.જી. હાઈવે અને બોપલ જેવા મુખ્ય વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. વાસણા બેરેજના દરવાજા પણ ખોલી નખાયા છે. આ વિકટ પરિસ્થિતિ વચ્ચે થલતેજ મેટ્રો સ્ટેશન નીચેથી એક વ્યક્તિનો મૃતદેહ મળી આવતાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

ભારે વરસાદના કારણે અમદાવાદની તમામ સ્કૂલોમાં આજે અને આવતીકાલે રજા જાહેર કરવામાં આવી છે. બપોર બાદ વરસાદ ફરી શરૂ થયો છે. તેમજ સવાર સુધીનું રેડ એલર્ટ છે.

અમદાવાદમાં સવારે 9:00 વાગ્યાથી સાંજે 5:00 વાગ્યા સુધી સરેરાશ સવા ચાર ઇંચ જેટલો વરસાદ પડ્યો છે. જેમાં સૌથી વધારે સરખેજમાં 10 ઈંચ અને બોપલમાં 10 ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. સવારના 9થી 1 વાગ્યા સુધીમાં જ અમદાવાદમાં પૂર જેવી સ્થિતિ ઉભી થઈ ગઈ હતી. બોપલ અને સરખેજમાં તો માત્ર 4 કલાકમાં જ 8 ઈંચ વરસાદ પડી ગયો હતો.

ભારે વરસાદના કારણે સરખેજ વિસ્તારમાં આવેલી એલ.જે યુનિવર્સિટીમાં પાણી ભરાઈ ગયા છે. પાર્કિંગના બેજમેન્ટમાં પાણી ભરાતા વાહનો બંધ થઈ ગયા છે. તેમજ નદીની જેમ પાણી બેઝમેન્ટમાં જઈ રહ્યું હોય તેવી વીડિયો પણ સામે આવ્યો છે. મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે 3 કલાકમાં 6 ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. બોપલમાં સૌથી વધુ વરસાદ પડ્યો છે. સરખેજ, બોપલ, જોધપુર સહિતના વિસ્તારોમાં વરસાદ ખૂબ પડ્યો છે. મેયર સહિતના પદાધિકારીઓ સાથે સ્થળ પર વિઝીટ કરવામાં આવી છે. બોપલ સહિતના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ રહ્યા છે.

અમદાવાદમાં વધારે વરસાદના પગલે બે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર અને સ્ટાફમાં વધારો કરવામાં આવ્યો છે. તમામ મદદ લોકોને કરવામાં આવશે. 26 જેટલા વરુણ પંપ દ્વારા પાણી કાઢવાની કામગીરી કરવામાં આવે છે. શહેરીજનોને અપીલ છે કે વરસાદના પગલે લોકો અત્યારે પાણી ઉકાળું અને ક્લોરિનયુક્ત પાણી પીવે એવી અપીલ છે. આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી છે જેના પગલે લોકોને બિનજરૂરી બહાર ન નીકળવા અપીલ કરીએ છીએ. ક્યાંય પણ સ્ટ્રીટલાઈટના પોલને અડકવું નહીં. શહેર પોલીસ સાથે સંકલન કરી AMC અને ટ્રાફિક પોલીસ સાથે રહીને કામગીરી કરવામાં આવી છે. લોકોના સ્વાસ્થ્યની ચિંતા કરવામાં આવી છે. વરસાદી પાણીના નિકાલની કામગીરી હાલમાં ચાલી રહી છે. પશ્ચિમ વિસ્તારમાં આવેલા ઉત્તર અને દક્ષિણ ઝોનમાં 104 જેટલી સોસાયટીઓમાં વરસાદી પાણી ભરાયેલા છે. જેમાં નિકાલ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. ભૂગોળ મુજબ બોપલ અને ઘુમા તરફનો ઢાળ છે અને રકાબી જેવો વિસ્તાર છે. વરસાદી પાણીની લાઈનો અને વેસ્ટર્ન ટ્રન્ક લાઇન હોવાના કારણે તળાવોમાં પાણી ભરાયા છે. ઝડપથી પાણીનો નિકાલ પણ થયો છે.

શીલજ ગામમાં પણ ભારે વરસાદના કારણે જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. ગામમાં પ્રવેશવાના ગેટ પાસેથી જ કમરસમા પાણી ભરાઈ ગયા હતા. તેમજ દુકાનોમાં પણ પાણી ઘૂસી જતા લોકો પાણી બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે.

અમદાવાદ શહેરમાં સવારથી પડેલા ભારે વરસાદના કારણે અખબારનગર અને મકરબા અંડરપાસ બંધ છે. મીઠાખળી અને પરિમલ અંડર પાસમાં સફાઈની કામગીરી પૂરી થવા આવી છે અને અંદાજિત 30 મિનિટમાં શરૂ કરશે.

દુકાનોમાં 4 થી 5 ફૂટ જેટલા પાણી ભરાતા દુકાનદારો મુશ્કેલીમાં મુકાયા છે.દુકાનનો સામાન પણ ખરાબ થઈ ગયો છે.મોટા ભાગની ખાણીપીણીની દુકાનો હતો. દુકાનદારોએ જાતે જ ડોલ વડે પાણી બહાર કાઢ્યું છે.હાલ તમામ દુકાનો બંધ કરી દેવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં બપોર બાદ ફરી એકવાર મેઘરાજાની બેટિંગ શરૂ થઈ છે. સાબરમતી રિવરફ્રન્ટ, પાલડી, જમાલપુર, આશ્રમ રોડ સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ શરૂ થયો છે. શહેરના વેજલપુર વિસ્તારમાં આવેલા શ્રીનંદ નગર સોસાયટી બહાર સોનલ સિનેમા રોડ પર વરસાદી પાણી ભરાયા છે. જ્યાં દર વર્ષે વરસાદી પાણી ભરાય છે છતાં પણ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તેનો નિકાલ લાવવા આવતો નથી.

## 'મમ્મી, બધા સૂઈ ગયા પછી પપ્પા ખરાબ હરકત કરે છે': અમદાવાદમાં સગા પિતાના સગીર દીકરી સાથે શારીરિક અડપલાં

**અમદાવાદ, તા.23**

અમદાવાદના વાડજ-નારણપુરા વિસ્તારમાં પવિત્ર બાપ-દીકરીના સંબંધને કલંકિત કરતી અને માનવતા શરમાઈ જાય તેવી ચોંકાવનારી ઘટના સામે આવી છે. પોતાની સગીર વયની દીકરી સાથે રાત્રિના અંધારામાં શારીરિક અડપલાં કરનારા કળયુગી પિતા સામે માતાએ હિંમત દાખવીને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. બનાવ અંગે પોલીસમાં ફરિયાદ થતાં જ આરોપી પિતા ઘર છોડીને ફરાર થઈ ગયો છે.



મળતી માહિતી અનુસાર વાડજ-નારણપુરા વિસ્તારમાં રહેતા એક પરિવારનું ઘર નાનું હોવાથી તમામ સભ્યો એક જ રૂમમાં સૂતા હતા. એક દીકરી પિતાની છત્રછયામાં પોતાને સૌથી સુરક્ષિત સમજતી હોય છે, પરંતુ રાત્રે પરિવારના તમામ સભ્યો સૂઈ જાય ત્યારબાદ પિતા પોતાની જ સગીર દીકરીની નજીક જઈને અશોભનીય હરકતો અને શારીરિક અડપલાં કરતો હતો. શરૂઆતમાં દીકરીને આ હરકતો અંગે ખ્યાલ આવ્યો નહોતો.

જોકે, પિતાની શંકાસ્પદ વર્તણૂક પર ધ્યાન આપતાં તેને ખાતરી થઈ ગઈ હતી કે પિતા તેની સાથે ગેરવર્તન કરી રહ્યા છે. આ ઘટનાથી ડરી ગયેલી દીકરી ગુમસૂમ રહેવા લાગી હતી. સવારે પિતા નિત્યક્રમ પૂર્ણ કરી નોકરીએ ગયા બાદ દીકરીએ ડરતા ડરતા પોતાની માતાને સમગ્ર આપવીતી જણાવી હતી. દીકરીની વાત સાંભળીને સ્તબ્ધ થઈ ગયેલી માતાએ પોતાના સાસુ અને પરિવારના અન્ય સભ્યો સાથે ચર્ચા કરી હતી.

માતાએ પતિને ફોન કરીને પૂછપરછ કરતાં તેણે 'ભૂલથી હાથ અડી ગયો હશે' તેમ કહીને વાત ગોળગોળ ફેરવવાનો પ્રયાસ કર્યો હતો. પતિના જવાબથી શંકા દ્રઢ બનતાં માતાએ દીકરીના રક્ષણ અને ન્યાય માટે પોતાના જ પતિ વિરુદ્ધ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હોવાની જાણ થતાં જ આરોપી પિતા પોતાનો ફોન સ્વિચ ઓફ કરીને ફરાર થઈ ગયો છે. સ્થાનિક પોલીસે બનાવ અંગે સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધીને ફરાર પિતાને ઝડપી પાડવા માટે શોધખોળ હાથ ધરી છે.

## સુરત નાસીરનગર ડિમોલિશન મુદ્દે હાઈકોર્ટમાં સુનાવણીની શક્યતા

### હાઈકોર્ટે ડિમોલિશન ખાનગી જમીન ઉપર જ થયું હોવાનો મત વ્યક્ત કર્યો હતો, SMC કમિશનરના રોલ ઉપર પ્રશ્ન ઉઠાવ્યા હતા

**અમદાવાદ, તા.23**

સુરતના નાસીરનગર ડિમોલિશન કેસમાં 26 અરજદારો દ્વારા કરવામાં આવેલી અરજી પર ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી ચાલી રહી છે, જેમાં SMC, સુરત પોલીસ, SOG, ટોરેન્ટ પાવર અને ખાનગી બિલ્ડર સહિતના પક્ષકારો સામે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. હાઈકોર્ટે સખત વલણ અપનાવતા મત વ્યક્ત કર્યો હતો કે આ ડિમોલિશન કાયદાકીય પ્રક્રિયા



વગર અને ખાનગી વ્યક્તિ/બિલ્ડરના ફાયદા માટે કરવામાં આવ્યું છે. 30-40 વર્ષથી રહેતા 150થી વધુ પરિવારોને અચાનક બેઘર કરી દેવાયા છે.

સસ્પેન્ડેડ એક્ઝિક્યુટિવ એન્જિનિયરની એફિડેવિટ અને મોબાઈલ મેસેજના પુરાવા ટાંકીને કોર્ટે SMC કમિશનરની ભૂમિકા સામે પ્રશ્નો ઉઠાવ્યા છે. કમિશનર સામે પ્રથમદર્શી આક્ષેપો હોવા છતાં તેઓ હજુ સુધી પોતાના હોદ્દા પર કેમ છે અને તેમની સામે પ્રાથમિક તપાસ કે કાર્યવાહી કેમ ન થઈ, તે અંગે રાજ્ય સરકાર સામે નારાજગી વ્યક્ત કરી હતી. સરકાર દ્વારા બનાવાયેલી તપાસ કમિટી અને SITના રિપોર્ટને કોર્ટે આંખમાં ધૂળ નાખનારો ગણાવ્યો હતો. કોર્ટે પૂછ્યું કે જો આક્ષેપિત અધિકારી જ હોદ્દા પર રહેશે તો નિષ્પક્ષ તપાસ કેવી રીતે શક્ય બનશે?

સરકારે પીડિતો માટે 120 ફ્લેટના પુનઃવસનની વાત કરી ત્યારે કોર્ટે સ્પષ્ટ કહ્યું કે, આ પુનઃવસન પ્રજાના કે રાજ્યના ખર્ચે નહીં, પરંતુ આ ઘટના માટે જવાબદાર અને દોષિત અધિકારીઓના ખર્ચે થવું જોઈએ.

## દહેગામના યુવકનું વિદેશ જવાનું સપનું રોળાયું: કેનેડાના સ્ટુડન્ટ વિઝાના નામે બોપલની મહિલા એજન્ટે યુવક પાસેથી 24.92 લાખ પડાવ્યા

**ગાંધીનગર, તા.23**

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના પાલૈયા ગામના 26 વર્ષીય ખેડૂત યુવકને કેનેડાના સ્ટુડન્ટ વિઝા અપાવવાની લાલચ આપી 24.92 લાખની માતબર રકમની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે બોપલ ખાતે આવેલી 'બી.આર. કન્સલ્ટન્સી'ની મહિલા એજન્ટ વિરુદ્ધ દહેગામ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

ચાર વર્ષ પહેલાં કૃણાલે તેના માસા હિતેષભાઈ પટેલ સમક્ષ કેનેડા ભણવા જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ત્યારબાદ માસા મારફતે ભુમિકાબેન સાથે સંપર્ક થતાં 4 એપ્રિલ, 2022ના રોજ દહેગામના વેદ સ્ટુડિયો ખાતે મિટિંગ થઈ હતી. તે સમયે વિઝા મેળવવાની પ્રોસેસ માટે યુવકે શરૂઆતમાં ગૂગલ પે અને આરટીજીએસ મારફતે રૂ. 55,000 ચૂકવ્યા હતા. આ પછી મહિલા એજન્ટે પોતાની ઓફિસે બોલાવી વર્ષ 2022થી 2023 દરમિયાન વિઝા ખર્ચ પેટે અલગ-અલગ ઓનલાઈન ટ્રાન્ઝેક્શનથી રૂ.22.92 લાખ અને રૂ. 2 લાખ રોકડા મળીને કુલ રૂ. 24.92 લાખ મેળવી લીધા હતા.

## ગાંધીનગરમાં બે વર્ષની સરખામણીએ ચાલુ સીઝનમાં વરસાદની અડધી ઘટ: વાદળછાયા વાતાવરણ વચ્ચે ઝાપટાં

**ગાંધીનગર, તા.23**

ગાંધીનગરમાં ચોમાસાની સીઝન દર વર્ષે અલગ પેટર્ન દર્શાવે છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર અને હવામાન વિભાગના પાછલા બે વર્ષના ડેટા પર નજર કરવામાં આવે તો ગાંધીનગર જિલ્લા પર મેઘરાજા ખાસા મહેરબાન રહ્યા હતા. વર્ષ 2024 અને 2025 દરમિયાન જિલ્લામાં સીઝનનો સરેરાશ 100 ટકાથી પણ વધુ વરસાદ નોંધાયો હતો. જેના કારણે દહેગામ, કલોલ, માણસા અને ગાંધીનગર તાલુકામાં ભૂગર્ભ જળસ્તર ઊંચા આવ્યા હતા. જોકે આ વર્ષે જિલ્લામાં હજુ સુધી મોસમનો માત્ર 16.42 ટકા જેટલો



જ વરસાદ નોંધાયો છે.

ગાંધીનગરમાં બે વર્ષની સરખામણીએ ચાલુ સીઝનમાં વરસાદની અડધી ઘટ વર્તાઈ રહી છે. છેલ્લા બે વર્ષની વરસાદી પેટર્નમાં ઓગસ્ટ મહિનો ગાંધીનગર માટે સૌથી વધુ વરસાદ આપનારો સાબિત થયો હતો.જેમાં સીઝનનો લગભગ અડધો અડધ વરસાદ પડી જતો હોય છે.જ્યારે જુલાઈ મહિનો બીજા ક્રમે રહ્યો હતો. આનાથી વિપરીત જૂનમાં ચોમાસાની ધીમી શરૂઆત અને સપ્ટેમ્બરમાં વિદાય વખતે વરસાદનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઘટી જતું હોય છે.

પરંતુ ચાલુ વર્ષ 2026ની વાસ્તવિક સ્થિતિ પાછલા વર્ષોના આંકડાકીય રીતે તદ્દન અલગ ચિત્ર ઊભું કર્યું છે. રાજ્યમાં જૂનના મધ્યથી ચોમાસાનો પ્રારંભ થઈ ચૂક્યો હોવા છતાં ચોમાસાના 39 દિવસ વીતી ગયા બાદ પણ ગાંધીનગર જિલ્લામાં હજુ સુધી મોસમનો માત્ર 16.42 ટકા જેટલો જ વરસાદ નોંધાયો છે. પાછલા વર્ષોની સરખામણીમાં જિલ્લામાં અત્યાર સુધીમાં 35 ટકાથી વધુની મોટી વરસાદી ખાધ જોવા મળી રહી છે.જેણે સ્થાનિક ખેડૂતો અને તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાની વર્તમાન પરિસ્થિતિ પર નજર કરીએ તો અત્યાર સુધીમાં કલોલ તાલુકામાં સૌથી વધુ 144 મિલીમીટર, માણસામાં 133 મિલીમીટર અને દહેગામમાં 132 મિલીમીટર વરસાદ નોંધાયો છે. ગાંધીનગર તાલુકામાં સૌથી ઓછો માત્ર 105 મિલીમીટર એટલે કે આશરે 6 ઈંચ જેટલો જ વરસાદ પડ્યો છે. ગાંધીનગર પાટનગર શહેરમાં સીઝનનો કુલ વરસાદ માંડ 150 મિલીમીટર સુધી પહોંચી શક્યો છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

